372

# પંચાયતનો નવો ધારો અને તેનું અમલીકરણ

(ભુરિયા સમિતિની ભલામણને અનુલક્ષીને)

: અહેવાલ લેખન :

ડો. રેખા મહેતા

: સંપાદન :

ચંદ્રકાંતભાઈ બા. ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૦૨

372

# આભાર દર્શન

તા.૨૪-૪-૯૩ના રોજ બંધારણના ૭૩મા સુધારાના કાયદો અમલમાં આવ્યો. દેશભરના ગ્રામ વિસ્તારોમાં પંચાયતીરાજની સંસ્થાઓની અચૂક રચના કરવામાં આવે, તેમને વૈધાનિક દરજ્જો તથા મોભો પ્રાપ્ત થાય તેમજ ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે પંચાયતીરાજની સંસ્થાઓને પૂરતા અધિકારો, સત્તાઓ અને સાધનો ઉપલબ્ધ બને, પંચાયતીરાજની સંસ્થાઓ સાતત્ય, નિશ્ચિતતા અને સામર્થ્ય ભોગવે તેમજ ગ્રામવિસ્તારોના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની સ્થાપના કરવા સક્ષમ અને સમર્થ બને એ પંચાયતના ધારાનો ઉદ્દેશ છે. આ રીતે ૭૩મા બંધારણીય સુધારાએ આખા દેશમાં પંચાયતીરાજ દ્વારા ગ્રામ સ્તર પર સ્વશાસન માટે એક બંધારણીય તક ઊભી કરી છે. તેમાં મહિલાઓ, દલિતો અને આદિવાસીઓને શાસનમાં ભાગીદારી માટે જે તક પૂરી પાડવામાં આવી છે, તેનો બહોળો સ્વીકાર થયો છે.

૭૩મો પંચાયતીરાજ અધિનિયમ એ આદિવાસી વિસ્તારો માટે કઈ રીતે લાગુ પડી શકાય તે વિશે વિચારણા કરવા માટે સંસદે ૧૦ જૂન, ૧૯૯૪ના રોજ શ્રી દિલીપસિંહ ભુરિયાના અધ્યક્ષપદ હેઠળ ૨૨ સભ્યોની બનેલી સમિતિની રચના કરી હતી. આ સમિતિ ભુરિયા સમિતિ તરીકે જાણીતી થઈ. આ સમિતિએ તા.૧૭-૧-૧૯૯૫ના રોજ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો.

આ અહેવાલને અનુરૂપ કાયદો મે, ૧૯૯૫માં સંસદમાં દાખલ કરવામાં આવ્યો અને ૨૪ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ રાષ્ટ્રપતિએ અનુસુચિત વિસ્તારો માટે પંચાયતના નવા અધિનિયમને મંજૂરી આપી તથા દરેક રાજ્ય સરકારને એક વર્ષમાં આ અંગે કાયદો ઘડવાનો આદેશ આપ્યો છે. આ ઘટના લોકશાહી ભારતના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ છે. આ કાયદા દ્વારા આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બંધારણીય માન્યતા મળી છે. ગુજરાત રાજયમાં પણ ગુજરાતના અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ-૧૯૯૮ ઘડવામાં આવ્યો છે. આ એક મહત્વની ઘટના છે. કારણ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૧૫ ટકા જેટલી હોવાથી આ કાયદાનું મહત્વ વધી જાય છે. આઝાદીબાદ પ્રથમવાર આદિવાસીઓ વિશે એક અલગ દૃષ્ટિકોણથી વિચારવામાં આવ્યું છે. આ કાયદામાં આદિવાસીઓના પોતાના ગામનાં સામુદાયિક સંસાધનો, કાયદો અને વ્યવસ્થા, વિકાસનું આયોજન અને અમલીકરણ તથા સંસાધનો ઉપર તેમના અંકુશની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ આ નવા ધારા-કાયદાનું અમલીકરણ કઈ રીતે અને કેટલું થઈ રહ્યું છે ? તે એક

વિચારવાની બાબત છે. આ સ્થિતિમાં આદિવાસી સંશોધન કેન્દ્રની સલાહકાર સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યુ કે આદિવાસી કેન્દ્ર દ્વારા આ સંબંધમાં અભ્યાસ થવો જોઈએ. જેનો આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો અને પંચાયતના નવા ધારાના અમલીકરણ અંગે અભ્યાસ હાથ ધરવાનું નક્કી થયું.

પ્રસ્તુત અભ્યાસમાં અનેક વ્યક્તિઓનો સાથ સહકાર મળ્યો છે જેને ભૂલવું અશક્ય છે. ખાસ તો સલાહકાર સમિતિના સભ્યોનો આભાર માનવો જોઈએ કે જેમણે આ મહત્વના વિષય અંગે ભુરિયા સમિતિની ભલામણથી કાયદો તો બન્યો પણ તેના અમલીકરણની શું પરિસ્થિતિ છે તે અંગે અભ્યાસ કરવાનું જરૂરી છે. ખાસ કરીને અનુસૂચિત વિસ્તારોમાં આ ધારાનું અમલીકરણ કેટલુ અને કેવી રીતે થાય છે? તેમાં કોઈ મુશ્કેલી છે કે કેમ ? તે બધુ જાણવા માટે અભ્યાસ કરવો જરૂરી છે અને તેના દ્વારા લોકો પંચાયતમાં કામ કરતા પદાધિકારીઓ, પંચાયતના સભ્યો વગેરેના અભિપ્રાયો જાણી આ નવા ધારાના અમલમાં કઈ કઈ મુશ્કેલીઓ રહેલી છે તેમજ નવા ધારાને કારણે ગામના વિકાસમાં શું ફેરફારો જણાય છે તેમજ લોકોમાં કેટલી જાગૃતિ છે અને તેઓની ભાગીદારી કેવી જણાય છે વગેરેનો ખ્યાલ અભયાસ દ્વારા આવી શકે છે.

અભ્યાસના પાયાના એકમો જેવા ચાવીરૂપ ઉત્તરદાતાઓ (Key informant) જેવા કે ગ્રામપંચાયતના સભ્યો, સરપંચો, તલાટીઓ, પ્રમુખો, ટી.ડી.ઓ., ડી.ડી.ઓ. તેમજ અન્ય અધિકારીઓ, ગ્રામજનો, સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો તેમજ અન્ય જે કોઈ વ્યક્તિએ આ અભ્યાસ માટે જરૂરી માહિતી આપી સહકાર આપ્યો તે સૌનો આભાર માનવામાં આવે તેટલો ઓછો છે.

આ અભ્યાસ કરવાની જવાબદારી મને સોંપવામાં આવી તે બદલ કેન્દ્રના ભૂતપૂર્વ નિયામકશ્રી ડૉ. સિદ્ધરાજભાઈ સોલંકીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. આ અભ્યાસ અંગે મહત્વના સૂચનો આપવા માટે નિયામક શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાયનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. તેમણે અહેવાલની નાની નાની બાબતોને પણ કાળજીપૂર્વક તપાસી એ અંગે પદ્ધતિસરનું માર્ગદર્શન આપી તેમજ ઉપયોગી સૂચનો દર્શાવી અહેવાલને માહિતીપૂર્ણ બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે તે હું ક્યારેય ભૂલી નહી શકું. આ ઉપરાંત ગુજરાત પંચાયતીરાજ વિકાસ સંગઠનના મંત્રી તેમજ સરપંચ ત્રિમાસિકના સંપાદક શ્રી રમેશભાઈ શાહ તેમજ ઉન્નતિ સંસ્થા દ્વારા પ્રકાશિત પંચાયત જગતના સંપાદક શ્રી હેમંતભાઈ શાહે આ વિષય અંગે ઘણું ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યું છે તેમની ઘણી આભારી છું.

અભ્યાસના અંતે તારણી અને સૂચની દર્શાવ્યા છે જેથી નવા ધારાને કાર્યાન્વિત કરવા માટે શું પગલાં લેવાં, તેમાં કેવો ફેરફાર કરવો વગેરે વિચારી શકાય. આદિવાસીઓની જીવનશૈલી જુદી હોવાથી તેમના માટે અલગ કાયદો થયો છે. એના અમલીકરણ માટે પણ ગંભીરતાથી વિચારવું જોઈએ જેથી આ નવા ધારાનું અમલીકરણ વેગીલું બને.

આ અભ્યાસને બને તેટલો સારો અને માહિતીપૂર્ણ બનાવવાના મારા પ્રયત્નો ત્યારે સફળ થયા ગણાશે જયારે આ વિષય સાથે સંકળાયેલી વ્યક્તિઓને ઉપયોગી નીવડશે.

તા.૧૫-૫-૨૦૦૨

**રેખા કે. મહેતા**

"કેન્દ્રીય સરકારમાં બેઠેલા ૨૦ માણસોથી ચાલતા તંત્રને સાચી લોકશાહી ન કહેવાય. લોકશાહી તો છેક નીચલા સ્તરથી ચાલવવી જોઈએ. અર્થાત દરેક ગામડાના લોકો જ લોકશાહીનું સાચું ચાલકબળ બની શકે".

**- મહાત્મા ગાંધી**

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા | ૧ |
| ૨. | પંચાયતનો નવો ધારો | ૧૨ |
| ૩. | ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ | ૧૮ |
| ૪. | ઓરિસ્સા, પશ્ચિમબંગાળ અને ચીનના અનુભવો (પંચાયતોના સંદર્ભમાં) | ૫૦ |
| ૫. | ગુજરાતમાં નવા ધારાનું અમલીકરણ | ૫૯ |
| ૬. | તારણો અને સૂચનો | ૬૭ |
| | **પરિશિષ્ટ** | |
| | સંદર્ભસૂચી | ૮૬ |

## કોઠા સૂચિ


| કોઠા નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો | ૧૯ |
| ૨ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો | ૨૦ |
| ૩ | ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો | ૨૦ |
| ૪ | ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો | ૨૧ |
| ૫ | ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો | ૨૧ |
| ૬ | ઉત્તરદાતાની વાર્ષિક આવક | ૨૨ |
| ૭ | ઉત્તરદાતાને દેવું છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૨૩ |
| ૮ | દેવું કોની પાસેથી લીધું તે દર્શાવતો કોઠો | ૨૪ |
| ૯ | ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૨૪ |
| ૧૦ | ઉત્તરદાતા પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શવતો કોઠો | ૨૫ |
| ૧૧ | ઉત્તરદાતાઓની જાતિ દર્શાવતો કોઠો | ૨૫ |
| ૧૨ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો | ૨૬ |
| ૧૩ | ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો | ૨૬ |
| ૧૪ | ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો | ૨૭ |
| ૧૫ | ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો | ૨૭ |
| ૧૬ | ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો | ૨૮ |
| ૧૭ | ઉત્તરદાતાને દેવુ છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૨૯ |
| ૧૮ | ઉત્તરદાતાએ દેવું શામાટે, કોનું, કેટલું લીધેલું તે દર્શાવતો કોઠો | ૨૯ |
| ૧૯ | ઉત્તરદાતાનો લગ્નનો દરજ્જો દર્શાવતો કોઠો | ૩૦ |
| ૨૦ | ઉત્તરદાતાના ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૩૦ |
| ૨૧ | ઉત્તરદાતા પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૩૧ |
| ૨૨ | ઉત્તરદાતાની જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૩૧ |
| ૨૩ | ઉત્તરદાતાઓની જાતિ દર્શાવતો કોઠો | ૩૨ |
| ૨૪ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો | ૩૨ |
| ૨૫ | ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો | ૩૩ |
| ૨૬ | ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો | ૩૩ |
| ૨૭ | ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો | ૩૪ |
| ૨૮ | ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો | ૩૪ |
| ૨૯ | ઉત્તરદાતાની દેવાની પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૩૫ |
| ૩૦ | દેવું કોનું શામાટે અને કેટલું તે દર્શાવતો કોઠો | ૩૫ |

| કોઠા નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૩૧ | ઉત્તરદાતાનો લગ્નનો દરજ્જો દર્શાવતો કોઠો | ૩૬ |
| ૩૨ | ઉત્તરદાતાના ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૩૬ |
| ૩૩ | ઉત્તરદાતાની પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૩૭ |
| ૩૪ | ઉત્તરદાતા પાસે જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૩૭ |
| ૩૫ | ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો | ૩૮ |
| ૩૬ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો | ૩૮ |
| ૩૭ | ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો | ૩૯ |
| ૩૮ | ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતો કોઠો | ૩૯ |
| ૩૯ | ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો | ૪૦ |
| ૪૦ | ઉત્તરદાતાને દેવું છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૪૦ |
| ૪૧ | દેવું છે તો કોનું શા માટે અને કેટલું છે? તે દર્શાવતો કોઠો | ૪૧ |
| ૪૨ | ઉત્તરદાતાના ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૪૨ |
| ૪૩ | ઉત્તરદાતાની જમીન દર્શાવતો કોઠો | ૪૨ |
| ૪૪ | ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો | ૪૩ |
| ૪૫ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો | ૪૪ |
| ૪૬ | ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો | ૪૪ |
| ૪૭ | ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતો કોઠો | ૪૫ |
| ૪૮ | ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો | ૪૫ |
| ૪૯ | ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો | ૪૬ |
| ૫૦ | ઉત્તરદાતાને દેવું છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૪૬ |
| ૫૧ | ઉત્તરદાતાને કોનું, શામાટે અને કેટલું દેવું છે તે દર્શાવતો કોઠો | ૪૭ |
| ૫૨ | ઉત્તરદાતાની ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૪૭ |
| ૫૩ | ઉત્તરદાતા પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો | ૪૮ |
| ૫૪ | ઉત્તરદાતાઓની જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૪૮ |

# પ્રકરણ - ૧

# પૃષ્ઠભૂમિ

**પ્રાસ્તાવિક :**

આધુનિક યુગ લોકશાહીનો યુગ છે. આ લોકશાહીમાં દેશના તમામ નાગરિકોને રંગ, ધર્મ, લિંગ અને પ્રદેશના ભેદભાવ વગર મતાધિકાર દ્વારા રાજકારણમાં સક્રિય રીતે ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ થાય અને આમ જનતામાંથી નીચલામાં નીચલા વર્ગને પણ સત્તાનો ઉપભોગ કરવા માટેની તક મળે એ માટે પંચાયતીરાજ ગ્રામીણ સ્તરની રાજનૈતીક વ્યવસ્થા છે. એટલે કે દેશનો દરેક નાગરિક રાજનૈતિક પ્રક્રિયામાં સહભાગી થઈ શકે તે માટે ભારતીય બંધારણમાં ૭૩મા બંધારણીય સુધારા દ્વારા આ માટે જોગવાઈ કરવામાં આવી છે. આ રીતે સમાજના છેલ્લામાં છેલ્લા માણસને પોતાનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ કરવાની તક મળે છે. ગ્રામપંચાયત વર્ષોથી વિકાસલક્ષી કાર્ય કરતી આવી છે. આજે પણ સરકારના વિકાસલક્ષી કાર્યક્રમમાં ગ્રામપંચાયતોને સાંકળવામાં આવી છે.

થોડા સમય પહેલાં ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે પધારેલા અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ક્લિન્ટન રાજસ્થાનના નાયલા ગામની પંચાયતના મહેમાન બન્યા હતા અને ત્યાંના ગ્રામજનો સાથે રૂબરૂ મુલાકાત લઈ વાતચીત કરી હતી. દુનિયાના વિવિધ પ્રાંતોમાં જયારે જાતિ અને રંગભેદના પ્રશ્ને લડાઈઓ થઈ રહી છે ત્યારે રાજસ્થાનના નાના ગામમાં સામાજિક ભેદભાવ વગર મહિલાઓ, દલિતો અને અન્ય લોકો ગામ વિકાસના કામોમાં સાથે બેઠેલા જોઈ એમણે ભારતની પંચાયતરાજ વ્યવસ્થા વિચારની ભારોભાર પ્રશંસા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે "જયાં મહિલાઓનું આ પ્રકારે સન્માન થતું હોય તે દેશ પછાત કઈ રીતે હોઈ શકે?" ક્લિન્ટનની મુલાકાતથી નાયલા ગામ દેશના નકશા પર જરૂર ચમક્યું. એથી વધુ તો પંચાયતીરાજ વ્યવસ્થા અને લોકશાહીના સિદ્ધાંતોની અમેરિકી રાષ્ટ્રપ્રમુખે નોંધ લીધી તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. ('પંચાયત જગત'માંથી સાભાર)

ગ્રામપંચાયતો આપણી વ્યવસ્થામાં ભૂતકાળથી જ એક મહત્વના અવયવ તરીકે રહેલી છે. ભારતમાં હજારો વર્ષથી પંચાયતીરાજની આ વ્યવસ્થા કોઈને કોઈ સ્વરૂપમાં અસ્તિત્વમાં રહેલી છે. ભૂતકાળથી પંચાયતીરાજ વ્યવસ્થાના દાખલા આપણને વાલ્મિકી રામાયણ, મહાભારત તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જોવા મળે છે. ટૂંકમાં પંચાયતીરાજનો ખ્યાલ આપણા માટે નવો નથી. આપણા દેશમાં પ્રાચીનકાળથી શરૂ કરીને અંગ્રેજો આવ્યા ત્યાં સુધી પંચાયત વ્યવસ્થા એક યા બીજા સ્વરૂપે

કામ કરતી હતી. પ્રાચીન ભારતમાં ગામડામાં પંચાયતોનું મહત્વનું સ્થાન અને આગવો દરજ્જો હતો, ગામડામાં શૂરવીર અને શાણા માણસોની પંચાયત બનતી. પંચાયત કરવેરા ઉઘરાવવાનું, ગામમાં કોઈ વિવાદ કે ઝઘડો થાય તો ન્યાય તોળવાનું અને ગામ લોકોની સુખાકારી જળવાય તે જોવાનું કામ કરતી. શ્રી હીરાલાલ શાહ તેમના પુસ્તક "પંચાયતીરાજ"માં જણાવે છે કે, "દ્રવિડ લોકોની જૂની ગ્રામવ્યવસ્થા અને આર્યોના નવા વિચારોના સમન્વયવાળી ગ્રામવ્યવસ્થા હિંદમાં વિકસી હતી. ગામો લગભગ સ્વતંત્રતા ભોગવતા હતા અને ચૂંટાયેલી પંચાયતો તેનો વહીવટ ચલાવતી હતી. "મનુસ્મૃતિ"માં ગ્રામસંઘો વિષે તેમજ "જાતક કથાઓ"માં ગ્રામસભા એટલે સ્થાનિક ગ્રામજનોની સભા વિષે ઉલ્લેખ છે, કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવેલ છે કે, શહેર, કસબાઓ અને ગામડાંના ઘટકોમાં ઠીક ઠીક પ્રમાણમાં સ્થાનિક, સ્વરાજ્ય હતું અને ચૂંટાયેલા વડીલો આ સ્થાનિક વહીવટ સંભાળતા. સ્થાનિક સ્વરાજને લોકો મહામુલી વસ્તુ લેખતા અને કોઈ રાજા અથવા સમ્રાટ ભાગ્યે જ તેમાં દરમિયાનગીરી કરતા. દસમા સૈકા દરમિયાન રચાયેલા શુક્રાચાર્યના "નીતિસાર" નામના ગ્રંથમાં જણાવાયુ છે કે, ગ્રામપંચાયત પાસે વહીવટ તેમજ ન્યાયની સત્તા સારા પ્રમાણમાં હતી અને તેના સભ્યો સાથે રાજાના અમલદારો ઘણી અદબથી વર્તતા. ગામની જમીનની વહેંચણી પંચાયત કરતી. પાકેલા પાકનો રાજભાગ પણ એ જ ઉઘરાવતી અને ગામવતી તે સરકારને પહોંચાડતી."

"ગ્રામપંચાયતના સભ્યોની ચૂંટણી કેવી રીતે થતી અને તેમની લાયકાત તેમજ ગેરલાયકાત શી હતી એ વિશે દક્ષિણ હિંદના કેટલાક લેખો પરથી આપણને માહિતી મળે છે. જુદી જુદી સમિતિઓ પણ ચૂંટવામાં આવતી અને સ્ત્રીઓ પણ તેની સભ્ય થઈ શકતી. એ સમિતિઓની ચૂંટણી દર વર્ષે કરવામાં આવતી. કોઈ સભ્ય ગેરવ્યાજબી વતર્ન કરે તો તેને કાઢી મૂકવામાં આવતો. કોઈ સભ્ય પ્રજાના નાણાંનો હિસાબ આપવામાં નિષ્ફળ નીવડે તો તે પંચાયતના સભ્ય તરીકે રહેવાને નાલાયક ઠરતો."

ભારત ખેતીપ્રધાન તેમજ ગ્રામપ્રધાન દેશ છે. વસ્તીના લગભગ ૮૦ ટકા લોકો ગામડાઓમાં વસે છે. મહાત્મા ગાંધીએ પણ કહેલું કે મારું ભારત અસંખ્ય ગામડાંઓમાં વસેલું છે. પ્રાચીન ભારતથી ગામડું વહીવટી તંત્રનું સૌથી પાયાનું એકમ રહેલું છે. ગ્રામીણ સમાજનો સર્વાંગી વિકાસ થાય તે મૂળભૂત રીતે પંચાયતીરાજનો પાયો છે.

પંચાયતીરાજ વ્યવસ્થામાં રાજ્યના વિસ્તારને વહીવટી સરળતા ખાતર નાના-નાના પ્રાદેશિક વિભાગમાં વિભાજિત કરી નાખવામાં આવેછે. આ દરેક વિભાગના કાર્યોનો વહીવટ જે સંસ્થા કરતી

હોય તેને પંચાયતીરાજની સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે. આગળ જોયું તે મુજબ પ્રાચીનકાળથી આપણાં દેશના ગામડાંઓનો વહીવટ પંચાયત દ્વારા ચાલતો. "પંચ ત્યાં પરમેશ્વર" એ ઉક્તિ આપણા દેશમાં પ્રખ્યાત છે. ગામના પાંચ ડાહ્યા માણસો ગામનો કારભાર ચલાવે, તેનો વિકાસ કરે અને ન્યાય આપવાનું કામ કરે છે. શ્રમદાન દ્વારા કૂવા, રસ્તા, તળાવ સમારતાં,ધર્મશાળા, મંદિર તેમજ શાળાઓ ઊભી કરતાં. ગામનું રક્ષણ અને ચોકી ગામના લોકો જ કરતાં. આ બધી પરંપરાઓ આપણા દેશમાં પ્રાચીનકાળમાં પ્રવર્તતી હતી. પ્રાચીન અને મધ્યકાલીન યુગમાં ભારતમાં વિદેશીઓના આક્રમણો થતાં રહેતાં તેમજ એકબીજા રાજ્યો વચ્ચે યુદ્ધ થતાં. તે બધા વચ્ચે પણ ગામડાં ટકી રહ્યા. ગવર્નર જનરલ ચાર્લ્સ મેટકાફે ગ્રામપંચાયત વિષે નોંધ્યું છે કે, "ભારતની ગ્રામપંચાયતો નાનાં નાનાં પ્રજાતંત્રો છે. તે પોતાની જરૂરિયાતની બધી જ વસ્તુઓ પેદા કરી લે છે. તે બહારના સંબંધોથી અલિપ્ત છે, યુદ્ધના વાવાઝોડા વખતે જ્યાં બીજી કોઈ વસ્તુ ટકી નથી ત્યાં ગ્રામપંચાયતો કાર્ય કરી રહી હોય તેમ જણાય છે. તેમા દરેક પંચાયત સ્વતંત્ર છે અને સ્વાયત્ત રાજ્ય સમાન છે, ગામડાંની સુખ-શાંતિ, સ્વાયત્તતા અને તેની સ્વતંત્રતા મહદ્અંશે આવી પંચાયતોને આભારી છે".

પ્રાચીન સમયથી ભારતમાં ગામડું પોતાની જરૂરિયાત માટે પોતાના પગ પર ઊભું રહેતું. રાજાઓ બદલાતા તો પણ ગ્રામજીવનની અખંડિતતા રહેતી. રસ્તા અને વાહનવ્યવહારના અભાવે ગામડાંઓ બહરની વિશાળ દુનિયાના સંપર્કમાં જ આવ્યા ન હતા. ઓછી જરૂરિયાત, સાદું જીવન, સ્વાવલંબીતા, કૃષિસંસ્કૃતિની પ્રધાનતા વગેરેને કારણે સૈકાઓ સુધી પરંપરા ચાલુ રહી. પરિણામે નવી હવા, નવી ચેતના, નવા વિચાર કે પ્રગતિ ન આવ્યાં. જૂનું રૂઢિગત જીવન ચાલુ રહ્યું. પંડિત જવાહરલાલ નહેરૂએ તેમના પુસ્તક "જગતના ઈતિહાસનું રેખાદર્શન"માં આ અંગે ચર્ચા કરતાં જણાવ્યું છે કે ગામડાંને જેટલી સ્થાનિક સ્વતંત્રતા અને સ્વાયત્તતા હતી તે બહુ સારી બાબત હતી. પણ એ પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ પ્રત્યે દુર્લક્ષ સેવવું એ બરાબર નથી. બાકીની દુનિયાથી અલગ એવું એક સ્વાયત્ત ગ્રામજીવન પ્રગતિને અનુકૂળ નહોતું. જે વ્યક્તિ કે સમૂહ પોતાનામાં જ રત રહે તે સ્વાર્થી અને સંકુચિત મનનો થવાનો પૂરો સંભવ છે. એથી જ ઘણાં સારા હોવા છતાં ગ્રામપંચાયતો સ્થાપવા ગ્રામસમાજો પ્રગતિના કેન્દ્રો ન બની શક્યા.

બ્રિટીશ અમલમાં પંચાયતોની સ્વાયત્તતા લગભગ અદશ્ય થઈ ગઈ. ૧૯૦૭માં રોયલ કમિશનના અહેવાલમાં નોંધ કરવામાં આવી છે કે, પહેલાં આ ગામડાંને મોટા પ્રમાણમાં સ્વાયત્તતા હતી પણ સ્થાનિક દીવાની અને ફોજદારી અદાલતો અત્યારની મહેસુલી અને પોલીસ વ્યવસ્થાથી,

વાહનવ્યવહારના વધારાથી, વ્યક્તિ સ્વાતંત્ર્યના વિકાસથી અને મહેસુલી રૈયતવાળી પદ્ધતિ દાખલ થવાથી એ સ્વાયત્તતા હવે અદશ્ય થઈ ગઈ છે.

પંચાયતી વ્યવસ્થાને કારણે લોકોમાં ગ્રામ સ્વાવલંબન અને ગ્રામ સ્વરાજની ભાવના વિકસી. પરંતુ એથી રાષ્ટ્રીય ભાવનાને પોષણ મળ્યું નહિ. પોતાના ગામના રક્ષણની કાળજી લેનારા ગામ તથા ધર્મની રક્ષા માટે મરી ફીટનારા ગ્રામવાસીઓ દેશ પર થયેલા આક્રમણની ચિંતા કરી શકતા નથી. દેશમાં અંગ્રેજી શાસન કાયમી થતાંની સાથે જ પરદેશી શાસકોએ પોતાની સત્તા મજબુત કરવાના આશયથી આપણી પંચાયતી વ્યવસ્થાનો ગણતરીપૂર્વક નાશ કર્યો. સમય જતાં દેશમાં જાગૃત થતી જતી સ્વરાજયની સ્થાનિક સ્વરાજયના અંગ તરીકે એ જ હકૂમત દ્વારા દેશના કેટલાક પ્રાંતોમા પંચાયતની પુનઃસ્થાપના થઈ.

૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા. એમણે જણાવ્યું કે, "ભારત એક રીતે પ્રજાસત્તાક દેશ રહ્યો છે અને તેના મૂળમાં ગ્રામપંચાયતો છે." તેમણે પરદેશી શાસનને દૂર કરવા માટે સ્વાધીનતાની લડતના મંડાણ કર્યા. સાથે સાથે એમણ દેશની સમક્ષ સ્વાધીન ભારત અંગેનું ચિત્ર સ્પષ્ટ કરવા માંડ્યું. ગ્રામસ્વરાજયને તેમણે સ્વાધીન ભારતનો પાયો ગણાવ્યો અને દરેક ગામ સંપૂર્ણપણે પ્રજાસત્તાક હોવું જોઈએ એમ તેઓ માનતા હતા. ગાંધીજીની ગ્રામસ્વરાજયની કલ્પનામાં હંમેશા ગામનું કેન્દ્રસ્થાને રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા જાળવવી હોય, બહુજન સમાજની શક્તિઓ અને તેનું કલ્યાણ થાય તેવું કરવું હોય તો સત્તાનું વિકેન્દ્રકરણ કરવું જ જોઈએ તેમ તેઓ સ્પષ્ટ માનતા હતા. પંચાયતોને જેટલી વધુ સત્તા સોંપાશે તેટલું પ્રજાનું ભલું થશે તેમ તેઓ માનતા હતા. આમ, ગાંધીજી અને સ્વરાજ એ બે શબ્દો એકબીજાની સાથે એવી રીતે સંકળાયેલા છે કે ગ્રામસ્વરાજની વાત કરીએ ત્યારે ગાંધીજીને ભૂલી શકાતા નથી.

ગ્રામસ્વરાજ અંગે ગાંધીજીએ જણાવ્યુ હતુ કે, "મારા સ્વપ્નનું સ્વરાજ એ ગરીબોનું સ્વરાજ છે. ધનિકવર્ગ જીવનમાં જે સગવડોનો ઉપયોગ કરે છે તે સામાન્ય વ્યક્તિને પણ સુલભ હોવી જોઈએ. પરંતુ તેનો અર્થ એવો નથી કે ગરીબોને પણ મહેલો હોવા જોઈએ, પરંતુ ધનિકવર્ગ ભોગવતો હોય એવી જીવનની બધી સામાન્ય સગવડો તેમને મળવી જોઈએ અને ત્યાં સુધી એ પૂર્ણ સ્વરાજ બનતું નથી."

"મારા સ્વપ્નના સ્વરાજમાં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાન નથી. તેમજ તે ભણેલાનો કે ધનિકોનો ઈજારો નહિ હોય. સ્વરાજ બધાને માટે હશે. બધામાં ખેડૂતો અને ખાસ કરીને અપંગ, ભૂખે મરતા કરોડો મહેનતુ લોકોનો સમાવેશ થાય છે."

ગાંધીજીએ પોતાના છેલ્લા દિવસો દરમ્યાન પણ વારંવાર કહ્યું કે મજબુત પંચાયતો જ ભારતના નવનિર્માણને શક્ય બનાવશે. આપણો દેશ સંપૂર્ણ લોકશાહી હોવા છતાં આઝાદીના ૫૦ વર્ષબાદ આપણે ગાંધીજીના સ્વરાજના સ્વપ્નને કેટલું સિદ્ધ કરી શક્યા છીએ તે એક વિચારવાની બાબત છે. જો કે ૭૩મો બંધારણીય સુધારો આ દિશામાં એક નોંધપાત્ર પહેલ છે તે આપણે જાણીએ છીએ.

જો કે આઝાદી મળ્યાની સાથે લોકશાહીના પાયા ઉપર ઘડવામાં આવેલા આપણાં બંધારણમાં ગ્રામસ્વરાજ્યની સંસ્થા તરીકે પંચાયતનું મહત્વ સ્વીકારવમાં આવ્યું. તેના પરિણામે દેશના મોટાભાગના રાજ્યોમાં ગામેગામ પંચાયત અને વિકાસના કાર્યક્રમોને ખૂબ વેગ મળ્યો. આપણા બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ ૪૦માં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે "ગ્રામપંચાયતોની રચના કરવા તેમજ જરૂરી સત્તા અને અધિકારો આપી સમગ્ર રીતે સ્વરાજના પાયાના એકમ તરીકે કાર્યશીલ કરવાના પગલાં લેવાની ફરજ થશે." દેશના વિકાસ માટે અનેક મોટી યોજનાઓ અને મહત્વના કાર્યો હાથ ધરવામાં આવ્યાં. પરંતુ દેશની કરોડરજ્જુ સમાન આપણાં અસંખ્ય ગામડાંઓનો વિકાસ ન થાય ત્યાં સુધી મહાકાય અને મોટી લેખાતી વિકાસ યોજનાઓનો અર્થ નથી. આ અસંખ્ય ગામડાંઓના વિકાસ અર્થે દેશભરમાં સામુહિક વિકાસ યોજનાનો મોટી ધામધુમ સાથે પ્રારંભ કરવામાં આવ્યો. થોડો વખત દેશભરમાં ગામડાંઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પરંતુ વખત જતાં ક્રાંતિકારી લેખાતી સામૂહિક વિકાસ યોજના વહીવટી ઢાંચાઓમાં અટવાવા લાગી. લોકોનો ઉત્સાહ ઓસરવા લાગ્યો. કારણ ગ્રામસ્વરાજ્યની પાયાની સંસ્થા પંચાયતને ભૂલી જવામાં આવી હતી.

**પંચાયતીરાજનું મહત્ત્વ :**

ગામડાંના વિકાસ અર્થે હાથ ધરવામાં આવેલી સામૂહિક વિકાસ યોજનામાં લોકોને સાચા અર્થમાં ભાગીદાર બનાવવા માટે રાજ્ય સરકારમાં કેન્દ્રિત થયેલ સત્તા તેમજ વહીવટનું વિકેન્દ્રીકરણ કરી કેવળ ગ્રામકક્ષાએ જ નહિ પણ ગ્રામકક્ષાથી માંડીને જિલ્લાકક્ષા સુધી લોકશાહી માળખાનું નિર્માણ કરવાનું કેવળ આવશ્યક જ નહીં પણ અનિવાર્ય જણાયુ અને આ માળખું એ પંચાયતીરાજ. પંચાયતીરાજ એ આપણે આગળ જોયું તેમ કોઈ નવો પ્રયોગ નથી. પરંતુ પંચાયતી ભાવના અને વિચાર ઉપર આધારિત અને સહજ સ્વાભાવિક ક્રમમાં વિકસેલો એવો લોકશાહી વિકેન્દ્રીકરણનો નક્કર કાર્યક્રમ છે. દેશના ઝડપી વિકાસ માટે અને નૂતન સમાજની રચના માટે સમાજવાદનો કાર્યક્રમ સ્વતંત્ર ભારતમાં સ્વીકારવામાં આવ્યો છે. તેના એક ભાગરૂપે પણ પંચાયતીરાજનું મહત્વ વધી જાય છે.

**પંચાયતીરાજની શરૂઆત / ઈતિહાસ :**

વિકાસ યોજનાઓ કઈ રીતે કાર્યક્ષમ અને અસરકારક બને તેની વિચારણા કરી ઉપાય સૂચવવા માટે ઈ.સ. ૧૯૫૬માં શ્રી ગોવિંદ વલ્લભ પંતના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ દ્વારા શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષ પદે એક પેટા સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિનું મુખ્ય કામ ગ્રામ કક્ષાએ વિકાસ યોજનાઓ કઈ રીતે સફળ થાય તે વિષે રચનાત્મક સૂચનો કરવાનું કહ્યું. આ સમિતિના સભ્યોએ સમગ્ર દેશનો પ્રવાસ કરીને સામૂહિક વિકાસ યોજનાઓ અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજનાઓના કાર્યો અને કાર્યપદ્ધતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેમના નિરીક્ષણમાં સ્પષ્ટ દેખાયું કે સામૂહિક વિકાસ કાર્યોમાં જોઈએ તેટલા પ્રમાણમાં લોકો સહકાર આપતા નથી. જે લોકો માટે કાર્યક્રમો કે યોજનાઓ ગોઠવવામાં આવ્યા છે તે લોકોને તેનો પૂરેપૂરો લાભ મળતો નથી. જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વહીવટતંત્રનું માળખું પુનર્રચના માગી લે છે.' સમિતિએ આ બધાનો સર્વગ્રાહી વિચાર કર્યો અને સને ૧૯૫૭ના નવેમ્બરમાં એક અભ્યાસપૂર્ણ અહેવાલ રજૂ કર્યો. શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોમાં 'લોકશાહી વિકેન્દ્રીકરણ'ના કેટલાક મૂળભૂત અને પાયાના સિદ્ધાંતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમિતિએ સૂચવ્યું હતું કે વિકાસ કાર્યક્રમમાં જનતાને સર્વાંશે ભાગ લેતી કરવી હોય તો ગ્રામકક્ષાએ યોજના તૈયાર કરી એને અમલી બનાવવા માટે જરૂરી સત્તા અને સાધનો જેની પાસે છે એવા લોકોએ પોતે લોકશાહી રીતે રચેલી સંસ્થાઓને તમામ જવાબદારીઓ સોંપી દેવી જોઈએ.

શ્રી બળવંતરાય મહેતા સમિતિના અહેવાલે દેશ સમક્ષ વહીવટતંત્રમાં આમૂલ પરિવર્તન સૂચવતો લોકશાહી વિકેન્દ્રીકરણનો એક ક્રાંતિકારી કાર્યક્રમ રજૂ કર્યો. વિકાસ કાર્યોમાં કરકસર અને કાર્યક્ષમતા સાધવાના ઉદ્દેશથી રાષ્ટ્રના નવનિર્માણના કામોમાં લોકોનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરવાની ઉત્કંઠાથી તેમજ સામાન્ય વહીવટ અને વિકાસની કામગીરી જિલ્લાકક્ષાએ અને એના નીચેના સ્તરે પાયાની લોકશાહી સંસ્થાઓ સંભાળી શકે તેવું વહીવટી તંત્ર ઊભું કરી આપવાની શુભ ભાવનાથી "પંચાયતીરાજ" દાખલ કરવાની ભલામણ થઈ, સમિતિના તારણો અને ભલામણોને ૧૯૫૮માં નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલે બહાલી આપી. "લોકશાહી વિકેન્દ્રીકરણ" જેવા ભારેખમ શબ્દને બદલે પ્રચલિત "પંચાયતીરાજ" શબ્દ નહેરુએ વાપર્યો. પંડિત જવાહરલાલ નહેરૂએ પંચાયતોને અસરકારક બનાવવા ઉપર ભાર મૂક્યો ત્યારથી "પંચાયતીરાજ" શબ્દ પ્રચલિત થયો.

આમ, સમગ્ર રીતે જોતાં પંચાયતીરાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ અથવા તો લોકશાહી માર્ગે

સામૂહિક વિકાસના કાર્યો કરતી સ્વાયત્ત સંસ્થા એમ કહી શકાય. આ રીતે વિચારીએ તો પંચાયતીરાજના વિચારને ચોક્કસ સ્વરૂપ આપવાનું કામ ૧૯૫૭માં નિમાયેલ બળવંતરાય મહેતા સમિતિએ કરેલ ભલામણોના અનુસંધાનમાં થયું છે. દેશભરમાં સૌ પ્રથમ રાજસ્થાનમાં ૧૯૫૯ના ઓકટોબરમાં પંચાયતીરાજની શરૂઆત થઈ. ૧૯૫૯ના નવેમ્બરથી આંધ્રપ્રદેશ અને ૧૯૬૨ની મે માસથી મહારાષ્ટ્રમાં પંચાયતીરાજ અમલમાં આવ્યું.

ગુજરાતનો પંચાયતી કાયદો બીજાં રાજ્યોના પંચાયત કાયદાઓની તુલનાએ વિશિષ્ટ કહી શકાય તેવો હતો. સત્તા અને વહીવટ લોકશાહી રીતે વિકેન્દ્રિત કરી ગુજરાતમાં પંચાયતીરાજની શુભ શરૂઆત તા.૧-૫-૬૩ના રોજ કરવામાં આવી હતી. રાજ્યની સો ટકા મહેસુલીઆવક ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ સ્વરૂપે આપનાર ગુજરાત ત્યારે દેશભરમાં એકમાત્ર રાજ્ય હતું. દરેક પંચાયતને તાલીમ પામેલા પંચાયત મંત્રીની સેવાઓ ઉપલબ્ધ કરવમાં આવી. સમાજના નબળા વર્ગો માટે ગ્રામ,તાલુકા અને જિલ્લા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિઓ ફરજિયાત રચવામાં આવી. ગ્રામીણ પ્રજાને ઘર આંગણે સરળ અને ઝડપી ન્યાય મળે તે હેતુથી સમાધાનપંચ અને ન્યાયપંચાયતની જોગવાઈ કરાઈ. તેમજ પંચાયતીરાજનો લોકાભિમુખ વહીવટ, વિકાસ કામોમાં પ્રજાનો સક્રિય સહકાર અને સામેલગીરી તેમજ પંચાયત કાયદાની કેટલીક વિશિષ્ટ જોગવાઈ (ભાગીદારી)ઓને કારણે ગુજરાતનું પંચાયતીરાજ દેશભરમાં દૃષ્ટાંતરૂપ બન્યું.

પંચાયતીરાજની રચનાથી ભારતની ગ્રામીણ પ્રજામાં ભારે ઉત્સાહ પ્રગટ્યો. ઘર આંગણે જાણે સ્વરાજગંગા આવી એવો આનંદ થયો. નવું ગ્રામનેતૃત્વ ઊભરી આવ્યું. પ્રજાએ સ્વેચ્છાએ આપેલા લોકફાળામાંથી વિકાસના કાર્યક્રમ થવા લાગ્યા. ગામડાંમાં જાગૃતિ અને નવચેતના આવ્યા.

૧૯૬૦-૬૮ દરમ્યાન પંચાયતીરાજે સારો વિકાસ કર્યો. ગામડાંમાં પાણી, રસ્તા, નિશાળના ઓરડા આરોગ્યસેવા વગેરે માટે લોકો ધારાસભ્ય કે સંસદસભ્યને બદલે પંચાયતી રાજ્ય સંસ્થાઓના હોદ્દેદારો અને અધિકારીઓને મળીને પ્રશ્નો ઉકેલતા થયા છે. પંચાયતીરાજના પ્રથમ દસકામાં ગુજરાતમાં સંખ્યાબંધ વિકાસ કામો થયાં તે પ્રત્યે સમગ્ર દેશનું ધ્યાન દોરાયું.

૧૯૬૮થી '૭૭ દરમ્યાન કેટલીક રાજ્ય સરકારોએ પંચાયતીરાજ સંસ્થાઓ પ્રત્યે ઓરમાયુ વલણ દાખવ્યું. પંચાયતોને આપેલા અધિકારો પાછા ખેંચ્યા. ચૂંટણી ન કરી ૧૯૭૦ પછી ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક સિવાયના રાજ્યોમાં પંચાયતરાજ માત્ર કાગળ પર જ રહ્યું હતું.

૧૯૭૮માં કેન્દ્ર સરકારે નીમેલી અશોક મહેતા સમિતિએ રાજ્ય બંધારણમાં સુધારો કરી પંચાયતીરાજ સંસ્થાઓને વૈધાનિક દરજ્જો, નિયમિત સાધનો, ચોક્કસ કાર્યક્ષેત્ર અને જરૂરી અધિકારો આપવા ભલામણ કરી. અખિલ હિંદ પંચાયત પરિષદની માંગણી તરફ કોઈએ ધ્યાન આપ્યું નહિ.

રાજીવ ગાંધીએ રાજ્ય બંધારણમાં સુધારો કરી પંચાયતીરાજને વૈધાનિક દરજ્જો આપવા માટે ૧૫મે, ૧૯૮૯ના રોજ બંધારણના ૧૪મા સુધારાનું બિલ લોકસભામાં રજૂ કર્યું. રાજ્યસભામાં એ પસાર ન થઈ શક્યું. લોકસભાની ચૂંટણીઓ પછી નેશનલ ફ્રન્ટ સત્તા પર આવ્યો. વી.પી. સિંહ વડાપ્રધાન થયા અને બંધારણમાં ૭૩મા સુધારાનું બિલ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૯૦ના રોજ દાખલ કરવામાં આવ્યું. ૯ નવેમ્બર, ૧૯૯૦ના રોજ વી.પી. સિંહ વડાપ્રધાન મટી જતાં એ બિલની ચર્ચા ન થઈ.

નરસિંહરાવની સરકારે સપ્ટેમ્બર, ૧૯૯૧માં લોકસભામાં ફરી એ બિલ રજૂ કર્યું. લોકસભા અને રાજસભાએ તેને બહાલી આપી. અર્ધા રાજ્યોની વિધાનસભાઓએ તેને ટેકો આપ્યો. રાષ્ટ્રપતિએ તેને મંજૂરી આપી એટલે રાજ્ય બંધારણના ૭૩મા સુધારાનો કાયદો તા.૨૪-૪-૯૩ના રોજ અમલમાં મુકાયો છે.

દેશભરમાં ગ્રામવિસ્તારોમાં પંચાયતીરાજની સંસ્થાઓની અચૂક રચના કરવામાં આવે. તેમને વૈધાનિક દરજ્જો તથા મોભો પ્રાપ્ત થાય તેમજ ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે પંચાયતીરાજની સંસ્થાઓને પૂરતા અધિકારો, સત્તાઓ, સાધનો ઉપલબ્ધ બને, પંચાયતીરાજ સંસ્થાઓ સાતત્ય, નિશ્ચિતતા અને સામર્થ્ય ભોગવે તેમજ ગ્રામવિસ્તારોના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની સ્થાપના કરવા સક્ષમ અને સમર્થ બને એ પંચાયત કાયદાનો ઉદેશ છે અને તેના અમલમાં લોકો સક્રિય રીતે ભાગીદાર બની શકે તે હેતુથી કેન્દ્ર સરકારે રાજ્યબંધારણની ૭૩મી કલમમાં સુધારો કરી ઐતિહાસિક પગલું ભર્યું છે.

ઉપરોક્ત સુધારાથી દરેક રાજ્યે પોતાના પંચાયત કાયદામાં કેટલીક જોગવાઈઓ ફરજિયાત કરવાની છે. પણ કેટલીક જોગવાઈઓ રાજ્યની વિધાનસભાને કરવાની છૂટ આપવામાં આવી છે. તા.૨૪-૪-૯૪ પહેલાં દરેક રાજ્યે પોતાને ત્યાં પંચાયત કાયદો પસાર કરી અમલમાં મૂક્યો છે. સ્વ.રાજીવ ગાંધીએ પંચાયતીરાજ સુધારા બિલ રજુ કર્યું ત્યારે "પાવર ટુ ધ પીપલ્સ" શબ્દ આપ્યો હતો.

પંચાયતીરાજ આપણા દેશમાં લોકશાહીને ગ્રામવિસ્તારમાં વિસ્તૃત અને સુદઢ બનાવવાનું એક સાધન છે તે એક હકીકત છે. આધુનિક સમયમાં પંચાયતીરાજ વ્યવસ્થા લગભગ દરેક રાજ્ય માટે

કાયમી જેવી બની ગઈ છે. એટલું જ નહિ પણ આ સંસ્થાઓ આધુનિક સમયમાં સમાજવાદી સમાજરચનાની દિશામાં પણ ઉપયોગી બની રહી છે તે વાતનો સ્વીકાર કરવો જરૂરી બને છે.

લેનીને કહ્યું છે કે, "મોટા સમૂહને રાજકારણમાં ખેંચવા માટે મહિલાઓને પણ રાજકારણમાં લાવવી જરૂરી છે. મનુષ્ય જાતિનું અર્ધું અંગ મહિલાઓ મૂડીવાદમાં ઘરના કામના બોજ તળે કચડાઈ રહી છે."

આ સામાજિક હકીકત ભારતદેશે બીજા દેશો કરતા વહેલી સમજીને તેના માટે સદ્ધર પગલાં લીધાં અને મહિલાઓ માટે રાજકારણમાં (પંચાયતોમાં) ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં બંધારણમાં ઘટતો સુધારો કર્યો. ભારતના રાજકીય ઈતિહાસમાં આ એક ક્રાંતિકારી અને પ્રશંસનીય ઘટના છે. આને લીધે દેશભરમાં એક મુક ક્રાંતિ શરૂ થઈ. આટલી બધી મહિલાઓને એક સાથે પ્રથમ વખત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળે છે. ભારતના રાજકારણમાં તેમજ સમાજજીવનમાં આના ઊંડા પ્રત્યાઘાત પડશે. આ સુધારો ખરેખર આવકારવા જેવો છે. કારણ આપણા પરંપરાગત સમાજમાં મહિલાઓના પૂરા સાથ સહકાર અને ભાગ લેવાની પ્રતિક્રિયા વગરની લોકશાહીનો કશો અર્થ રહેતો નથી.

ગુજરાતમાં પંચાયતીરાજ સને ૧૯૬૩થી અમલમાં આવ્યું હતું. આ પંચાયતીરાજ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ મુજબ ચાલતું હતું. પરંતુ ૧૯૯૨નો ૭૩મો બંધારણીય સુધારા અધિનિયમ અમલમાં આવતાં તેની મહત્વની જોગવાઈઓને સમાવીને સને ૧૯૯૩માં નવો પંચાયતધારો ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ઘડવામાં આવ્યો. ભુરિયા સમિતિના રિપોર્ટના આધારે અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ ૧૯૯૮, ગુજરાત ઘડવામાં આવ્યો. આ નવા કાયદાનું અમલીકરણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં થાય છે કે કેમ ? તે અંગે કેન્દ્ર દ્વારા એક સંશોધન અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**અભ્યસાનું મહત્વ :**

આઝાદી બાદ ભારતનું નવું બંધારણ ઘડાયું. તેમાં પછાતવર્ગના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ તેમજ જોગવાઈઓ કરવામાં આવી. રાજ્ય સરકાર દ્વારા પણ નબળા વર્ગો જેવાકે અનુસુચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તેમજ સ્ત્રીઓ વગેરેના વિકાસ માટે અનેક જુદી જુદી યોજનાઓ અને જોગવાઈઓ કરવામાં આવી છે. આ રીતે પ્રજાસત્તાક ભારતમાં સમાજવાદી સમાજની સ્થાપના કરવાનું લક્ષ્ય રહ્યું છે. એવો સમાજ કે જેમાં દરેક વ્યક્તિ સુખી હોય, પ્રસન્ન હોય. પંચાયતીરાજના નવા

ધારામાં પણ આ બાબતને મહત્વ અપાયું છે. તેમાં પણ સમાજના નબળા વર્ગોને પ્રતિનિધિત્વ આપી ક્રાંતિકારી અને ઐતિહાસિક પગલું ભર્યું છે. ભારતના રાજકીય ઈતિહાસમાં કદી ન થયું હોય તેવી અભૂતપૂર્વ ઘટના ૭૩મા બંધારણીય સુધારાને કારણે બની છે. અનામત બેઠકોને કારણે ઘણી મોટી સંખ્યામાં પછાત વર્ગના પ્રતિનિધિઓ તેમજ સ્ત્રીઓ આજે ગ્રામપંચાયતોમાં કામ કરતા થયા છે. આમ નવા ધારાને કારણે પછાત વર્ગોના વિકાસની એક નવી તક ઊભી થઈ છે. નવું વાતાવરણ સર્જાયુ છે તેથી આ અભ્યાસનું મહત્વ ઘણું છે. આ ઉપરાંત અભ્યાસ માટે કેટલાક ખાસ હેતુઓ પણ રાખ્યા હતા જેમાં,

(૧) ગુજરાતના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં પંચાયતના નવા ધારાંનું અમલીકરણ થાય છે કે કેમ?

(૨) નવા ધારાનું અમલીકરણ કઈ રીતે અને કેટલે અંશે થઈ રહ્યું છે ?

(૩) નવા ધારાના અમલીકરણમાં કઈ કઈ મુશ્કેલીઓ છે?

(૪) નવા ધારાના અમલીકરણની લોકો પર શું શું અસર થઈ છેતે તપાસવું.

**અભ્યાસનું ક્ષેત્ર :**

ગુજરાતના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં નવાધારાના અમલીકરણનો અભ્યાસ કરવા માટે દક્ષિણ ગુજરાતના ડાંગ અને સુરત જિલ્લા, મધ્યગુજરાતનો પંચમહાલ જિલ્લો, ઉત્તર ગુજરાતનો સાબરકાંઠા જિલ્લો તેમજ પશ્ચિમ ગુજરાત (સૌરાષ્ટ્ર)નો જૂનાગઢ જિલ્લો પસંદ કરેલ છે.

**અભ્યાસના ઉત્તરદાતાઓ :**

દરેક જિલ્લામાંથી કુલ ૨૦ ઉત્તરદાતાઓને અભ્યાસમાં લેવાયા છે. જેમાં પંચાયતમાં કાર્ય કરતા ગ્રામપંચાયતના સભ્યો, સરપંચ, તલાટી, ટી.ડી.ઓ, પ્રમુખ, ડી.ડી.ઓ., મહિલા સભ્યો, દલિત સભ્યો, બક્ષીપંચના સભ્યો વગેરેનો સમાવેશ કરેલો છે. પાંચ જિલ્લાના કુલ ૧૦૦ ઉત્તરદાતાઓ અભ્યાસમાં લીધેલા છે.

**અભ્યાસની પદ્ધતિઓ અને પ્રવિધિઓ :**

અભ્યાસમાં દ્વૈતિક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરી જુદા જુદા પુસ્તકો અને સામાયિકો વાંચી વિષય અંગે જાણકારી મેળવી છે.

પ્રાથમિક વિગતો માટે ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિ દ્વારા પ્રશ્નો પૂછી વિગતો એકઠી કરેલી છે. અનુસૂચિમાં ઉત્તરદાતા વિષેની માહિતી ઉપરાંત ગામની ગ્રામપંચાયત તેમજ નવા ધારાના અમલીકરણ વિષે પ્રશ્નો જેવા કે મહિલાઓની અનામત બેઠકો ભરવામાં આવે છે? મહિલાઓની પંચાયતના કામમાં સક્રિય ભાગીદારી છે કે કેમ ? તેઓ મીટીંગમાં આવે છે ખરા ? જંગલની પેદાશોનો વહીવટ કોણ ચલાવે છે. સામાજિક ન્યાય સમિતિની રચના થઈ છે કે કેમ ? ગ્રામસભા લોકોના કાર્ય કરે છે ? વગેરે પ્રશ્નો દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. તેમજ જરૂર લાગે ત્યાં કેટલીક વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લઈને માહિતી મેળવી છે. આ ઉપરાંત કેટલીક માહિતી નિરીક્ષણ દ્વારા મેળવી છે. દા.ત. ગ્રામસભામાં કેટલા લોકો ભાગ લે છે ? શું કાર્યવાહી કરે છે ? પછાત લોકોને બોલવ દે છે? વહીવટની બાબતમાં મહિલા સરપંચો તેમજ મહિલા પ્રમુખો કઈ રીતે કાર્ય કરે છે? ગામના વિકાસ માટે શું કર્યું ? વગેરેનું નિરીક્ષણ કર્યું.

આ રીતે જુદી જુદી સંશોધન પ્રવિધિઓ તેમજ પદ્ધતિઓનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરી છે.

**તા.ક. :** આ સંશોધન અભ્યાસ માટે ૧૯૯૯-૨૦૦૦ વર્ષ દરમ્યાન ક્ષેત્રકાર્ય કરેલું છે. જે તે સમયની સ્થિતિ બતાવી છે.

## પ્રકરણ - ૨

# પંચાયતનો નવો ધારો (ભુરિયા સમિતિના અહેવાલને અનુલક્ષીને)

ભારત દેશનો જો ખરેખર વિકાસ કરવો હોય તો ગામડાંમાં વસતા કરોડો લોકોનો વિકાસ કરવો જોઈએ. આગળ જોયું તે મુજબ ભારતમાં વૈદિક સમયથી ગ્રામસ્વરાજ, ગ્રામપંચાયતો અસ્તિત્વમાં હતી. વૈશાલી ગણતંત્રના જનપદો તો લોકશાહીના એકમ તરીકે પ્રખ્યાત હતા. ગ્રામીણ એકમની સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા ભારતીય ઈતિહાસમાં જાણીતા છે. પંચાયત એ ગ્રામીણ સમાજમાં લોકશાહીના તત્વ અને પાયાના એકમ તરીકે ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. પંચાયત લોકશાહી અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે અતિ મહત્વની સંસ્થા છે.

**પંચાયતીરાજ અને નવોધારો (૭૩મો બંધારણીય સુધારો) :**

સ્થાનિક વહીવટ અને ગ્રામ વિકાસના ભગીરથ કાર્ય માટે પંચાયતીરાજ વ્યવસ્થા ઉત્તમ વ્યવસ્થા છે.

સ્થાનિક શાસન એ શાસનનું એવું રૂપ છે કે જેમાં લોકો જાતે જ પોતાની જરૂરિયાતો તથા ભવિષ્યને માટે નિર્ણય કરે છે. તેઓ પોતાનાથી દૂર-સુદુર એવી સરકાર પર આધાર રાખે નહિ, શાસનના આ સ્વરૂપને ગાંધીજી "સ્વરાજ" કહેતા. વર્તમાન સમયમાં આ વિચાર, "આપણા ગામમાં આપણું રાજ"ના સૂત્ર દ્વારા જાણીતો બન્યો છે. આવું સ્થાનિક શાસન એ માત્ર આદર્શ કે સ્વપ્ન નથી. તે નવા પંચાયતીરાજના કાયદાથી વાસ્તવિકતા બની શકે તેમ છે. નવા પંચાયતીરાજ કાયદાએ પંચાયતને ગામલોકોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ ગ્રામસભાના નિર્ણય પ્રત્યે જવાબદાર, સ્ત્રી-પુરુષ અને સૌ જ્ઞાતિઓની સરખી સહભાગિતાથી સામાજિક ન્યાય અને આર્થિક વિકાસની દિશામાં કામ કરતી કલ્પી છે.

લોકશાહીમાં પ્રજા સતત જાગૃત અને સક્રિય હોય તો જ તેની જડો મજબુત રહે. પ્રજામાં લોકશાહીના મૂલ્યો આત્મસાત કરાવવા માટે રાજકીય ઈચ્છા, તંદુરસ્ત પ્રણાલિકાઓ અને પરંપરાઓની જાળવણી આ ત્રણેય તત્વો આવશ્યક છે. પ્રજાની વિચારધારામાં મોકળાશ અને વિચારતંત્રમાં પરિવર્તન અભિમુખતા આવશ્યક છે. પ્રજાએ સતત વિધેયાત્મક દષ્ટિકોણ રાખી પ્રજાહિત તથા લોકશાહીની જાળવણી માટે સક્રિય રહેવું જોઈએ. વિકેન્દ્રીકરણની પ્રક્રિયા ગામડાંનાં છેલ્લામાં છેલ્લા માણસનો અવાજ કેન્દ્ર સુધી પહોંચાડી શકે એ રીતે ગોઠવવી જોઈએ. પંચાયતના નવા ધારા (૭૩મો બંધારણીય સુધારા)થી સંસદે પંચાયતીરાજને બંધારણીય માન્યતા આપી છે. જેનો આધાર બંધારણની માર્ગદર્શક સિદ્ધાંતની કલમ ૪૦માં દર્શાવ્યા મુજબ આ પ્રમાણે છે :

સ્વાયત્ત સરકારના એક સ્વતંત્ર એકમ તરીકે ગ્રામપંચાયત કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકારો અપાશે. આ જોગવાઈ મુજબ પ્રજાની ભાગીદારી પ્રાપ્ત કરવા અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં પ્રજાનો ફાળો પ્રાપ્ત કરવા માટે ડિસેમ્બર ૧૯૯૨માં ભારતની સંસદે પંચાયત અધિનિયમ પસાર કરી સ્થાનિક સ્વરાજની સંસ્થાને કાયદાકીય જોગવાઈથી માન્યતા આપી છે. સંસદે આ પગલું ભરી પ્રજાની સ્થાનિક નેતાગીરીને મહત્વ આપવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યોને પોતાના સામાજિક, રાજકીય અને આર્થિક પૃષ્ટભૂમિકાને અનુરૂપ કાયદો બનાવવાની સ્પષ્ટ સૂચના આપી છે. બંધારણના ભાગ-૯માં આ પંચાયત અધિનિયમનો સમાવેશ કરવામાં આવ્યો છે અને સંસદે બંધારણની અનુસૂચિ ૧૧માં પંચાયતો માટે ૨૦ જુદા જુદા વિકાસલક્ષી કાર્યક્રમોની યાદી આપી છે. આમ પંચાયતને લગતો નવો ધારો એટલે કે ૭૩મો બંધારણીય સુધારો એપ્રિલ ૨૪, ૧૯૯૩થી અમલમાં આવ્યો."

**૭૩મા બંધારણી સુધારાની મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) દરેક પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલ લોકોની બનેલી ગ્રામસભા હોવી જોઈએ.

(૨) ગ્રામસભાને રાજ્ય વિધાનસભાની જેમ કાયદા દ્વારા જરૂરી સત્તા મળવી જોઈએ.

(૩) ત્રિસ્તરીય પંચાયતોની (ગામ, તાલુકા અને જિલ્લા)ની રચના તથા જે રાજ્યની વસતિ ૨૦ લાખથી ઓછી હોય ત્યાં દ્વિસ્તરીય (ગ્રામ અને જિલ્લા) પંચાયતોની રચના કરવી.

(૪) પંચાયતોની ચૂંટણી બધા સ્તરે સીધી થવી જોઈએ. ગ્રામપંચાયત સ્તરે પંચાયતના વડાની ચૂંટણી રાજ્ય સરકારો નક્કી કરશે. તાલુકા તથા જિલ્લા સ્તરે પ્રમુખોની ચૂંટણી ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય.

(૫) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ માટે વસ્તીના પ્રમાણમાં બેઠકો અનામત રહેશે. મહિલાઓ માટે તમામ સ્તરે ત્રીજા ભાગની બેઠકો અનામત રહેશે. મહિલાઓની બેઠકો ફરતી રહેશે.

(૬) આજ પ્રમાણે સરપંચના હોદ્દામાં તેમજ તાલુકા પંચાયત / જિલ્લા પંયતના અધ્યક્ષના હોદ્દામાં પણ મહિલાઓ માટે ત્રીજા ભાગના હોદ્દાઓ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં હોદ્દાઓ અનામત રહેશે. અન્ય પછાત વર્ગો માટે પણ રાજ્ય સરકારો સ્થાનિક વસ્તીને ધ્યાનમાં રાખીને અનામત રાખી શકે.

(૭) પંચાયતોની સમયાવિધ પાંચ વર્ષની રહેશે. જે પંચાયતોનું વિસર્જન કરવામાં આવે તેની છ મહિનામાં ફરી ચૂંટણી કરવી આવશ્યક રહેશે. કાર્યકાળ પૂરો થયા પહેલાં બરખાસ્ત કરવામાં આવેલી પંચાયતના સ્થાને ચૂંટવામાં આવેલી પંચાયત માત્ર બાકીના સમય માટે જ અમલમાં રહેશે.

(૮) રાજ્યે કાયદા દ્વારા કર, ફી, લેવી ઉઘરાવવા પંચાયતોને જરૂરી સત્તા આપવાની રહેશે. બંધારણીય સૂચિ-૧૧માં દર્શાવેલા વિષયો ઉપર વિકાસ તથા સામાજિક ન્યાય માટે યોજનાઓ તથા કાર્યક્રમો પંચાયતો બનાવી શકે તે માટે રાજ્ય સરકારોએ જરૂરી સત્તા પંચાયતોને આપવાની રહશે. વિકાસ કાર્યો માટે ૭૪મા બંધારણીય સુધારા હેઠળ નગરપાલિકા અને પંચાયતો મળીને જિલ્લા કક્ષાએ વિકાસનું આયોજન કરશે. રાજ્ય વિધાનસભા આયોજન માટે નિયમો તથા સમિતિઓની રચના કરશે.

(૯) આ સુધારો અમલમાં આવે તેની સાથે અસ્તિત્વ ધરાવતી પંચાયતો ચાલુ રહેશે, પણ રાજ્યની વિધાનસભા ઠરાવ પસાર કરી આ પંચાયતોનું વિસર્જન કરી શકશે. આ સુધારાના અમલમાં આવ્યાના એક વર્ષની અંદર રાજ્યોએ નવો કાયદો બનાવવો પડશે અથવા ચાલુ કાયદામાં જરૂરી સુધારા-વધારા કરવા પડશે. આ જોગવાઈ મુજબ એપ્રિલ ૨૪, ૧૯૯૪થી દેશના દરેક રાજ્યમાં પંચાયત ધારો ઘડવામાં આવ્યો છે.

(૧૦) રાજ્યોએ ચૂંટણીઓના સંચાલન માટે ચૂંટણીપંચ તથા નાણાંકીય આયોજન માટે નાણાંપંચની રચના કરવાની રહેશે.

પંચાયતોની આર્થિક સદ્ધરતા માટે રાજ્યના સંકલિત ભંડોળમાં વધારો કરવા અને પંચાયતોને નાણાં ફાળવવા માટે દરેક રાજ્યમાં નાણાંપંચ ભલામણો કરશે.

**ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ :**

કેન્દ્રીય ૭૩મા બંધારણીય સુધારાને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્યે ગુજરાત પંચાયત અધિનિયમ ઓગષ્ટ, ૧૯૯૩ વિધાનસભામાં પસાર કર્યો. આ કાયદો એપ્રિલ ૧૫, ૧૯૯૪થી અમલી બન્યો.નવા પંચાયત ધારામાં પંચાયતની રચના, ચૂંટણી પદ્ધતિ, પંચાયતોની કામગીરી, ગ્રામસભા, જુદી જુદી સમિતિઓ, કર તથા ફંડ, વિકાસ યોજનાઓનું ઘડતર, નાણાંપંચ તથા ચૂંટણીપંચની રચના વગેરે મુખ્ય બાબતો છે.

નવા ધારા મુજબ ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતોની ફરીથી રચના કરવામાં આવી છે. રાજ્ય સરકારે ૧૩,૪૮૯ ગ્રામ પંચાયતોમાંથી ૭,૦૦૦ પંચાયતોની ચૂંટણી જૂન ૧૯૯૫માં કરી હતી. ૧૮૩ તાલુકા અને ૧૯ જિલ્લા પંચાયતોની ચૂંટણી પણ તે સાથે યોજાઈ હતી.

**ગ્રામસભા :**

૭૩મા બંધારણીય સુધારામાં ગ્રામસભાને રાજ્યમાં વિધાનસભા જે રીતે કાર્ય કરે છે તે મુજબ તે કાર્ય કરે તે માટે જરૂરી તમામ સત્તા તેને આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બંધારણીય જોગવાઈને ગુજરાત પંચાયત ધારાની કલમ-૪માં મૂકવામા આવી છે. ગ્રામસભા એટલે "પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલા સભ્યોની બનેલી સંસ્થા". ગ્રામસભાને ગ્રામપંચાયતના કાર્યો સંબંધી અગત્યના નિર્ણયો લેવા માટે જરૂરી સત્તા આપવામાં આવેલી છે.

પંચાયતના નવા ધારા મુજબ વર્ષમાં બે વખત ગ્રામસભા બોલાવવી ફરજિયાત છે. આ ઉપરાંત સરપંચ જરૂરિયાત મુજબ તથા તાલુકા અને જિલ્લા પંચાયત દ્વારા પણ ગ્રામસભાની અસાધારણ બેઠક ગમે ત્યારે બોલાવી શકે છે. પ્રથમ ગ્રામસભા દરેક નાણાકીય વર્ષના મે માસના અંત સુધીમાં બોલાવવી ફરજિયાત છે. આ ગ્રામસભામાં આગલા વર્ષના હિસાબો તથા કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. બીજી ગ્રામસભામાં આવતા વર્ષનું આયોજન થાય છે. આ બન્ને ગ્રામસભામાં લોકભાગીદારી રહેશે તો પંચાયતની પારદર્શકતા તથા જવાબદારી બની રહેશે. ગ્રામસભાની બે સામાન્ય સભાઓ વચ્ચેનો ગાળો ત્રણ મહિનાથી ઓછો હોવો જોઈએ નહીં. સામાન્ય રીતે સરપંચે ઠરાવેલ સમય તથા સ્થળે ગ્રામસભા બોલાવવામાં આવે છે.

ગ્રામસભા એ સ્વરાજનો પાયો છે. તેથી જો ગ્રામસભા મજબૂત બનશે તો જ ભવિષ્યની પંચાયતો મજબૂત બનશે. ૭૩મા બંધારણીય સુધારા દ્વારા ગ્રામસભાને બંધારણીય દરજ્જો મળેલો છે અને તે મુજબ ગ્રામસભાના દરેક સભ્યને શાસન કરવાનો હક મળે છે.

**આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ અંગે ભુરિયા સમિતિનો અહેવાલ :**

ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલયે બંધારણના ભાગ-૯ની જોગવાઈઓ અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા માટેના કાયદાની વિશિષ્ટ બાબતો અંગે ભલામણ કરવા કેટલાક નિષ્ણાતોની એક સમિતિની રચના કરી હતી.

તા.૧૬-૭-૧૯૯૪ના રોજ સમિતિ મળી ત્યારે તેણે સમિતિના અહેવાલની બાબતો અને તે સુપરત કરવા અંગે વિગતવાર વિચારણા કરવા નીચે જણાવેલા સભ્યોનું એક જૂથ રચવામાં આવ્યું હતું.

(૧) શ્રી દિલીપસિંહ ભુરિયા — સાંસદ, સમિતિના અધ્યક્ષ

(૨) શ્રી ખંગપતિ પ્રધાની — સાંસદ

(૩) પ્રા.એમ. કામસન — સાંસદ

(૪) ડૉ. બી.ડી. શર્મા — નિષ્ણાત

(૫) ડૉ. ભૂપિન્દરસિંહ — નિષ્ણાત

(૬) શ્રી બંદી ઓરાન — ઉપાધ્યક્ષ, અનુ.જનજાતિપંચ

(૭) શ્રીમતી સુષ્માસિંહ — સંયુક્ત સચિવ, કન્વિનર

બંધારણના ભાગ-૯ની જોગવાઈઓ અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવામાંથી ઉભા થતા મુદાઓની સમિતિએ વિવિધ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી અનેક બેઠકોમાં લંબાણપૂર્વક ચર્ચા કરી પોતાનો વિગતવાર અહેવાલ તૈયાર કર્યો. આ સમિતિના અધ્યક્ષ શ્રી દિલીપસિંહ ભુરિયા હતા તેથી આ સમિતિનો અહેવાલ ભુરિયા સમિતિના અહેવાલ તરીકે જાણીતો છે. આ સમિતિના અહેવાલને અનુરૂપ કાયદો મે, ૧૯૯૫માં સંસદમાં દાખલ કરવામાં આવ્યો અને ૨૪ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ રાષ્ટ્રપતિએ અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતના નવા અધિનિયમને મંજૂરી આપીછે તથા દરેક રાજ્ય સરકારને એક વર્ષમાં આ અંગે કાયદો ઘડવાનો આદેશ આપ્યો છે. આ ઘટના લોકશાહી ભારતના ઈતિહાસમાં સીમા ચિન્હરૂપ છે. આઝાદીના ૫૦ વર્ષ બાદ પ્રથમવાર આદિવાસીઓ અંગે એક અલગ દ્રષ્ટિકોણથી વિચારવામાં આવ્યું એ એક મહત્વની ઘટના છે. ગુજરાતમાં તો ૧૪.૯૨ ટકા (૧૯૯૧) વસ્તી આદિવાસીઓની છે ત્યારે આ કાયદાનું મહત્વ ઘણું વધી જાય છે. આ કાયદામાં આદિવાસીઓના પોતાના ગામનાં સામુદાયિક સંશાધનો, કાયદો અને વ્યવસ્થા, વિકાસનું આયોજન અને અમલીકરણ તથા સંશાધનો પર તેમના અંકુશની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદા દ્વારા આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બંધારણીય માન્યતા મળી છે.

રાજ્યની વિધાનસભા એવો કોઈ કાયદો નહીં બનાવી શકે જે આદિવાસી પરંપરાગત વ્યવસ્થાને (ધાર્મિક, સામાજિક રીતરિવાજો, સંસ્કૃતિ) અનુરૂપ ના હોય.

આ કાયદો બન્યા પછી, એવો કોઈપણ કાયદો જે આદિવાસી પરંપરાથી અસંગત હોય, તેને અદાલતમાં પડકારી શકાય અથવા તો લાગુ પાડતા પહેલાં તેને રોકી શકાય.

ટૂંકમાં, આ કાયદા દ્વારા ગ્રામસ્તરે પોતાની પરંપરા મુજબ કાર્યરત એવા એક વાસ્તવિક

આદિવાસી ગ્રામસમાજના અસ્તિત્વનો સ્વીકાર થયો છે. આદિવાસી સ્વશાસનની જોગવાઈ કરવા માટે ગુજરાત વિધાનસભાએ તા.૧-૭-૯૮ના રોજ ગુજરાત પંચાયત અધિનિયમમાં સુધારો કરતો કાયદો પસાર કર્યો છે. જેને "અનુસૂચિત વિસ્તારો માટેના અધિનિયમ-૧૯૯૮, ગુજરાત" તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે આદિવાસીઓને સ્વશાસન તરફ એક ડગલું આગળ લઈ જતો નવો પંચાયત કાયદો બન્યો છે. એ એક સારી વાત છે, કારણ આ કાયદો આદિવાસી વિસ્તારના પરંપરાગત રૂઢિરિવાજો અને સામાજિક પરંપરાઓને લક્ષમાં રાખીને બનાવવામાં આવ્યો છે. ભુરિયા સમિતિના અહેવાલ દ્વારા જે સુધારાઓ સૂચવવામાં આવ્યા છે તેનાથી આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓને પોતાના રૂઢિગત રીતરિવાજો મુજબ શાસન કરવાની એક તક મળી છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ પાસેથી જંગલ ખાતા અને મહેસુલ ખાતા દ્વારા કુદરતી સંશાધનો પરનો તેઓનો અંકુશ છીનવાઈ ગયો હતો. પરંતુ આ નવા કાયદાને કારણે તેમના અધિકારો પાછા મળ્યા છે. જો કે આ માટે આદિવાસી લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. કારણ માત્ર કાયદો કરવાથી આદિવાસીઓ તેમના સ્વશાસન માટે સક્ષમ બની જતા નથી. એ માટે હજુ ઘણું કરવાનું છે. ખાસ તો આદિવાસીઓના દૃષ્ટિકોણથી વિચારી તેમનામાં જાગૃતિ લાવી તેમનામાં પૂરેપૂરી સક્રિયતા લાવવા માટે પ્રયત્નો કરવા જરૂરી છે.

આમ, આદિવાસી વિસ્તારોમાં ગ્રામસભાને સત્તા આપતો અને પંચાયત બેઠકોમાં આદિવાસીઓને પ્રાધાન્ય આપતો ગુજરાતના અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ ૧૯૯૮, જુલાઈમાં ઘડાયો. આ કાયદાના અમલીકરણ અંગે હવે પછીના પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવેલ છે.

## પ્રકરણ - ૩

# ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ

દેશને આઝાદી મળ્યાની સાથે જ લોકશાહીના પાયા ઉપર ઘડવામાં આવેલા આપણાં બંધારણમાં ગ્રામસ્વરાજ્યની સંસ્થા તરીકે પંચાયતનું મહત્વ સ્વીકારવામાં આવ્યું. તેને પરિણામે દેશના મોટાભાગના રાજ્યોમાં ગામેગામ પંચાયત અને વિકાસના કાર્યક્રમોને ખૂબ વેગ મળ્યો. ગામડાંના વિકાસ અર્થે હાથ ધરવામાં આવેલી આ યોજનામાં લોકોને સાચા અર્થમાં ભાગીદાર બનાવવા માટે રાજ્ય સરકારમાં કેન્દ્રિત થયેલ સત્તા તેમજ વહીવટનું વિકેન્દ્રીકરણ કરી કેવળ ગ્રામકક્ષાએ જ નહીં પણ ગ્રામકક્ષાથી માંડીને જિલ્લાકક્ષા સુધી લોકશાહી માળખું નિર્માણ કરવાનું આવશ્યક જ નહીં પણ અનિવાર્ય જણાયું અને આ માળખું તે પંચાયતીરાજ. પંચાયતીરાજ એ આગળ જોયું તે મુજબ કોઈ નવો પ્રયોગ નથી પરંતુ વર્ષોથી આપણા દેશમાં ચાલી આવતી પંચાયતી ભાવના અને વિચાર ઉપર આધારિત અને સહજ સ્વાભાવિક ક્રમમાં વિકસેલો એવો લોકશાહી વિકેન્દ્રીકરણનો નક્કર કાર્યક્રમ છે. દેશના ઝડપી વિકાસ માટે અને નૂતન સમાજની રચના માટે સમાજવાદનો કાર્યક્રમ સ્વીકાર્યો છે તેના એકમાત્ર ભાગરૂપે પણ પંચાયતીરાજનું મહત્વ વધી જાય છે.

આઝાદીબાદ ભારતમાં નવું બંધારણ ઘડાયું. તેમાં પછાતવર્ગના ઉત્કર્ષ માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી. રાજ્ય સરકાર દ્વારા પણ નબળા વર્ગો જેવાકે અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તેમજ સ્ત્રીઓ વગેરેના વિકાસ માટે અનેક પ્રકારની યોજનાઓ તેમજ જોગવાઈઓ કરવામાં આવી છે. આ રીતે પ્રજાસત્તાક ભારતમાં સમાજવાદી સમાજની સ્થાપના કરવાનું લક્ષ રહ્યું છે. એવો સમાજ કે જેમાં દરેક વ્યક્તિ સુખી હોય, પ્રસન્ન હોય. પંચાયતીરાજના નવા ધારામાં (૭૩મો બંધારણીય સુધારો) પણ આ બાબતને મહત્વ અપાયું છે. તેમાં પણ સમાજની મહિલાવર્ગને ૩૩ ટકા પ્રતિનિધિત્વ આપી ઐતિહાસિક અને ક્રાંતિકારી પગલું ભર્યું છે. ૭૩મા બંધારણીય સુધારાને કારણે ભારતના રાજકીય ઈતિહાસમાં કદી ન બની હોય તેવી અભૂતપૂર્વ ઘટના બની છે. ૩૩ ટકા અનામત બેઠકોને કારણે ઘણી મોટી સંખ્યામાં સ્ત્રીઓ અને પછાત જાતિઓના પ્રતિનિધિઓ આજે ગ્રામપંચાયતનોમાં કામ કરતા થયા છે. આ રીતે નવા ધારાને કારણે પછાત વર્ગોના વિકાસની એક નવી તક ઊભી થઈ છે. નવા કાયદાના અમલમાં લોકો સક્રિય રીતે ભાગીદાર બની શકે તે માટે કેન્દ્ર સરકારે રાજ્યબંધારણની ૭૩મી કલમમાં સુધારો કરી ઐતિહાસિક પગલું ભર્યું છે. આ નવા કાયદાનું અમલીકરણ કેવું અને કેટલું થઈ રહ્યું છે તે જોવા માટે ગુજરાતના કેટલાક આદિવાસી

વિસ્તારોમાં ક્ષેત્રકાર્ય કરી માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ અભ્યાસ માટે ડાંગ, પંચમહાલ, સુરત, સાબરકાંઠા અને જૂનાગઢ આ પાંચ જિલ્લામાંથી કુલ ૧૦૦ ઉત્તરદાતાઓ પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ ઉત્તરદાતાઓની સામાજિક, આર્થિક પરિસ્થિતિ અંગેની માહિતી નીચે મુજબ જાણવા મળી છે. આ ઉત્તરદાતાઓમાં આગળ બતાવ્યા મુજબ મુખ્યત્વે સરપંચ, તલાટી, ગ્રામપંચાયતના સભ્યો તેમજ ગ્રામજનો પસંદ કરવામાં આવ્યા હતા.

ઉત્તરદાતાઓની સામાજિક આર્થિક પરિસ્થિતિ દર્શાવતા કોઠાઓ નીચે મુજબ છે.

**(૧) ડાંગ જિલ્લના ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ :**

કોઠા નં.૩.૧

ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ધોડિયા પટેલ | ૨ | ૧૦ |
| ૨. | ગામીત | ૮ | ૪૦ |
| ૩. | વારલી | ૨ | ૧૦ |
| ૪. | ભીલ | ૨ | ૧૦ |
| ૫. | વણકર | ૧ | ૫ |
| ૬. | કોંકણા,કૂનબી | ૪ | ૨૦ |
| ૭. | કોટવાળિયા | ૧ | ૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ડાંગમાં મુખ્યત્વે આદિવાસી વસતિ છે. ઉત્તરદાતાઓમાં ૨ (૧૦ ટકા) ધોડિયા પટેલ જાતિના ૮ (૪૦ ટકા) ગામીત, ૨ (૧૦ ટકા) વારલી જાતિના, ૨ (૧૦ ટકા) ભીલ જાતિના, ૧ (૫ ટકા) વણકર જાતિ, ૪ (૨૦ ટકા) કોંકણા કે જેને કૂનબી તરીકે પણ ઓળખવામાં આવે છે અને ૧ (પાંચ ટકા) કોટવાળિયા જાતિના જોવા મળ્યા છે.

આ પરથી ખ્યાલ આવે છે કે ડાંગમાં જુદી જુદી અનેક આદિવાસી જાતિના લોકો વસે છે. કોઠા પરથી જણાય છે કે ૯૫ ટકા આદિવાસી ઉત્તરદાતાઓ છે, જ્યારે પાંચ ટકા અન્ય અનસૂચિત જાતિના ઉત્તરદાતા છે.

### કોઠા નં.૩.૨

### ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | ઉંમર વર્ષ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૧ થી ૨૦ | ૧ | ૦૫ |
| ૨. | ૨૧ થી ૩૦ | ૯ | ૪૫ |
| ૩. | ૩૧ થી ૪૦ | ૭ | ૩૫ |
| ૪. | ૪૧ થી ૫૦ | ૨ | ૧૦ |
| ૫. | ૫૧ થી ૬૦ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે યુવાન એટલે કે ૨૧ થી ૩૦ વર્ષની વયના ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે અને નાની વયના (૧૧થી ૨૦ વર્ષના) ઉત્તરદાતાઓનું તેમજ મોટી ઉંમરના ૫૦ થી ૬૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે. ૧૧ થી ૨૦ વર્ષમાં માત્ર એક (૧૯ વર્ષ) ઉત્તરદાતા છે. ૨૧ થી ૩૦ વર્ષમાં નવ (૪૫ ટકા) ઉત્તરદાતા છે. ૩૧ થી ૪૦ વર્ષમાં સાત (૩૫ ટકા) ઉત્તરદાતા છે, જયારે ૪૧ થી ૬૦ વર્ષમાં બે (૧૦ ટકા) અને ૫૧ થી ૬૦ વર્ષમાં એક (૫ ટકા) ઉત્તરદાતા છે. આ રીતે ૨૧ થી ૪૦ વર્ષમાં કે જેઓ યુવાન વયના છે તેમનું પ્રમાણ વધારે છે. આ પરથી ખ્યાલ આવે છે કે યુવાનોને રાજકારણમાં ઘણો ઉત્સાહ અને રસ છે.

### કોઠા નં.૩.૩

### ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | ૧ | ૫ |
| ૨. | પ્રાથમિક | ૭ | ૭૫ |
| ૩. | માધ્યમિક | ૮ | ૪૦ |
| ૪. | ઉચ્ચ | ૪ | ૨૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ઉત્તરદાતાઓમાં ૧ (૫ ટકા અભણ છે, ૭ (૩૫ ટકા) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ લીધેલું છે. ૮ (૪૦ ટકા) ઉત્તરદાતાઓ માધ્યમિક શિક્ષણ

પ્રાપ્ત કરેલું છે, જયારે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય તેવા ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આદિવાસી વિસ્તારમાં પહેલા કરતાં શિક્ષણનું પ્રમાણ કંઈક અંશે સારું જણાય છે. આદિવાસી વિસ્તારોમાં સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો તેમજ સામાજિક કાર્યકરોના અથાગ પ્રયત્નો અને આશ્રમશાળાઓને કારણે પહેલા કરતાં આદિવાસીઓમાં શિક્ષણ ધીમે ધીમે વધતું જાય છે. લોકો શિક્ષણ માટે જાગૃત થયા છે.

### કોઠા નં.૩.૪

### ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વ્યવસાય | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૧૧ | ૫૫ |
| ૨. | ખેતમજૂરી | ૨ | ૧૦ |
| ૩. | નોકરી | ૪ | ૨૦ |
| ૪. | ધંધો | ૩ | ૧૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરનો કોઠો જોતાં જણાય છે કે લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. વર્ષોથી તેમનું જીવન ખેતી સાથે સંકળાયેલું છે. જો કે ઉત્પાદન પૂરતું થતું નથી તેથી અને કેટલાક પાસે ખેતીલાયક જમીન ન હોવાથી ખેતમજૂરી પણ કરવી પડે છે. શિક્ષિત લોકો નોકરી કરતા થયા છે અને કેટલાક દરજીકામ, દુકાન વગેરે ધંધો કરે છે. આમ ખેતી કરનારા ઉત્તરદાતાઓ ૧૧ (૫૫ ટકા) છે. ખેતમજૂરી મુખ્ય વ્યવસાય કરનારા ઉત્તરદાતાઓ ૨ (૧૦ ટકા) છે અને નોકરી કરનારા ઉત્તરદાતાઓ ૪ (૨૦ ટકા) છે. જયારે ધંધો કરતાં ઉત્તરદાતાઓ ૩ (૧૫ ટકા) છે. આમ, આ ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે તે સ્પષ્ટ થાય છે.

### કોઠા નં.૩.૫

### ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વ્યવસાય | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતમજૂરી | ૧૧ | ૫૫ |
| ૨. | ખેતી | ૪ | ૨૦ |
| ૩. | ગાલીચાકામ | ૧ | ૦૫ |
| ૪. | ધંધો | ૧ | ૦૫ |
| ૫. | નથી | ૩ | ૧૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ડાંગનો વિસ્તાર આગળ જોયું તે મુજબ આદિવાસી વિસ્તાર છે. આ લોકો સખત મહેનત મજૂરી કરે છે ત્યારે માંડ પોતાનો નિર્વાહ ચલાવી શકે છે. તેઓને પોતાનું જીવન ટકાવી રાખવા એક જ આર્થિક પ્રવૃત્તિથી ગુજરાન ચાલતું નથી. પરિણામે દરેક આદિવાસી એક મુખ્ય વ્યવસાય સાથે બીજા ગૌણ વ્યવસાય સાથે પણ સંકળાયેલો છે. ખેતી સાથે તેણે ખેતમજૂરી, તાલીમકામ, પશુપાલન, જંગલની પેદાશો એકઠી કરવી જેવી આર્થિક પ્રવૃત્તિ કરવી પડે છે. પ્રસ્તુત કોઠામાં ખેતમજૂરી કરતા ૧૧ (૫૫ ટકા) ઉત્તરદાતાઓ છે. નોકરીના મુખ્ય વ્યવસાય સાથે ગૌણ વ્યવસાય તરીકે ખેતી પણ કરતા હોય તેવા ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ છે, જયારે ગાલીચાકામ કરતા ૧ (૫ ટકા) ઉત્તરદાતા છે અને ખેતીના મુખ્ય વ્યવસાય સાથે પરચુરણ ચીજવસ્તુ તથા પાનમસાલાની દુકાન ધરાવતા ઉત્તરદાતા ૧ (૫ ટકા) છે, જયારે ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ કોઈ ગૌણ વ્યવસાય કરતા નથી તેમ જણાવે છે. પરિસ્થિતિ સુધરી હોવાથી માત્ર ખેતી પર નિભાવ થાય છે. આટલા વર્ષોના સરકારી પ્રયાસોનું આ એક સફળ પરિણામ જોવા મળે છે કે તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે.

### કોઠા નં.૩.૬

### ઉત્તરદાતાની વાર્ષિક આવક

| ક્રમ | વા.આવક રૂપિયામાં | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૦૦૦ થી ૫૦૦૦ | ૩ | ૧૫ |
| ૨. | ૫૦૦૧ થી ૧૦૦૦૦ | ૫ | ૨૫ |
| ૩. | ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૪ | ૨૦ |
| ૪. | ૨૦૦૦[illegible] થી ૩૦૦૦૦ | ૩ | ૧૫ |
| ૫. | ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ | ૨ | ૧૦ |
| ૬. | ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૭. | ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૮. | ૬૦૦૦૧ થી વધુ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા ઉપરથી ઉત્તરદાતાઓની વાર્ષિક આવકનો ખ્યાલ આવે છે. ૩ (૫૦ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક ૧૦૦૦ થી ૫૦૦૦ રૂપિયા જેટલી છે. ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક ૫૦૦૧ થી ૧૦૦૦૦ રૂપિયા સુધીની છે. ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ રૂપિયા જેટલી, ૩ (૧૫ ટકા) ઉતરદાતાઓની વાર્ષિક આવક ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ રૂપિયા સુધી છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાની ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ રૂપિયા જેટલી છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ રૂપિયા છે, જયારે બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ રૂપિયા જેટલી છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક ૬૦૦૦૦ રૂપિયાથી વધુ (૭૮,૦૦૦ રૂ.) છે. આમ સૌથી ઓછી વાર્ષિક આવક ધરાવતા ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ છે, જયારે એકથી વધુ આવક ધરાવતા ઉત્તરદાતાઓ ૧ (૫ ટકા) છે.

## કોઠા નં.૩.૭

## ઉત્તરદાતાને દેવું છે કે નહિ તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૬ | ૩૦ |
| ૨. | ના | ૧૪ | ૭૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓને દેવું છે. ૧૪ (૭૦ ટકા) ઉત્તરદાતાઓને દેવું નથી. આમ એકંદરે બહુ ઓછા ઉત્તરદાતાઓને દેવું છે. મોટાભાગના એટલે કે ૭૦ ટકા જેટલા ઉત્તરદાતાઓને દેવું નથી.

## કોઠા નં.૩.૮

## દેવું કોની પાસેથી લીધું તે દર્શાવતો કોઠો

| ક્રમ | કોની પાસેથી | શા માટે | કેટલા હજાર |
|---|---|---|---|
| ૧. | બેંક | દુકાન | ૧૦,૦૦૦ |
| ૨. | શાહુકાર | મકાન | ૧,૫૦,૦૦૦ |
| ૩. | શાહુકાર | લગ્ન | ૪,૦૦૦ |
| ૪. | બેંક | દુકાન | ૨૫,૦૦૦ |
| ૫. | જિલ્લા વિકાસ એજન્સી | પાણીની મોટર | ૧૬,૦૦૦ |
| ૬. | જિલ્લા વિકાસ એજન્સી | પાણીની મોટર | ૧૬,૦૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓએ બેંક પાસેથી દુકાન માટે દેવું લીધેલું છે. તેમાંથી એક ઉત્તરદાતાએ રૂ.૨૫,૦૦૦ જેટલું દેવુ લીધેલું છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓએ શાહુકાર પાસેથી દેવું લીધેલું છે. એક ઉત્તરદાતાએ મકાન માટે રૂ.૧,૫૦,૦૦૦ નું દેવું લીધેલું છે, જયારે બીજા ઉત્તરદાતાએ લગ્ન માટે રૂ.૪,૦૦૦ જેટલું દેવુ લીધેલું છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓએ જિલ્લા વિકાસ એજન્સી પાસેથી રૂ.૧૬,૦૦૦ જેટલું દેવું પાણીની મોટર માટે લીધેલું છે. આમ જુદા જુદા કારણોસર દેવું લીધેલું જણાય છે.

લગ્નના દરજ્જા અંગે જોઈએ તો બધા જ ૧૯ ઉત્તરદાતાઓ (૯૫ ટકા) પરિણિત છે. માત્ર એક (૫ ટકા) ઉત્તરદાતા અપરિણિત છે.

## કોઠા નં.૩.૯

## ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કાચું | ૧૮ | ૯૦ |
| ૨. | પાકું | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઘરની પરિસ્થિતિ અંગે કહી શકાય કે બધા જ ૨૦ (૧૦૦ ટકા ઉત્તરદાતાઓને પોતાની માલિકીનું ઘર છે. કોઈ ભાડે રહેતુ નથી. આ આદિવાસીઓની એક લાક્ષણિકતા છે કે દરેકને

નાનું એવું પણ પોતાની માલિકીનું ઘર છે. ઉપરોકત કોઠા પરથી જણાય છે કે ૧૮ (૯૦ ટકા) ઉત્તરદાતાઓના ઘર કાચા છે, જયારે ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓના ઘર પાકા છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે તેઓ પાકા ઘર બનાવી શકતા નથી. કુદરતી સાધન સામગ્રીમાંથી બનાવેલા કાચા ઘરમાં રહે છે.

કોઠા નં.૩.૧૦

ઉત્તરદાતા પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો

| ક્રમ | જમીન છે કે નહી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨ | ૬૦ |
| ૨. | ના | ૦૮ | ૪૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૧૨ (૬૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે ખેતી માટેની જમીન છે, જયારે ૮ (૪૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે જમીન નથી. આમ વધારે ઉત્તરદાતાઓ જમીન ધરાવે છે. ઓછા ઉત્તરદાતાઓ પાસે જમીન નથી.

ડાંગમાં મુખ્યત્વે આદિવાસીઓની વસતિ છે. જેમની આર્થિક પરિસ્થિતિ સારીછે તેમની પાસે જમીન છે. એકંદરે ૨ એકરથી માંડીને કેટલાકની પાસે ૪, ૫, ૮, ૯ અને ૧ ઉત્તરદાતા પાસે ૧૫ એકર જેટલી જમીન છે. તેમાં તેઓ ડાંગર, નાગલી, મકાઈ, કોદરી, મગફળી, બંટી વગેરે પકવે છે. આર્થિક સ્થિતિ નબળી છે અને જેમની પાસે જમીન નથી. તેઓ મજૂરી કરે છે અથવા ધંધો કરે છે. શિક્ષિત લોકો નોકરી કરે છે.

**(૨) પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકાના ઉત્તરદાતાઓની સામાજિક આર્થિક પરિસ્થિતિ નીચેના કોઠાઓમાં રજૂ કરવામાં આવી છે.**

કોઠા નં.૩.૧૧

ઉત્તરદાતાઓની જાતિ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ભીલ | ૧૦ | ૫૦ |
| ૨. | પટેલીયા | ૧૦ | ૫૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૧૦ (૫૦ ટકા) ઉત્તરદાતાઓ ભીલ જાતિના છે અને ૧૦ (૫૦ ટકા) ઉત્તરદાતાઓ પટેલીયા જાતિના છે. દાહોદ વિસ્તારમાં મુખ્યત્વે ભીલ અને પટેલીયા જાતિની વસતી છે એ આના પરથી જાણી શકાય છે.

## કોઠા નં.૩.૧૨

## ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | ઉંમર વર્ષ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૧ થી ૩૦ | ૪ | ૨૦ |
| ૨. | ૩૧ થી ૪૦ | ૭ | ૩૫ |
| ૩. | ૪૧ થી ૫૦ | ૬ | ૧૫ |
| ૪. | ૫૧ થી ૬૦ | ૩ | ૧૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠામાં ઉત્તરદાતાનું વયજૂથ તપાસતાં જાણી શકાય છે કે ૨૧ થી ૩૦ વર્ષના વયજૂથમાં ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ છે. ૩૧ થી ૪૦ વર્ષના વયજૂથમા ૭ (૩૫ ટકા) ઉત્તરદાતાઓ છે, જયારે ૪૧ થી ૫૦ વયજૂથમાં ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ છે. ૫૧ થી ૬૦ના વયજૂથમાં ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ છે.

આ રીતે ૩૧ થી ૪૦ વર્ષના વયજૂથમાં સૌથી વધારે ઉત્તરદાતાઓ (૩૫ ટકા) છે. આમ યુવાન ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે. જયારે ઉત્તરદાતાની સૌથી ઓછી સંખ્યા ૫૧ થી ૬૦ વર્ષના વયજૂથ છે. એટલે કે મોટી વયના ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે.

## કોઠા નં.૩.૧૩

## ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | ૪ | ૨૦ |
| ૨. | લખતાં વાંચતાં આવડે | ૪ | ૨૦ |
| ૩. | પ્રાથમિક | ૪ | ૨૦ |
| ૪. | માધ્યમિક | ૧ | ૦૫ |
| ૫. | ઉચ્ચ | ૭ | ૩૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ અભણ છે. ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓને લખતા-વાંચતા આવડે છે. ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ લીધેલું છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ માધ્યમિક શિક્ષણ લીધેલું છે અને ૭ (૩૫ ટકા) ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ લીધેલું છે. આમ શિક્ષણમાં પ્રગતિ કરી હોય તે સ્પષ્ટ જણાય છે. જો કે ભીલ જાતિના લોકો હજુ શિક્ષણમાં પાછળ જણાય છે. જયારે પટેલીયા જાતિના લોકો શિક્ષણમાં આગળ જણાય છે. તેઓ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શક્યા છે. ઉચ્ચ શિક્ષણમાં બે તો બહેનો છે. જે બી.એ.,બી.એડ. થઈને શિક્ષિકાની નોકરી કરી રહી છે અને સરપંચ પણ બન્યા છે. જયારે એક ઉત્તરદાતા ખેતી ડિપ્લોમા કરી શિક્ષક બન્યા છે. બીજા બે યુવાનો ગ્રેજયુએટ થયેલા છે. આમ પટેલીયા જાતિમાં શિક્ષણ સારું જોવા મળે છે.

### કોઠા નં.૩.૧૪

### ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૧૬ | ૮૦ |
| ૨. | નોકરી | ૪ | ૨૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી મુખ્ય વ્યવસાય ખેતી કરતા હોય તેવા ૧૬ (૮૦ ટકા) ઉત્તરદાતાઓ છે. ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ નોકરી કરે છે. આ રીતે મોટાભાગના લોકો હજુ ખેતી પર નિર્ભર છે તેવું જણાય છે.

### કોઠા નં.૩.૧૫

### ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | ગૌણ વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૧૦ | ૫૦ |
| ૨. | ખેતમજૂરી | ૪ | ૨૦ |
| ૩. | પશુપાલન | ૩ | ૧૫ |
| ૪. | કડીયાકામ | ૧ | ૦૫ |
| ૫. | સાયકલ રીપેરીંગ | ૧ | ૦૫ |
| ૬. | એન્જીનીયર | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ગૌણ વ્યવસાય તરીકે પણ ખેતી કરનારા ૧૦ (૫૦ ટકા) ઉત્તરદાતાઓ છે. જયારે ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ ખેતમજૂરી કરે છે. ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ પશુપાલન કરે છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા કડિયાકામ અને ૧ (૫ ટકા) ઉત્તરદાતા સાયકલ રીપેરીંગનો વ્યવસાય કરે છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા એન્જીનીયર તરીકે નોકરી કરે છે. આમ મોટાભાગના ઉત્તરદાતાઓ ગૌણ વ્યવસાયમાં ખેતી અને ખેતમજૂરી કરતા જોવા મળ્યા છે.

## કોઠા નં.૩.૧૬

## ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ક્રમ | આવક હજાર રૂપિયામાં | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૭ | ૩૫ |
| ૨. | ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૬ | ૩૦ |
| ૩. | ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ | ૨ | ૧૦ |
| ૪. | ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ | - | - |
| ૫. | ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૬. | ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ | - | - |
| ૭. | ૬૦૦૦૧ થી ૭૦૦૦૦ | - | - |
| ૮. | ૭૦૦૦૧ થી ૮૦૦૦૦ | ૨ | ૧૦ |
| ૯. | ૮૦૦૦૧ થી ૯૦૦૦૦ | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી ઉત્તરદાતાની વાર્ષિક આવકની માહિતી જાણવા મળે છે. ૫૦૦૦ થી ૧૦૦૦૦ રૂપિયા વાર્ષિક આવક ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૭ (૩૫ ટકા) છે, જયારે ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ રૂપિયા જેટલી વાર્ષિક આવક ધરાવે છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ રૂપિયા વાર્ષિક આવક મેળવેછે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ રૂપિયા છે. ૬૦૦૦૧ થી ૭૦૦૦૦ આવકમાં કોઈ વ્યક્તિ નથી. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક ૭૦૦૦૧ થી ૮૦૦૦૦ રૂપિયા જેટલી છે.

આમ ૫૦૦૦ થી ૧૦૦૦૦ રૂપિયા વાર્ષિક આવક ધરાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે (૩૫ ટકા) છે. ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ રૂપિયા વાર્ષિક આવક ધરાવનાર ઉત્તરદાતા ૧ (૫ ટકા) જ છે. આર્થિક સ્થિતિ થોડી સુધરી છે પણ બહુ ઓછા લોકોની, મોટાભાગની હજુ ગરીબ સ્થિતિમાં છે.

કોઠા નં.૩.૧૭

**ઉત્તરદાતાને દેવુ છે કે નહિ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | દેવું છે કે નહિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૦૬ | ૩૦ |
| ૨. | ના | ૧૪ | ૭૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠો જોતાં જણાય છે કે ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ દેવું ધરાવે છે. ૧૪ (૭૦ ટકા) ઉત્તરદાતાઓને દેવું નથી. આમ મોટાભાગના ઉત્તરદાતાઓને દેવું નથી. માત્ર જરૂરિયાતવાળા ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓને જ દેવું છે, જરૂર વગર દેવું કરતા નથી.

કોઠા નં.૩.૧૮

**ઉત્તરદાતાએ દેવું શામાટે, કોનું, કેટલું લીધેલું તે દર્શાવતો કોઠો**

| ક્રમ | શા માટે | કોનું | કેટલું |
|---|---|---|---|
| ૧. | ઘર બનાવવા | કો.ઓ.સોસાયટી | ૧૦,૦૦૦ |
| ૨. | ખેતી માટે | ધિરાણ મંડળી | ૨૫,૦૦૦ |
| ૩. | ખેતી માટે | સેવા સહકારી મંડળી | ૨૮,૦૦૦ |
| ૪. | કૂવા માટે | સરકારી બેંક | ૧૩,૦૦૦ |
| ૫. | ખેતી માટે | સેવા સહકારી મંડળી | ૧૩,૦૦૦ |
| ૬. | ખેતી માટે | સરકારી બેંક | ૨,૦૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે એક ઉત્તરદાતાએ કો-ઓપરેટીવ સોસાયટી પાસેથી ઘર બનાવવા માટે રૂા. ૧૦,૦૦૦ જેટલં દેવુ લીધેલ છે. એક ઉત્તરદાતાએ ધિરાણ મંડળીમાંથી ખેતી માટે રૂા.૨૫,૦૦૦ જેટલું દેવું લીધેલું છે. બે ઉત્તરદાતાઓએ સેવા સહકારીમંડળી પાસેથી રૂા.૨૮,૦૦૦ તથા રૂા. ૧૩,૦૦૦ ખેતી માટે લીધા છે. બે ઉત્તરદાતાઓએ સરકારી બેંકમાંથી

રૂા.૧૩,૦૦૦ કૂવા માટે તેમજ રૂા. ૨,૦૦૦ ખેતી માટે લીધેલા છે. આ પરથી ખ્યાલ આવે છે કે અનિવાર્ય સંજોગો સિવાય દેવું કરતા નથી.

### કોઠા નં.૩.૧૯

### ઉત્તરદાતાનો લગ્નનો દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | લગ્નનો દરજ્જો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અપરિણિત | - | - |
| ૨. | પરિણિત | ૧૯ | ૯૫ |
| ૩. | વિધુર | ૧ | ૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ જણાય છે કે અપરિણિત ઉત્તરદાતા કોઈ નથી. ૧૯ (૯૫ ટકા) ઉત્તરદાતાઓ પરિણિત છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા વિધુર છે.

### કોઠા નં.૩.૨૦

### ઉત્તરદાતાના ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | ઘરની પરિસ્થિતિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કાચુ | ૧૦ | ૫૦ |
| ૨. | પાકુ | ૧૦ | ૫૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ૧૦ (૫૦ ટકા) ઉતતરદાતાઓ કાચુ ઘર ધરાવે છે, જયારે ૧૦ (૫૦ ટકા) ઉત્તરદાતાઓ પાકા ઘરમાં રહે છે. જેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી તેવા લોકો હજુ કાચા ઘરમાં રહે છે.

અહીં બધા જ પોતાની માલિકીના ઘરો ધરાવે છે. પછી ભલે તે કાચુ હોય પણ દરેકને પોતાનું ઘર છે, કોઈ ભાડે રહેનારા જોવા મળ્યા નથી. બધા જ પોતાની માલિકીના ઘરમાં રહે છે (૯૫ ટકા). એક ઉત્તરદાતા સરકારી ભાડાના મકાનમાં રહે છે. સરકારી નોકરી કરતા હોવાથી તેઓ જયાં નોકરી છે ત્યાં ક્વાટર્સમાં રહેછે. વતનમાં તેમના પોતાની માલિકીનું ઘર છે. આ ઉત્તરદાતા તલાટી છે. તેમનું વતન વાંસદામાં છે ત્યાં જમીન તથા પોતાનું ઘર છે.

કોઠા નં.૩.૨૧

**ઉત્તરદાતા પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | જમીન છે કે નહિ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૪ | ૭૦ |
| ૨. | ના | ૦૬ | ૩૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

દાહોદ તાલુકાના બધા ઉત્તરદાતા પાસે થોડીઘણીપણ જમીન છે. કોઈ ઉત્તરદાતા એવો નથી જેની પાસે બિલકુલ જમીન ન હોય. ઉત્તરદાતા પાસે જમીનનું પ્રમાણ નીચે મુજબ હતું.

કોઠા નં.૩.૨૨

**ઉત્તરદાતાની જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો**

| ક્રમ | જમીન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૫ એકર | ૧૫ | ૭૫ |
| ૨. | ૬ થી ૧૦ એકર | ૧ | ૦૫ |
| ૩. | ૧૧ થી ૨૦ એકર | ૨ | ૧૦ |
| ૪. | ૨૧ થી ૩૦ એકર | ૧ | ૦૫ |
| ૫. | ૩૧ થી ૪૦ એકર | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે મોટાભાગના એટલે કે ૧૫ (૭૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે ૧ થી ૫ એકર જમીન છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૬ થી ૧૦ એકર જમીન છે, ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે ૧૧ થી ૨૦ એકર જમીન છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૨૧ થી૩૦ એકર અને બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૩૧ થી ૪૦ એકર જેટલી જમીન છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે અહીંના આદિવાસીઓ પાસે જમીન તો છે પણ ઓછી છે. એકાદ-બે વ્યક્તિ પાસે વધારે જમીન છે. મોટાભાગના નાના ખેડૂતો જ છે.

**(૩) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ નીચે મુજબ છે.**

કોઠા નં.૩.૩૩

ઉત્તરદાતાઓની જાતિ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ધોડિયા પટેલ | ૪ | ૨૦ |
| ૨. | કોંકણા | ૪ | ૨૦ |
| ૩. | ચૌધરી | ૬ | ૩૦ |
| ૪. | ગામીત | ૪ | ૨૦ |
| ૫. | દરબાર | ૧ | ૦૫ |
| ૬. | તેલી (બક્ષીપંચ) | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ધોડિયા પટેલ જાતિના ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ છે. કોંકણા જાતિના પણ ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ છે. ચૌધરી જાતિના ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ છે. ગામીત જાતિના ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ છે, જયારે દરબાર જાતિના ૧ (૫ ટકા) અને તેલી જાતિના ૧ (૫ ટકા) ઉત્તરદાતાઓ છે. અહીં પણ આદિવાસીઓનું પ્રમાણ વધારે છે. ખાસ કરીને ચૌધરી અને ગામીતની વસ્તી વધારે છે.

કોઠા નં.૩.૨૪

ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | ઉંમર વર્ષ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૧ થી ૩૦ વર્ષ | ૩ | ૧૫ |
| ૨. | ૩૧ થી ૪૦ વર્ષ | ૯ | ૪૫ |
| ૩. | ૪૧ થી ૫૦ વર્ષ | ૬ | ૩૦ |
| ૪. | ૫૧ થી ૬૦ વર્ષ | ૧ | ૦૫ |
| ૫. | ૬૦થી વધારે વર્ષ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ૨૧ થી ૩૦ વર્ષની વય ધરાવતા ઉત્તરદાતા

૩ (૧૫ ટકા),૩૧ થી ૪૦ વર્ષની વય ધરાવતા ઉત્તરદાતાઓ ૪ (૪૫ ટકા) છે, જયારે ૪૧ થી ૫૦ વર્ષની વય ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૬ (૩૦ ટકા) છે. ૫૧ થી ૬૦ વર્ષની વયના ઉત્તરદાતા ૧ (૫ ટકા) છે. ૬૦ વષથી વધારે વય ધરાવતા ઉત્તરદાતા પણ ૧ (૫ ટકા) જ છે.

આના પરથી સ્પષ્ટ થાય છે કે ૩૧ થી ૪૦ અને ૪૧ થી ૫૦ વર્ષની વય ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે. નાની વયના તેમજ મોટી ઉંમરના ઉત્તરદાતાઓ ઓછા છે.

## કોઠા નં.૩.૨૫

## ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | - | - |
| ૨. | લખી-વાંચી શકે | ૨ | ૧૦ |
| ૩. | પ્રાથમિક | ૫ | ૨૫ |
| ૪. | માધ્યમિક | ૮ | ૪૦ |
| ૫. | ઉચ્ચ | ૫ | ૨૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

અહીંના લોકોમાં શિક્ષણનું પ્રમાણ સારું જણાય છે. દક્ષિણ ગુજરાતના ~~લોકો~~ આદિવાસી લોકો શિક્ષણમાં આગળ આવ્યા છે. અહીં એકપણ ઉત્તરદાતા અભણ નથી. માત્ર ૨ (૧૦ ટકા) ઉત્તરદાતા લખી વાંચી શકે છે. ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાએ પ્રાથમિક શિક્ષણ લીધેલું છે, જયારે ૮ (૪૦ ટકા) ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ લીધેલું છે અને ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ લીધેલું છે. આ રીતે શિક્ષણમાં લોકોએ પહેલાં કરતાં સારી પ્રગતિ કરી છે.

## કોઠા નં.૩.૨૬

## ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૧૫ | ૭૫ |
| ૨. | નોકરી | ૫ | ૨૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે મોટાભાગના એટલે કે ૧૫ (૭૫ ટકા) ઉત્તરદાતાઓ ખેતી કરે છે. ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ નોકરી કરે છે. આમ એકંદરે આર્થિક સ્થિતિ પહેલાં કરતાં સુધરી હોય તેમ જણાય છે. કારણ દરેક પાસે કામ છે અને તેમાંથી તેઓ થોડું ઘણું પણ મેળવીને ગુજરાન ચલાવી શકે છે.

### કોઠા નં.૩.૨૭

### ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | ગૌણ વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૧૫ | ૭૫ |
| ૨. | ગૌણ વ્યવસાય નથી કરતા | ૫ | ૨૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી જણાય છે કે ૧૫ (૭૫ ટકા) ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય પણ ખેતી જ છે, જયારે ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ નોકરી કરે છે તેઓ કોઈ ગૌણ વ્યવસાય કરતા નથી.

### કોઠા નં.૩.૨૮

### ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ક્રમ | વાર્ષિક આવક હજાર રૂા.માં | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૧૧ | ૫૫ |
| ૨. | ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૪ | ૨૦ |
| ૩. | ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૪. | ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ | - | - |
| ૫. | ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ | ૨ | ૧૦ |
| ૬. | ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૭. | ૬૦૦૦૧થી વધુ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૧૧ (૫૫ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક રૂા.૫૦૦૦ થી ૧૦૦૦૦ જેટલી છે. ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓની આવક રૂા.૧૦૦૦૧ થી ૨૦૦૦૦ જેટલી છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની આવક રૂા.૨૦૦૦૧ થી ૩૦૦૦૦ સુધીની છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાની આવક રૂા. ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ સુધીની છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની આવક રૂા. ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ જેટલી છે. બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતાની આવક રૂા.૬૦૦૦૧ થી વધુ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ સામાન્ય સ્થિતિ ધરાવે છે. બહુ ઓછા ઉત્તરદાતાઓ ૫૦૦૦૦ અથવા તેથી વધારે વાર્ષિક આવક ધરાવે છે.

### કોઠા નં.૩.૨૯

### ઉત્તરદાતાની દેવાની પરિસ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | દેવું છે કે નથી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છે | ૫ | ૨૫ |
| ૨. | નથી | ૧૫ | ૭૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

આ કોઠા પરથી જાણી શકાય છે કે ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓને દેવું છે, જ્યારે ૧૫ (૭૫ ટકા) ઉત્તરદાતાઓનેદેવું નથી. આમ બહુ ઓછા લોકોને દેવું છે.

### કોઠા નં.૩.૩૦

### દેવું કોનું, શામાટે અને કેટલું તે દર્શાવતો કોઠો

| ક્રમ | કોનું | શા માટે | કેટલું |
|---|---|---|---|
| ૧. | પાડોશી | ઘર બનાવવા | ૧૦,૦૦૦ |
| ૨. | ફાઈનાન્સર | ટ્રક ખરીદવા | ૧,૦૦,૦૦૦ |
| ૩. | તલાટી મંડળ સોસાયટી | લગ્ન માટે | ૨૦,૦૦૦ |
| ૪. | બેંક | મોટર સાયકલ | ૨૫,૦૦૦ |
| ૫. | શાહુકાર | ઘર માટે | ૧,૫૦,૦૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે એક ઉત્તરદાતાએ પાડોશી પાસેથી ઘર બનાવવા રૂા.૧૦,૦૦૦ લીધેલા છે. એક ઉત્તરદાતાએ ફાઈનાન્સર પાસેથી ટ્રક ખરીદવા માટે એક લાખ

લીધેલા છે. એક બીજા ઉત્તરદાતાએ લગ્ન માટે તલાટી મંડળ સોસાયટી પાસેથી રૂા.૨૦,૦૦૦ લીધેલા છે. એક ઉત્તરદાતાએ બેંક પાસેથી મોટરસાયકલ ખરીદવા રૂા.૨૫,૦૦૦ લીધેલા છે. જયારે બીજા એક ઉત્તરદાતાએ ઘર બનાવવા માટે શાહુકાર પાસેથી દોઢ લાખ લીધેલા છે. આમ અલગ અલગ કારણોસર દેવું જોવા મળેલ હતું.

કોઠા નં.૩.૩૧

**ઉત્તરદાતાનો લગ્નનો દરજ્જો દર્શાવતો કોઠો**

| ક્રમ | લગ્નનો દરજ્જો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અપરિણિત | ૧ | ૦૫ |
| ૨. | પરિણિત | ૧૮ | ૯૦ |
| ૩. | છૂટાછેડા | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા જોતા જણાય છે કે મોટાભાગના એટલે કે ૧૮ (૯૦ ટકા) ઉત્તરદાતાઓ પરિણિત છે અને ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ છૂટાછેડા લીધેલા છે.

કોઠા નં.૩.૩૨

**ઉત્તરદાતાના ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | ઘરની પરિસ્થિતિ | સંખ્યા | ટકા | | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | કાચુ | ૧૩ | ૬૫ | માલિકીનું | ૧૮ | ૯૦ |
| ૨. | પાકુ | ૭ | ૩૫ | ભાડાનું | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૧૩ (૬૫ ટકા) ઉત્તરદાતાઓના ઘર કાચા / પાકા છે. આના પરથી ખ્યાલ આવે છે કે અહીં આદિવાસી લોકો મુખ્યત્વે કાચા ઘરમાં રહે છે, જયારે ૧૮ (૯૦ ટકા) ઉત્તરદાતાઓને પોતાની માલિકીનું ઘર છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ ભાડાના ઘરમાં રહે છે.

આમ મોટેભાટે દરેકને પોતાની માલિકીનું ઘર છે.

### કોઠા નં.૩.૩૩

### ઉત્તરદાતાની પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો

| ક્રમ | જમીન છે કે નહિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છે | ૧૮ | ૯૦ |
| ૨. | ના | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૧૮ (૯૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે ખેતીની જમીન છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે જમીન નથી.

### કોઠા નં.૩.૩૪

### ઉત્તરદાતા પાસે જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | જમીનનું પ્રમાણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ વીઘા | ૮ | ૪૦ |
| ૨. | ૧૧ થી ૨૦ વીઘા | ૧ | ૦૫ |
| ૩. | ૨ એકર | ૪ | ૨૦ |
| ૪. | ૩ એકર | ૧ | ૦૫ |
| ૫. | ૫ એકર | ૪ | ૨૦ |
| ૬. | જમીન નથી | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

આમ મોટાભાગના લોકો પાસે જમીન છે. એક વીઘાથી માંડીને કેટલાક લોકો પાસે ૫ એકર જેટલી જમીન છે. આમ લોકો પાસે થોડીઘણી પણ જમીન છે જેથી તેઓ ખેતી કરી શકે છે.

## (૪) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ

### કોઠા નં.૩.૩૫

### ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પટેલ | ૫ | ૨૫ |
| ૨. | વણકર | ૧ | ૦૫ |
| ૩. | આદિવાસી | ૧૪ | ૭૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ખેડબ્રહ્મા તાલુકામાં ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ પટેલ જાતિના છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાઓ પટેલ જાતિના છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા વણકર જાતિના છે. જયારે ૧૪ (૭૦ ટકા) ઉત્તરદાતાઓ આદિવાસીજાતિના છે.

આના પરથી જણાય છે કે અહીં આદિવાસી વસતિ વધારે છે.

### કોઠા નં.૩.૩૬

### ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | ઉંમર વર્ષ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૧ થી ૩૦ | ૩ | ૧૫ |
| ૨. | ૩૧ થી ૪૦ | ૯ | ૪૫ |
| ૩. | ૪૧ થી ૫૦ | ૬ | ૩૦ |
| ૪. | ૫૧ થી ૬૦ | ૧ | ૦૫ |
| ૫. | ૬૧ થી ૭૦ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

આ કોઠા ઉપરથી જાણી શકાય છે કે ૨૧ થી ૩૦ વર્ષની વયના ઉત્તરદાતાઓ ૩ (૧૫ ટકા) છે. ૩૧ થી ૪૦ વર્ષની વયના ઉત્તરદાતાઓ ૯ (૪૫ ટકા) છે. ૪૧ થી ૫૦ વર્ષની વયના ઉત્તરદાતાઓ ૬ (૩૦ ટકા) છે. ૫૧ થી ૬૦ વર્ષની વયના ઉત્તરદાતા ૧ (૫ ટકા) અને ૬૧ થી ૭૦ વર્ષની વયના ઉત્તરદાતા પણ ૧ (૫ ટકા) છે.

આ રીતે ૩૧ થી ૪૦ અને ૪૧ થી ૫૦ વર્ષની વયના ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે, જ્યારે યુવાન તેમજ ૫૦ વર્ષની ઉપરની વયના ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે.

કોઠા નં.૩.૩૭

**ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો**

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | ૪ | ૨૦ |
| ૨. | લખી-વાંચી શકે | ૨ | ૧૦ |
| ૩. | પ્રાથમિક | ૬ | ૩૦ |
| ૪. | માધ્યમિક | ૬ | ૩૦ |
| ૫. | ઉચ્ચ | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ અભણ છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ લખી-વાંચી શકે છે. ૬ (૩૦ ટકા)ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ લીધેલું છે. ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ લીધેલું છે. ઉચ્ચ શિક્ષણમાં માત્ર ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ જણાય છે.

આમ એકંદરે શિક્ષણ ઓછું જણાય છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લેનારની સંખ્યા વધારે છે. ઉચ્ચ શિક્ષણ લેનારનું પ્રમાણ ઓછું છે.

કોઠા નં.૩.૩૮

**ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | મુખ્ય વ્યવયાસ | ખેતી | ૨૦ | ૧૦૦ |
| ૨. | ગૌણ વ્યવસાય | ખેતમજૂરી | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૨૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને ૨૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય ખેતમજૂરી છે.

આમ અહીંના લોકો હજુ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા જોવા મળે છે. તેમજ ગૌણ વ્યવસાય તેમનો ખેતમજૂરી છે.

### કોઠા નં.૩.૩૯

### ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ક્રમ | વાર્ષિક આવક રૂા. | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૧૧ | ૫૫ |
| ૨. | ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૩ | ૧૫ |
| ૩. | ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ | ૨ | ૧૦ |
| ૪. | ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૫. | ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૬. | ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ | ૧ | ૦૫ |
| ૭. | ૬૦૦૦૧ થી ૭૦૦૦૦ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરનો કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ૧૧ (૫૫ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક રૂા.૫,૦૦૦ થી ૧૦,૦૦૦ જેટલી છે. ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓની આવક રૂા. ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦ જેટલી છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓની વાર્ષિક આવક રૂા.૨૦,૦૦૧ થી ૩૦,૦૦૦ જેટલી છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની આવક ૩૦,૦૦૧ થી ૪૦,૦૦૦ જેટલી છે. બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતાની આવક રૂા. ૪૦,૦૦૧ થી ૫૦,૦૦૦ જેટલી છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક રૂા.૫૦,૦૦૧ થી ૬૦,૦૦૦ જેટલી છે અને ૧ (૫ ટકા) ઉત્તરદાતાની વાર્ષિક આવક રૂા.૬૦,૦૦૧ થી ૭૦,૦૦૦ જેટલી છે.

આ પરથી સ્પષ્ટ થાય છે કે રૂા.૧,૦૦૦ થી ૧૦,૦૦૦ આવક ધરાવતા ઉત્તરદાતાઓ વધારે છે, જયારે વધુ આવક ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે. અહીંના આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી જણાય છે.

### કોઠા નં.૩.૪૦

### ઉત્તરદાતાને દેવું છે કે નહિ તે દર્શાવતો કોઠો

| ક્રમ | દેવું છે કે નહિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છે | ૧૬ | ૮૦ |
| ૨. | નથી | ૪ | ૨૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૧૬ (૮૦ ટકા) ઉત્તરદાતાઓને દેવું છે. ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓને દેવું નથી.

આમ, દેવું ધરાવનારનું પ્રમાણ વધારે છે. ઓછા લોકોને દેવું નથી.

## કોઠા નં.૩.૪૧

## દેવુ છે તો કોનું શા માટે અને કેટલું છે? તે દર્શાવતો કોઠો

| ક્રમ | દેવું કોનું છે | શા માટે | કેટલું | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | સહકારી મંડળી | ખેતી માટે | ૫૦,૦૦૦ | ૪ | ૨૦ |
| ૨. | સહકારી મંડળી | ખેતી માટે | ૨૦,૦૦૦ | ૧ | ૦૫ |
| ૩. | સગાવહાલા | ખેતી માટે | ૧૦,૦૦૦ | ૧ | ૦૫ |
| ૪. | સહકારી મંડળી | ખેતી માટે | ૧૦,૦૦૦ | ૧ | ૦૫ |
| ૫. | સગાવહાલા | ખેતી માટે | ૫,૦૦૦ | ૩ | ૧૫ |
| ૬. | સગાવહાલા | ખેતી માટે | ૩,૦૦૦ | ૨ | ૧૦ |
| ૭. | સગાવહાલા | લગ્ન માટે | ૩,૦૦૦ | ૧ | ૦૫ |
| ૮. | સગાવહાલા | લગ્ન માટે | ૨,૦૦૦ | ૧ | ૦૫ |
| ૯. | સગાવહાલા | ખેતી માટે | ૨,૦૦૦ | ૧ | ૦૫ |
| ૧૦. | સગાવહાલા | ખેતી માટે | ૧,૦૦૦ | ૧ | ૦૫ |
| | કુલ | | | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓએ સહકારી મંડળીમાંથી રૂા. ૫૦,૦૦૦ ખેતી માટે લીધેલા છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ સહકારી મંડળીમાં જ ખેતી માટે ૨૦,૦૦૦ રૂા. દેવા પેટે લીધેલા છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ સગાંવહાલા પાસેથી રૂા.૧૦,૦૦૦ ખેતી માટે લીધેલા છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ સહકારી મંડળીમાંથી ખેતી માટે ૧૦,૦૦૦ રૂા. લીધેલા છે, ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓએ રૂા. ૫,૦૦૦ ખેતી માટે સગાંવહાલા પાસેથી લીધેલા છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓએ રૂા. ૩,૦૦૦ ખેતી માટે સગાંઓ પાસેથી લીધેલા છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાઓએ રૂા.૩,૦૦૦ લગ્ન માટે સગાં પાસેથી લીધા છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ રૂા.૨,૦૦૦ લગ્ન માટે સગાં પાસેથી લીધા છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ ખેતીમાટે રૂા.૨,૦૦૦ સગાં પાસેથી લીધેલા. બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ રૂા.૧,૦૦૦ ખેતી માટે સગાં પાસેથી લીધા છે.

આમ મુખ્યત્વે ખેતી માટે અને લગ્ન માટે સગાંઓ પાસેથી તેમજ સહકારી મંડળી પાસેથી નાની મોટી રકમ લીધી છે.

### કોઠા નં.૩.૪૨

### ઉત્તરદાતાના ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | ઘર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કાચું | ૧૩ | ૬૫ |
| ૨. | પાકું | ૭ | ૩૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ૧૩ (૬૫ ટકા) ઉત્તરદાતાઓના ઘર કાચા, ૭ (૩૫ ટકા) ઉત્તરદાતાઓના ઘર પાકા છે. અહીંના આદિવાસી લોકો મોટેભાગે કાચા ઘરમાં રહે છે. જેમની આર્થિક પરિસ્થિતિ સારી છે તે લોકો પાકા ઘરમાં રહે છે.

બધા જ ૨૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓને નાનું કે મોટું પોતાની માલિકીનું ઘર છે. કોઈ ભાડાના ઘરમાં રહેતુ જોવા મળ્યું નથી. આ અહીંની એક ખાસિયત છે, વિશેષતા છે.

### કોઠા નં.૩.૪૩

### ઉત્તરદાતાની જમીન દર્શાવતો કોઠો

| ક્રમ | જમીનનું પ્રમાણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૦ ગુંઠા | ૧ | ૦૫ |
| ૨. | ૧ એકર | ૩ | ૧૫ |
| ૩. | ૨ એકર | ૭ | ૩૫ |
| ૪. | ૩ એકર | ૬ | ૩૦ |
| ૫. | ૬ એકર | ૧ | ૦૫ |
| ૬. | ૭ એકર | ૧ | ૦૫ |
| ૭. | ૯ એકર | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૨૦ ગુંઠા જમીન

છે. ૩ (૧૫ ટકા) ઉત્તરદાતા પાસે ૧ એકર જમીન છે. જયારે ૭ (૩૫ ટકા) ઉત્તરદાતા પાસે ૨ એકર જમીન છે. ૬ (૩૦ ટકા) ઉત્તરદાતા પાસે ૩ એકર જમીન છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૬ એકર જમીન છે. બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૭ એકર અને ૧ (૫ ટકા) ઉત્તરદાતા પાસે ૯ એકર જમીન છે.

આના પરથી ખ્યાલ આવે છે કે મોટાભાગના લોકો પાસે થોડી જમીન છે. વધારે જમીન ધરાવતા લોકો બહુ ઓછા છે. પરંતુ દરેક પાસે થોડી ઘણી જમીન તો છે. તદ્દન જમીન ન હોય તેવા કોઈ ઉત્તરદાતા જોવા મળ્યા નથી.

**(૫) જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ :**

કોઠા નં.૩.૪૪

ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રબારી | ૩ | ૧૫ |
| ૨. | સીદ્દી | ૨ | ૧૦ |
| ૩. | અનુ.જાતિ | ૪ | ૨૦ |
| ૪. | પટેલ | ૪ | ૨૦ |
| ૫. | મેર | ૫ | ૨૫ |
| ૬. | આહીર | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વંથલી તાલુકામાં ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ રબરી જાતિના છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ સીદ્દી જાતિના, ૪ (૨૦ ટકા) ઉત્તરદાતાઓ અનુ.જાતિના છે. ૪(૨૦ ટકા) ઉત્તરદાતાઓ પટેલ જાતિના છે. ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ મેર જાતિના છે અને ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ આહીર જાતિના છે.

આમ, મેર જાતિનું પ્રમાણ વધારે છે.

## કોઠા નં.૩.૪૫

## ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | ઉંમર વર્ષ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૧ થી ૩૦ | ૪ | ૨૦ |
| ૨. | ૩૧ થી ૪૦ | ૬ | ૩૦ |
| ૩. | ૪૧ થી ૫૦ | ૧૦ | ૫૦ |
| ૪. | ૫૧ થી ૬૦ | - | - |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૨૧ થી ૩૦ વર્ષની વયના ઉત્તરદાતાઓ ૪ (૨૦ ટકા) છે. ૩૧ થી ૪૦ વર્ષની વયના ઉત્તરદાતાઓ ૬ (૩૦ ટકા) છે. ૪૧ થી ૫૦ વર્ષની વયના ઉત્તરદાતાઓ ૧૦ (૫૦ ટકા) છે. ૫૦થી વધારે ઉંમરના કોઈ ઉત્તરદાતા નથી.

આ પરથી સ્પષ્ટ થાય છે કે ૩૧ થી ૫૦ વર્ષની વયના ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે. જયારે યુવાન અને મોટી ઉંમરના ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે.

## કોઠા નં.૩.૪૬

## ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | ૫ | ૨૫ |
| ૨. | લખી-વાંચી શકે | ૬ | ૩૦ |
| ૩. | પ્રાથમિક | ૮ | ૪૦ |
| ૪. | માધ્યમિક | ૧ | ૦૫ |
| ૫. | ઉચ્ચ | - | - |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ અભણ છે. ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ માત્ર લખી-વાંચી શકે તેવા છે. જયારે ૮ (૪૦ ટકા) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ લીધેલું છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતાએ માધ્યમિક શિક્ષણ લીધેલું છે. ઉચ્ચ શિક્ષણ લીધેલા એક પણ ઉત્તરદાતા નથી.

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે અહીં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પ્રાથમિક શિક્ષણ લીધેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે. પરંતુ ઉચ્ચ શિક્ષણ લીધેલા એક પણ ઉત્તરદાતા જોવા મળ્યા નથી.

### કોઠા નં.૩.૪૭

### ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૧૬ | ૮૦ |
| ૨. | વેપાર | ૨ | ૧૦ |
| ૩. | મજૂરી | ૧ | ૦૫ |
| ૪. | વાંસકામ | ૧ | ૦૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે, ૧૬ (૮૦ ટકા) ઉત્તરદાતાઓ ખેતીનો મુખ્ય વ્યવસાય કરે છે. ૨ (૧૦ ટકા) ઉત્તરદાતાઓ વેપાર કરે છે. ૧ (૫ ટકા) ઉત્તરદાતા મજૂરી કરે છે અને બીજા ૧ (૫ ટકા) ઉત્તરદાતા વાંસકામ કરે છે.

આમ જોઈએ તો મોટાભાગના ઉત્તરદાતાઓ ખેતીનો મુખ્ય વ્યવસાય કરતા જણાય છે. વેપાર કે મજૂરી કરનાર ઉત્તરદાતાઓ ઓછા છે. શિક્ષણ પણ ઓછું હોવાથી નોકરી કરનારા કોઈ ઉત્તરદાતા નથી.

### કોઠા નં.૩.૪૮

### ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | ગૌણ વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પશુપાલન | ૧૦ | ૫૦ |
| ૨. | ખેતમજૂરી | ૭ | ૩૫ |
| ૩. | ખેતીકામ | ૩ | ૧૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ગૌણ વ્યવસાયમાં પશુપાલન કરનારા ઉત્તરદાતાઓ ૧૦ (૫૦ ટકા) છે. ખેતમજૂરી કરનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭ (૩૫ ટકા) છે, જયારે ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ ખેતીકામ કરે છે.

આમ, પશુપાલન કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે.

## કોઠા નં.૩.૪૯

## ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ક્રમ | આવક રૂપિયા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧,૦૦૦ થી ૧૦,૦૦૦ | ૩ | ૧૫ |
| ૨. | ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦ | ૬ | ૩૦ |
| ૩. | ૨૦,૦૦૧ થી ૩૦,૦૦૦ | ૫ | ૨૫ |
| ૪. | ૩૦,૦૦૧ થી ૪૦,૦૦૦ | ૬ | ૩૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે રૂા.૧,૦૦૦ થી ૧૦,૦૦૦ વાર્ષિક આવક હોય તેવા ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ છે. રૂા. ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦ વાર્ષિક આવક હોય તેવા ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ છે, જયારે રૂા. ૨૦,૦૦૧ થી ૩૦,૦૦૦ વાર્ષિક આવક ધરાવતા ૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ છે. રૂા. ૩૦,૦૦૧ થી ૪૦,૦૦૦ વાર્ષિક આવક હોય તેવા ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ છે.

આમ ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦ અને ૩૦,૦૦૧ થી ૪૦,૦૦૦ વાર્ષિક આવક ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે છે. તેમાં ખાસ કરીને પટેલ જાતિના લોકો ખેતીમાં સારી આવક ધરાવે છે. જયારે ઓછી આવક ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી છે.

એકંદરે અહીંના પટેલ લોકોની આર્થિક પરિસ્થિતિ અન્ય જિલ્લાના લોકો કરતાં પ્રમાણમાં સારી જણાય છે.

## કોઠા નં.૩.૫૦

## ઉત્તરદાતાને દેવુ છે કે નહિ તે દર્શાવતો કોઠો

| ક્રમ | દેવુ છે કે નહિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૬ | ૩૦ |
| ૨. | ના | ૧૪ | ૭૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે માત્ર ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ દેવું ધરાવે છે. જયારે ૧૪ (૭૦ ટકા) ઉત્તરદાતાઓને દેવું નથી. આ પરથી સ્પષ્ટ થાય છે કે ઓછા લોકો દેવું ધરાવે છે.

## કોઠા નં.૩.૫૧

## ઉત્તરદાતાને કોનું, શામાટે અને કેટલું દેવું છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | કોનું દેવું છે | શા માટે લીધું | કેટલા રૂપિયા |
|---|---|---|---|
| ૧. | બેંક | વેપાર માટે | ૧૫,૦૦૦ |
| ૨. | સંબંધી | લગ્ન માટે | ૧૦,૦૦૦ |
| ૩. | બેંક | ખેતી માટે | ૧૦,૦૦૦ |
| ૪. | બેંક | ખેતી માટે | ૧૦,૦૦૦ |
| ૫. | બેંક | ખેતી માટે | ૨૦,૦૦૦ |
| ૬. | સંબંધી | લગ્ન માટે | ૫,૦૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે એક ઉત્તરદાતાએ વેપાર માટે બેંક પાસેથી દેવું લીધેલું છે. જયારે બે ઉત્તરદાતાઓએ લગ્ન માટે સંબંધી પાસેથી દેવું લીધેલું છે. ત્રણ ઉત્તરદાતાઓએ ખેતી માટે બેંક પાસેથી દેવું લીધેલું છે.

આ રીતે જુદા જુદા કારણોસર (આર્થિક-સામાજિક) ઉત્તરદાતાઓએ દેવું લીધેલું છે.

ઉત્તરદાતાઓનો લગ્નનો દરજ્જો તપાસતાં માલુમ પડયુ કે બધા જ ઉત્તરદાતાઓ પરિણિત છે.

## કોઠા નં.૩.૫૨

## ઉત્તરદાતાની ઘરની પરિસ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | ઘરની પરિસ્થિતિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કાચું | ૭ | ૩૫ |
| ૨. | પાકું | ૧૩ | ૬૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૭ (૩૫ ટકા) ઉત્તરદાતાઓને કાચા ઘર છે, જયારે ૧૩ (૬૫ ટકા) ઉત્તરદાતાઓને પાકા ઘર છે.

આના પરથી ખ્યાલ આવેછે કે પાકા ઘર ધરાવનારાની સંખ્યા વધારે છે, જયારે કાચા ઘર ધરાવનારા ઉત્તરદાતાઓ ઓછા છે.

એકંદરે સારી આર્થિક સ્થિતિ ધરાવનારા ઉત્તરદાતા પાકા ઘરમાં રહે છે તેમ જણાય છે. બધા જ ઉત્તરદાતાઓ પોતાની માલિકીનું ઘર ધરાવે છે. કોઈ ભાડે રહેતુ નથી.

કોઠા નં.૩.૫૩

**ઉત્તરદાતા પાસે ખેતીની જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | જમીન છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૭ | ૮૫ |
| ૨. | ના | ૩ | ૧૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે ૧૭ (૮૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે ખેતીની જમીન છે. માત્ર ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે નથી.

કોઠા નં.૩.૫૪

**ઉત્તરદાતાઓની જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો**

| ક્રમ | જમીનનું પ્રમાણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ એકર | ૧૧ | ૫૫ |
| ૨. | ૧૧ થી ૨૦ એકર | ૬ | ૩૦ |
| ૩. | જમીન નથી | ૩ | ૧૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ૧૧ (૫૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે ૧ થી ૧૦ એકર જમીન છે. ૬ (૩૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે ૧૧ થી ૨૦ એકર જમીન છે. જયારે ૩ (૧૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે જમીન નથી.

આમ લગભગ ૫૫ ટકા ઉત્તરદાતાઓ જમીન ધરાવે છે. જયારે ૧૫ ટકા જેટલા ઉત્તરદાતાઓ પાસે જમીન નથી. જેમની પાસે જમીન છે તે લોકો ખેતીમાં મગફળી, બાજરી, તુવેર, મગ, અડદ, કપાસ, એરંડા, તેમજફળઝાડ અને શાકભાજી ઉગાડી એકંદરે સારી આવક પ્રાપ્ત કરે છે.

આમ, જૂનાગઢ જિલ્લાના ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવા છતાં પોતાની ફળદ્રુપ જમીન પર જાતમહેનત કરી ખેતી દ્વારા સારી આવક મેળવે છે. તેથી તેમની આર્થિક પરિસ્થિતિ સારી જોવા મળે છે. જયારે ડાંગ, પંચમહાલ અને સાબરકાંઠા જેવા પથરાળ જિલ્લાઓમાં વસતા આદિવાસી લોકોની આર્થિક પરિસ્થિતિ સારી તો નહિ પણ સામાન્ય તેમજ કેટલાક લોકોની તો ઘણી ખરાબ પરિસ્થિતિ છે. દક્ષિણ ગુજરાતમાં વ્યારા તાલુકામાં આદિવાસી વસતિ હોવા છતાં ફળદ્રુપ જમીન અને શિક્ષણમાં આગળ હોવાથી પરિસ્થિતિ સારી છે. પંચમહાલ જિલ્લામાં તો વારંવાર દુષ્કાળ પડે છે તેથી લોકો સંઘર્ષમય જીવન જીવે છે.

## પ્રકરણ - ૪

# ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ અને ચીનના અનુભવો

૭૩મા બંધારણીય સુધારાએ ભારતના રાજયતંત્રમાં એક અનોખી ક્રાંતિ લાવી દીધી છે. પંચાયતીરાજ કેજે હવે બંધારણના ૭૩મા સુધારા પછી સરકારનું ત્રીજી હરોળનું વહીવટીતંત્ર થઈ ગયું છે. તેનું મહત્વ વિકેન્દ્રિત રાજયવ્યવસ્થામાં ઘણું છે. જુદા જુદા રાજયોમાં પાયાની લોકશાહીને સુદ્રઢ બનાવવા માટે જયાં જયાં પ્રયત્નો થયા છે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશીયલ સાયન્સીસ, ન્યુ દિલ્હીના નિયામક ડૉ. જયોર્જ મેથ્યુએ કર્યો છે. "પંચાયતીરાજ (ફ્રોમ લેજીસ્લેશન ટુ મુવમેન્ટ)" નામના પોતાના પુસ્તકમાં આ અંગે વિગતવાર ચર્ચા કરેલી છે. ખાસ કરીને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળની સ્થાનિક સરકારોના વહીવટી અનુભવોની તેમજ દૂરના ચીન દેશની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પર માહિતી આપી તેઓએ એવી આશા વ્યક્ત કરી છે કે આ સુધારો દેશમાં મોટા પાયા પર વિકેન્દ્રીકરણ લાવશે પણ તેના જોખમો પણ છે. આ સુધારો કાગળ પર જ ન રહે તે માટે લોકોને જાગૃત કરવા પ્રયત્નો કરવા પડશે જેથી સાચા અર્થમાં સ્થાનિક કક્ષાએ લોકશાહી ઊભી થાય. સ્થાનિક સ્વરાજને સફળ બનાવવા નવાધારાને કાર્યાન્વિત બનાવવા લોકજાગૃતિ જરૂરી છે.

પ્રસ્તુત પ્રકરણમાં ભારતના અન્ય રાજયો જેવા કે ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ તેમજ ચીનદેશના વહીવટી અનુભવો અંગે ચર્ચા કરવામાં આવી છે.

એક તત્વજ્ઞાનીએ ચૂંટણીઓને સંસ્થાકીય ક્રાંતિઓ કહી છે. ઓરિસ્સાના મુખ્યપ્રધાન બીજુ પટનાયકે ૧૯૯૦માં પોતાના પછાત રાજયને જાગૃત કરવા માટે લોકશાહી પ્રક્રિયા શરૂ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો. તેમને સમજાયુ કે જયાં સુધી પાયાની સંસ્થાઓમાં લોકશાહીનું વાતાવરણ ન સર્જાય ત્યાં સુધી કાંઈ જ કરી શકાય નહિ. તેમણે નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતોની ચૂંટણી યોજી. આ ચળવળે રાજયમાં સંસ્થાગત ક્રાંતિનું સ્વરૂપ પકડયું. આ ઉપરાંત ૫મી માર્ચ ૧૯૯૩માં બીજુ પટનાયકના જન્મદિને "પંચાયતી રાજ દિન" તરીકે ઉજવવાનું નક્કી થતાં તે દિવસે ભૂવનેશ્વરમાં ગ્રામપંચાયતના ૧૬,૦૦૦ જેટલા ચૂંટાયેલા સભ્યો - બધા જ અધ્યક્ષો, પંચાયત સમિતિના સભ્યો, બધા જ ગ્રામપંચાયતોના સરપંચો, ઉપસરપંચો, રાજયના વિધાનસભ્યો, સંસદ સભ્યો, સરકારી અધિકારીઓ સહિત અને આમંત્રિતો વગેરેએ ભેગા મળી બે દિવસ માટે વિચારવિમર્શ કર્યો.

દેશમાં આવું સંમેલન બે વખત થયું હતું. સને ૧૯૬૧-૬૩ દરમ્યાન જયારે બીજુ પટનાયક પહેલી વખત મુખ્યમંત્રી બન્યા ત્યારે થયું હતું. તેઓ માનતા હતા કે સરપંચોએ મુખ્ય પ્રધાન તરીકે

કામ કરવું જોઈએ જેથી લોકો તેમને માનથી જુએ. તેમણે ૮,૦૦૦ સરપંચોને ભૂવનેશ્વરમાં ભેગા કર્યા હતા અને તેમને રાજ્યના પ્રતિનિધિઓ તરીકે કામ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ ૧૯૮૭માં કર્ણાટકમાં મુખ્યમંત્રી રામકૃષ્ણ હેગડેએ તેના મુખ્ય શહેર બેંગલોરમાં ૫૬,૦૦૦ (છપ્પન હજાર) જિલ્લા પરિષદ અને મંડળ પંચાયતના સભ્યોને ભેગા કર્યા.

**સ્ત્રીઓને મતાધિકાર :**

ભૂવનેશ્વરનું મિલન એટલા માટે યાદગાર હતું કે તેમાં ભાગ લેનાર ૫૦ ટકા મહિલાઓ હતી. ઓરિસ્સા એવું પહેલું રાજ્ય છે કે જયાં કેન્દ્ર હજુ મહિલાઓના આરક્ષણ માટે ચર્ચા કરી રહ્યું હતું ત્યાર ઓરિસ્સામાં નગરપાલિકાઓ અને પંચાયતોમાં મહિલાઓ માટે ૩૩ ટકા આરક્ષણનું અમલીકરણ થયું હતું. ઓરિસ્સામાં ૯૪ નગરપાલિકાઓમાં ૪૮૦ મહિલા સભ્યો હતા. ઓરિસ્સાની ૫,૨૬૩ ગ્રામપંચાયતો અને ૩૧૪ પંચાયત સમિતિઓમાં તેમની સંખ્યા ૨૫,૦૦૦થી વધુ હતી. મહિલાઓ માટે અનામત રહેલ મોટાભાગની બેઠકો માટે ઘણા ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. આ સિદ્ધિ એટલા માટે ઉલ્લેખનીય છે કે ત્યાં મહિલાઓમાં શિક્ષણ ૨૯.૧ ટકા જેટલું છે. ઓરિસ્સા ગ્રામપંચાયત કાયદો મહિલાઓને પંચાયતી રાજની સંસ્થાઓના બધા સ્તરોના હોદ્દાઓને ધારણ કરવા દે છે. આ ઉપરાંત ઓરિસ્સા પંચાયત ધારા પ્રમાણે જો સરપંચ પુરૂષ હોય તો ઉપસરપંચ મહિલા જ હોવી જોઈએ. આ પગલું ક્રાંતિકારી ગણાય. કારણ બીજા કોઈ રાજ્યમાં કે બંધારણમાં આવો પ્રગતિશીલ સુધારો નથી.

ભૂવનેશ્વર સંમેલનમાં સ્ત્રીશક્તિની લાગણીની ભરતી જોવા મળી. તેઓએ હિંમતપૂર્વક આગળ આવીને પોતાની લાગણી અને મુશ્કેલીઓ વર્ણવી હતી. તેઓએ તેમને પુરતી સત્તા અને સંસાધનો ઉપલબ્ધ ન કરવા બદલ સરકારની ટીકાઓ કરી આક્રોશ ઠાલવ્યો હતો. અમે ચૂંટાયા છીએ એ સારા ખબર છે પણ અમે કશાનો અમલ કરી શકતા નથી. અમારી પાસે સત્તા નથી, સંસાધનો નથી તે ઘણી ખરાબ પરિસ્થિતિ છે. અમલદારશાહી દાદ આપતાં નથી. અમે મહિલાઓ સુધારામાં તમારી સાથે છીએ પણ અમલદારશાહી તમારા સ્વપ્નોને ભસ્મીભૂત કરી નાખશે. વિકાસ અધિકારીઓ મહિલા પ્રતિનિધિઓનું સાંભળતા જ નથી, એવી મહિલા પ્રતિનિધિઓની ફરિયાદ હતી.

મુખ્યમંત્રીએ બે દિવસ સુધી બધાને શાંતિથી અને ધીરજથી સાંભળ્યા. પંચાયતો કેમ કામ કરી શકતી નથી તેના જવાબમાં એમણે જણાવ્યું કે ભ્રષ્ટાચારી અમલદારોને લઈને પંચાયતો નિષ્ફળ ગઈ છે. સ્વાધીનતાના ૪૫ વર્ષના વહીવટી અનુભવે ભ્રષ્ટાચારી વહીવટને મજબુત બનાવ્યો છે.

મહિલાઓએ ગુસ્સાથી બોલતા જણાવ્યું હતું કે વહિવટદારો ભ્રષ્ટાચારી અને પ્રતિકુળ પ્રતિભાવ અપનાવનારા છે.

ડૉ. જયોર્જ મેથ્યુ તેમના પુસ્તક "પંચાયતીરાજ"માં જણાવે છે કે, "ઓરિસ્સા સરકારે પોતાના કાયદા બાબતમાં ખુલ્લુ મન રાખેલ છે અન તે તેની વર્તમાન નેતાગીરીને આભારી છે. કારણ તેણે આ સ્થાનિક સંસ્થાની ગુણવત્તામાં સુધારો કરવા માટે સૂચનો આવકાર્યા છે." પંચાયતીરાજના પીઢ હિમાયતી શ્રી એલ.સી. જૈનને અને ઓરિસ્સાના મુખ્યમંત્રી, તેમના પંચાયતીરાજના મંત્રી(પંચાયત પ્રધાન) શ્રી દામોદર રાઉત અને ઉચ્ચ રાજય અધિકારીઓ સાથેની મુલાકાતમાં જિલ્લાની (પંચાયતોને) સંસ્થાઓને ખરેખરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ બનાવવા માટેના કેટલાક સૂચનો કર્યા હતાં. તેમાંના કેટલાક સુચનો આ મુજબ હતા. પ્રથમતો આયોજન અંગે એવી ભલામણ કરવામાં આવી કે આયોજન વિભાગે જિલ્લા પરિષદનું આયોજન રાજયના આયોજનમાં મેળવી દેવું જોઈએ. બીજુ અંદાજપત્રના વહીવટમાં એવું વિચારવામાં આવ્યું કે જિલ્લા પરિષદ માટે બજેટમાંથી સીધું વિતરણ કરવું. જિલ્લા વિભાગની હાલની પદ્ધતિને બદલે તેને સીધું વિતરણ કરવું જોઈએ કે જેથી મૂળ પાયામાંથી આયોજન ઊભું થાય અને અસરકારક બને."

આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા ખાતું આયોજનથી જુદું કરી બન્ને માટે એક એક પુરા સમયના અધિકારીઓ મુકવા જોઈએ.

જિલ્લા પરિષદો વચ્ચે તંદુરસ્ત હરિફાઈ થાય તે માટે પુરસ્કાર યોજના પણ કરી શકાય. બીજુ પટનાયકે "પંચાયતી રાજ દિવસ" પર વિકાસની પ્રવૃત્તિના સંદર્ભમાં દરેક જિલ્લાની પ્રથમ કે આગળ પડતી ગ્રામપંચાયતને એક લાખ રૂપિયાનો પુરસ્કાર આપવાની તેમજ ત્રણ મહેસુલી પ્રાંતોમાંથી પસંદ થયેલી શ્રેષ્ઠ ત્રણ પંચાયત સમિતિઓને વધુ વિકાસની પ્રવૃત્તિઓ કરવા માટે એક કરોડ રૂપિયાના પુરસ્કારની જાહેરાત કરી હતી. પંચાયતીરાજ દિવસની ઉજવણીઓ સાબિત કરી આપ્યુ છે કે બીજુ પટનાયક ખરેખર લોકશાહીમાં માને છે અને સભાનપણે મહિલા શક્તિ તેમજ પંચાયતી રાજની યુવાન નેતાગીરી ઉભી કરવા પોતાનાથી બનતું કરી રહ્યા છે.

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન જયોતિબસુએ બંગાળના મુખ્યપ્રધાન તરીકે એકધારા સોળ વર્ષ પુરા કર્યા ત્યારે સતત ચાર વખત પંચાયતોની ચૂંટણીઓ કરી એ માટે જ ધન્યવાદ આપવા ઉપરાંત આ ચૂંટણીઓને લઈને ગ્રામપ્રદેશમાં જે સામાજિક પરિવર્તન આવ્યું છે. આ માટે પણ બિરદાવવા પડે. સરકાર પંચાયતોને સ્થાનિક સ્વરાજયના એકમો ગણી તેને વળગી રહી તેની આ ભારે મોટી અસર છે.

૩૦ મે ૧૯૯૩ માં જયારે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ત્યારે વિકેન્દ્રીત શાસન વ્યવસ્થા સાથે સંકળાયેલા લોકોમાં ભારે રસ જાગ્યો. લોકશાહી સ્વરૂપોનો પ્રયોગ કરી રહેલા એવા ચીન દેશમાંથી છ સભ્યોનું પ્રતિનિધિ મંડળ આ ગ્રામ પ્રદેશની ચૂંટણીઓનો અભ્યાસ કરવા આવ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં ત્રિ-સ્તરીય પંચાયત પ્રથા છે જેમાં ગ્રામપંચાયત, પંચાયત સમિતિઓ અને જિલ્લા પરિષદોનો સમાવેશ થાય છે. ત્રણ કરોડ ચૂંટનારાઓ ૭૧,૧૧૯ સભ્યોને ચૂંટે છે. એક જ દિવસમાં ૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયો અને મતદાન પૂરું થયું. આ જ સમય દરમ્યાન કંબોડિયામાં થયેલ ચૂંટણીઓને સરખાવતા જાણવા મળે છે કે કંબોડિયામાં ૪૭ લાખ મતદારોનું મતદાન પૂરું કરવા સાત દિવસ લાગ્યા અને ૪ કરોડ અમેરીકી ડોલર જેટલો ખર્ચ થયો. આમ પશ્ચિમ બંગાળમાં અદ્યતન કહી શકાય તેવા કોમ્પ્યુટર કે અન્ય સુધારેલ સાધનોનો ઉપયોગ વિના સંચાલનનું કાર્ય અધિકારીઓએ કર્યું. કારણ કે વર્ષોથી નિયમિત રીતે પંચાયતની ચૂંટણીમાં કરાવવાની બાબતમાં લોકો ટેવાયેલા અને અનુભવી છે. ગ્રામપ્રદેશના લોકો માટે દર પાંચ વર્ષે આવતી ચૂંટણી જીવનનો એક ભાગ બની ગઈ છે. કારણ વિકેન્દ્રિત લોકશાહીએ પોતાના મૂળ ઊંડા નાખ્યા છે.

ચૂંટણીઓનું પૃથ્થકરણ કરતાં જણાયું હતું કે લોકોએ જે રાજકીય પક્ષ આટલા બધા વર્ષોથી રાજ ચલાવી રહ્યો હતો તેનું મૂલ્યાંકન કર્યું. પશ્ચિમ બંગાળના ગ્રામપ્રદેશમાં પંચાયતના મૂળ ઊંડા નંખાયેલા છે. ત્યાંનો ગ્રામપ્રદેશ સુખી છે. ગ્રામપ્રદેશ ગરીબ ખેડૂતોની ખેતીવાડીની આવક વધતી જાય છે. આનુ કારણ ગ્રામપંચાયતોએ ગરીબ ખેડૂતોને આપેલો અસરકારક ટેકો છે. 'ખેતી કરનારને જમીન આપો' ના સિદ્ધાંત પર ગ્રામપંચાયતો ચાલી રહી છે. સરકારના કબજા હેઠળની મોટાભાગની જમીનો ખેતી કરનાર ખેતમજૂરોને મળી જેમાં ૫૮ ટકા અનુસૂચિત જાતી અને અનુસૂચિત જનજાતિના લોકો છે. જયાં મોટા પાયા પર જમીનદારીપ્રથા હતી ત્યાંની આ એક સિદ્ધિ ગણાય. આ ઉપરાંત ગ્રામપંચાયતોએ નાની સિંચાઈ યોજનાઓ હાથ ધરી ખેડૂતોને મદદરૂપ બન્યા હતા. પરિણામે ઉત્પાદન વધવાથી લોકો સુખી બન્યા.

પશ્ચિમ બંગાળમાં રાજયના અધિકારીઓ અને લોકોના પ્રતિનિધિઓ વચ્ચે સંતોષપૂર્વકની કામકાજની વ્યવસ્થા જોવા મળે છે. બંગાળાં જયારે પંચાયતોની શરૂઆત થઈ ત્યારે જિલ્લા ન્યાયાધીશને જિલ્લા પરિષદના નીચે મુકવામાં આવ્યા હતા અને જણાવવામાં આવ્યું કે અમલદારોએ જિલ્લા પ્રમુખની સાથે યોગ્ય અને માનભેર વર્તાવ કરવો. અમોદારોના વલણમાં ફેરફાર કરવા તેમને પંચાયતની જુદી જુદી સમિતિમાં લેવામાં આવ્યા. આ ઉપરાંત નબળા વર્ગના લોકો અને અધિકારીઓ વચ્ચે સંપર્ક

વધે તે માટે રાજ્યશાસન તંત્રએ એક પુનઃસંસ્થાપન શિબિર ત્રણ ચાર દિવસની શિબિરનો કાર્યક્રમ કર્યો. જેમાં ત્રીસથી ચાલીસ ભૂમિહીન ખેતમજૂરો અને પંદરથી વીસ જેટલા જુદી જુદી કક્ષાના અધિકારીઓ સાથે રહે, સાથે જમે અને કામ કરે અને એકબીજાને મળે. મજૂરોને તેમના પ્રશ્નો, મુશ્કેલીઓ અને રોષ પ્રગટ કરવાનું કહેવામાં આવ્યું જેથી અમલદારોને એ બાબતનો ખ્યાલ આવે કે ગરીબોમાં તેમના વિષની છાપ કેવી છે. આથી કેટલાક અધિકારીઓ પોતાની ભૂતકાળની વર્તણૂંક અને કામગીરીનું મૂલ્યાંકન કરી તેની યથાર્થતા અંગે જાતે જ વિચારતા થયા. તેને કારણે કેટલાક અધિકારીઓમાં મન પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ ખરી. હવે અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમજતા થયા કે બંનેને એકબીજા વગર ચાલશે નહિ. આમ અહીં નવા ધારાના અમલને કારણે આટલું પરિવર્તન આવેલું સ્પષ્ટ જણાય છે.

ચૂંટણી વખતે પોતાને થયેલા અનુભવને ટાંકતા શ્રી જયોર્જ મેથ્યુ જણાવે છે કે.. ગ્રામપ્રદેશમાં ચૂંટણી દરમ્યાન એક બાબત જાણવા મળી કે, પંચાયતીરાજે આ રાજયમાં ઊંડા મૂળ નાખ્યા છે. ત્યાંની આમ આદમીને વિધાનસભા અને લોકસભા ઘણા દૂર છે. પણ ગ્રામપંચાયત સાથેનો સંબંધ રોજબરોજનો થઈ ગયો છે અને તેનું ઘણું ખરું જીવન આ લોકશાહી સંસ્થા આસપાસ ગુજારાય છે. દર પાંચ વર્ષે આવતી ચૂંટણીઓથી તે ટેવાઈ ગયો છે. એટલે જ ૧૯૯૩ની ચૂંટણીમાં ૭૫ ટકા મતદાન થયું.''

ચૂંટણીના ભીંતપત્રો અને પ્રચાર ગ્રામપ્રદેશનું જીવન જીવંત બનાવે છે. ચોરે અને ચૌટે તેમજ હોટલોમાં ચૂંટણીની જ ચર્ચા. એટલે લોકશાહી અભિગમ નજરે પડે છે. કોઈને પૂછવામાં આવે કે ગઈ પંચાયતે શું કર્યું? તો ગ્રામવાસી તેની સારી બાજુ અને સુધાર વર્ણવે છે. પછી પૂછીએ તો વિરોધ કેમ છે? જવાબ મળશે કે ''પરિસ્થિતિ હજુ વધારે સુધારી શકાય તેમ છે'' આનું નામ જ ઊંડા મૂળવાળી લોકશાહી.

ચીનથી ચૂંટણીનો અભ્યાસ કરવા આવેલા પ્રતિનિધિમંડળને જયારે પૂછવામાં આવ્યું કે, ''તમને આ ચૂંટણીમાં શું વધારે જાણવા જેવું લાગ્યું?''

તેમનો જવાબ હતો કે પહેલી વાતતો એ કે આટલી મોટી સંખ્યામાં મહિલાઓ ઉત્સાહપૂર્વક ચૂંટણીમાં ભાગ લે છે. એ છે બીજી વાત છે સરળ રીતે પુરી થયેલી આટલી મોટી ચૂંટણીની પ્રક્રિયા અને મતદાતાઓની શિસ્ત.

ચીનના પ્રતિનિધિ મંડળ સાથે વાર્તાલાપ કરતા બંગાળના મુખ્યમંત્રીશ્રી જયોતિ બસુએ કહ્યું હતું કે ''જે રીતે બંગાળમાં પંચાયતીરાજ ચાલે છે તેનો ગર્વ છે. તેનું ગૌરવ છે છતાં મને એ વાતનો

પણ સંકોચ છે કે ગ્રામપ્રદેશમાં હજુ અસરકારક રીતે શિક્ષણ વધારી શકાયું નથી. બંગાળમાં શિક્ષિત લોકોની ટકાવારી ૫૭.૭૦ ટકા છે અને ભારતના અન્ય રાજયોની સરખામણીમાં તેનું સ્થાન છઠ્ઠુ છે. હવેના વર્ષોમાં પંચાયત મારફતે લોકોના શિક્ષણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. કેરાળામાં જે શાસ્ત્ર સાહિત્ય પરિષદે કર્યું. તેવું પશ્ચિમ બંગાળમાં અસરકારક રીતે અને અવિરત ધોરણે પંચાયતીરાજની સંસ્થાઓ મારફત કરી શકાય.

**ચીન :**

ગ્રામપ્રદેશમાં સ્વશાસન એ ચીનમાં મોટી લોકશાહી પ્રવૃત્તિ છે. સામ્યવાદીઓનો કેન્દ્રીકરણનો અભિગમ હોવા છતાં ગ્રામ્યપ્રદેશમાં લોકોને સ્વશાસન આપવાના જોરદાર પ્રયત્નોને લઈને ચીનમાં ગ્રામ્ય પ્રદેશમાં જે થઈ રહ્યું છે એ ધ્યાન દોરે તેવું છે.

૧૯૮૭માં ચીને સ્વીકારેલ મૂળભૂત કાયદા મુજબ ચીનની ગ્રામ્ય સમિતિઓ કામ કરે છે અને ૧૯૪૯ની ક્રાંતિ પછી ગ્રામ્ય વ્યવસ્થામાં ત્રણ મુખ્ય ફેરફારો થયા.

(૧) ૧૯૪૯ થી ૧૯૫૬ દરમ્યાન પ્રથમ ફેરફાર થયો. આ સમય દરમ્યાન ચીનના સામ્યવાદી પક્ષો લોકોને નવા લોકશાહી મૂલક માળખામાંથી સમાજવાદ તરફ દોર્યા. આ સમય દરમ્યાન શહેરી રાજકીય સત્તા અને ખેતીવાડી ઉત્પાદકોની સહકારી મંડળીઓની સ્થાપના થઈ.

(૨) બીજો તબક્કો ૧૯૫૮ થી ૧૯૮૨ સુધીનો ગણી શકાય. જેમાં લોકોની સહકારી મંડળીઓ (કોમ્યુન) ઊભી થઈ.

(૩) ત્રીજો તબક્કો ૧૯૮૨માં આવ્યો જેમાં ચીનની સરકારે નવું બંધારણ સ્વીકાર્યું. ગ્રામસમિતિઓને ગ્રામ્યપ્રદેશના પ્રાથમિક વહીવટના એકમો ગણવામાં આવ્યા. ગ્રામસમિતિઓનું કાર્ય સામાજિક સુરક્ષા, કજીઆમાં સમાધાન કરાવવાનું તથા જાહેર કામો કરવાનું હતું. નવા બંધારણમાં આ પદ્ધતિ અપનાવવામાં આવી.

ચીનમાં રાજયવ્યવસ્થામાં ચાર સ્તર છે. કેન્દ્રીય, પ્રાંતીય, તાલુકા અને કસબાની નગર વસાહત. અઢાર વર્ષ ઉપરના મતદારો દ્વારા ત્રણ વર્ષ માટે સીધી ચૂંટણી દ્વારા ગ્રામજનોની સમિતી ચૂંટવામાં આવે છે. તે ગ્રામપ્રદેશનો વહીવટ ચલાવે છે. શિક્ષણ આપે છે અને પોતાના પ્રશ્નો સુલઝાવે છે. આ સમિતિમાં એક પ્રમુખ, એક ઉપપ્રમુખ અને સાત સભ્યો હોય છે. ચીનમાં આવી ગ્રામસમિતિઓ ૧૦, ૧૮, ૫૯૩ છે. જયારે ભારતમાં ૨, ૬, ૨૬૪ ગ્રામપંચાયતો છે. અગત્યના નિર્ણયોમાં ગ્રામસભાના બધા જ સભ્યોની બેઠક બોલાવવામાં આવે છે.

આ ગ્રામસમિતિઓની આર્થિક સ્થિતિ પણ મજબુત પાયા પર છે. ગ્રામસમિતિઓ પોતાની આવકમાંથી ૧ ટકો શહેર સમિતિને આપે છે. આ નીચેથી ઉપર જતી આવક ચીનમાં જ શક્ય છે કારણ ત્યાંની બધી જમીન સરકારી છે. વ્યક્તિગત જમીન ધરાવી શકતુ નથી. જે જે સમુહને જમીન ફાળવી હોય તેણે દર વર્ષે ખેતીવાડી ઉત્પાદનનો અમુક હિસ્સો પંચાયતને આપવો પડે છે. આ ઉપરાંત ગ્રામ પ્રદેશના ઉદ્યોગોમાંથી પણ સમિતિને આવક થાય છે. આ વ્યવસ્થાની ભારત સાથે સરખામણી કરતાં જણાય છે કે આપણે ત્યાં પંચાયતોને આવકની મુશ્કેલી હોય. ભારે આર્થિક તંગીમાં હોય છે. જયારે ચીનમાં પંચાયતો આર્થિક રીતે સદ્ધર હોવાથી ત્યાં ગ્રામપંચાયતનું કાર્ય આગળ વધી રહ્યું છે.

**ચીન તેના ગામડાંમાં વસે છે :**

ગ્રામપંચાયતના હેતુ અંગે જણાવતા ગ્રામપ્રદેશના પ્રતિનિધિઓએ જણાવેલુ કે, "બધા સભ્યો માટે સુખી જીવન એ અમારું ધ્યેય છે. હાલ તો અમારા ખેડૂતો જમીનમાંથી વધારે ઉત્પાદન લેવા ખુબ મહેનત કરી રહ્યા છે. જીવનનું આધ્યાત્મિક અને શારીરિક સ્તર ઊંચુ આવે એ માટે અમે પ્રજાતંત્રને મજબુત બનાવી રહયા છીએ."

ચીનમાં રાજદ્વારી હરિફાઈની એક મર્યાદા છે. લગભગ બધા ગ્રામપ્રદેશોમાં રાજદ્વારી હરિફાઈને બદલે સર્વ સામાન્ય અભિપ્રાયને બધા મહત્વ આપે છે. ભારતના સર્વોદયને જેમાં સર્વેનું ભલું થાય તેને મહત્વ આપે છે અને ગ્રામ્ય પ્રદેશમાં રાજકારણ પેસે તે ઘણાને માન્ય નથી.

મહિલાઓના સ્થાન અંગે ચીની સમાજે તો હજુ ઘણું કરવાનું બાકી છે. મહિલાઓ માટે સ્થાનિક સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખવામાં આવી નથી. ગ્રામ સમિતિઓમાં ક્યાંક ક્યાંક એકાદ બે મહિલાઓ હતી તે પણ તેમના હક્ક તરીકે. જો કે ભારતની જેમ પોતાની શક્તિથી સત્તાના સુત્રો સંભાળતી મહિલાઓ હતી. લાયોનીંગ પ્રાંતના સ્ટેન્ડીંગ સમિતિના ઉપપ્રમુખ ૬૦ વર્ષના ચેનસુઝી મહિલા છે. પહેલા તેઓ આ પ્રાંતના રાજયપાલ હતા. તેઓ ૧૯૭૭માં એક કારખાનામાં કામે લાગેલા. એ પછી તેઓ ધીમે ધીમે ઉપર ચડયા. આમ જે મહિલાઓ પોતાની શક્તિથી આગળ આવી છે તે ઘણી જ હોંશિયાર, બુદ્ધિશાળી અને ચાલાક છે. ચીનમાં પુરુષો જેટલું જ સ્ત્રીઓનું અક્ષરજ્ઞાન છે. ટૂંકમાં બંનેનુ શિક્ષણ ધોરણ સરખું છે. ગ્રામ્યસ્તરે યુવાન નેતાગીરી આગળ આવતી જાય છે. ઘણાખરા પ્રતિનિધિઓ ૩૫ થી ૪૫ વચ્ચેની ઉંમરના જણાયા.

ગ્રામ્ય સ્તરે ભ્રષ્ટાચારનો પ્રશ્ન ગુંચવાડાભર્યો છે. હાલમાં સમિતિઓ કહે છે કે ભ્રષ્ટાચાર નથી પણ તેનું કારણ એ હોઈ શકે કે પક્ષની કડક શિસ્તને લઈને હોય. પણ જેમ જેમ ઉદારમતવાદી

લોકશાહી ઊભી થતી જશે તેમ તેમ ગામ્ય સ્તરે અનેક પ્રલોભનો ઊભા થશે અને ભ્રષ્ટાચારને અટકાવી નહિ શકાય. આ બધી મુશ્કેલીઓ છતાં ગ્રામસ્તરે સમિતિઓ ઊભી થઈ ઉત્પાદાન વધ્યું, ખેડૂતોની માથાદીઠ આવક વધી, વહીવટી સંસ્થાઓ ઊભી થઈ અને લોકોને પોતે ભાગ લઈ રહ્યા છે તેવો સંતોષ પણ થયો. જુદી જુદી સંસ્થાઓ ઊભી થઈ જેમકે બાલવાડી જેમાં બહુ જ ઓછી ફીથી બાળકોના વિકાસની વ્યવસ્થા છે. ગ્રામસમિતિ આવ્યા બાદ સારા રસ્તાઓ, સારી ગુણવત્તાવાળા આધુનિક ઘરો, તેથી વિશેષ તો વૃદ્ધો માટે નિવૃત્તિ વેતન યોજનાઓ અસ્તિત્વમાં આવી. ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધ પુરુષને દર મહીને ૬૦ યુઆન અને મહિલાઓને ૧૦૦ યુઆન મળે છે. વિકાસ માટે આવી અનેક સંસ્થાઓ ઊભી થઈ અને તેનો વહીવટ લોકો પાસે આવ્યો. આ રીતે ગ્રામપ્રદેશની સમિતિઓ સારું કાર્ય કરી રહી છે અને લોકશાહીને ધીમી ગતિ આપી રહી છે. તે પરથી ખ્યાલ આવે છે કે લોકો પાસે સત્તા હોય તો શું શું કરી શકે છે?

ભારતના જાણીતા નેતા ચૌધરી ચરણસિંહે ૧૯૮૧માં લખેલા એક પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે ચીનમાં લોકોને વધારે ખોરાક અને કપડાં મળે છે. કારણકે એમણે ગાંધીજીની ફીલસુફી અપનાવી છે. માઓએ સત્તામાં આવ્યા પછી પહેલી અગત્યતા ખેતીવાડીને આપી. ચીનની ખેતી સમૃદ્ધ કરી અને બીજી બાબત તેણે વિકેન્દ્રિત વ્યવસ્થા અને ખેતમજૂરોને વધારે મહત્વ આપ્યું. ગાંધીજીએ પણ પોતાના મંતવ્યમાં જણાવ્યું છે કે, "કુદરત દરેક માણસની જરૂરિયાત પ્રમાણ આપે છે, જો કે માણસના લોભની વિરુદ્ધ છે."

ભારતમાં પણ જો યોગ્ય રીતે ગ્રામસમિતિઓ રચી તેને કારભાર સોંપવામાં આવે તો ૨૧મી સદીમાં માઓની દૃષ્ટિ અને ગાંધીજીના મંતવ્ય પ્રમાણે લોકોને સુખી કરવાનું શક્ય છે. ચીનના જવાબદાર નેતાએ કહ્યું કે અમે ચીનમાં વહેલી તકે લોકશાહી લાવવા આતુર છીએ. એ માટે બધા પ્રયત્નો થઈ રહ્યા છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે ચીન પણ લોકશાહીના દ્વારે આવી ગયું છે. ગ્રામજનોની સમિતિએ ચીનની ભવિષ્યની લોકશાહીનો પાયો છે.

૧૯૮૨ના ચીનના બંધારણમાં ગ્રામીણ રહેવાસીઓ દ્વારા સ્થપાયેલ ગ્રામજનોની સમિતિઓને ગ્રામિણ કક્ષાએ સ્વરાજની સામૂદાયિક સંસ્થાઓ તરીકે ગણવામાં આવી. આને લીધે પાયામાંથી સમૂહજીવન અને રાજકીય સત્તામાં લોકો ભાગ લેતા થઈ ગયા. ઉત્પાદન સાથે મહેનતાણું જોડવામાં આવ્યું કે તરત જ લોકો સ્થાનિક સ્વરાજની સંસ્થા ઊભી કરવા માંડ્યા. આના પરિણામે ગ્રામ અર્થકારણ અને સામાજિક સંબંધોમાં પણ ધરખમ પલટો આવ્યો. એ પછી ગ્રામસમિતિઓના વહીવટ અંગે કાયદા ઘડાયા તેમજ કાયદેસરની (૧૯૮૫ પછી) લોકશાહી સંસ્થાઓ ઊભી થઈ એટલે વર્ગ વિગ્રહનો અંત

આવ્યો. અત્યંત કેન્દ્ર શાસિત વ્યવસ્થા પછી ચીનનો આ લોકશાહીને જબરજસ્ત કુદકો કહેવાય.

ચીનની ગ્રામ્ય પ્રજાને ભારતની જેમ લોકશાહી પંચાયતોનો કોઈ પરંપરાગત અનુભવ નથી. છતાં લોકો ચુંટણીને ખૂબ મહત્વ આપતા થઈ ગયા છે.

ચૂંટણી બાબતમાં હજુ બધુ સરળ અને સંતોષકારક નથી. કેટલાક તેને સાવ મુક્ત ચૂંટણી નથી ગણતા કારણકે પક્ષના ગ્રામ્ય આગેવાનોનું દબાણ હજુ પણ વર્ચસ્વ ધરાવે છે. ભૂતકાળમાં પરગણા અને ગામના પદાધિકારીઓ હાથ ઊંચા કરીને અથવા એક કટોરામાં દાણા નાખીને ચૂંટણી કરવા ટેવાયેલા હતા. પરંતુ હવે ગ્રામજનો મતપત્રકને મહત્વ આપવા માંડ્યા છે. જોકે હજુ ઉપરના અમલદારો પોતાનું ધાર્યું કરવા ટેવાયેલા છે અને ચૂંટણીના નિયમો અને કાયદાઓ હજુ કડક રીતે અમલમાં નથી. ચૂંટણીના પ્રચારમાં ભારત જેવો ગરમાટો કે ઉશ્કેરાટ ભાગ્યે જ જોવા મળે છે. બીજી એક મહત્વની વાત એ છે કે ચીનમાં ગુપ્ત મતદાન નથી. એટલે લોકો ભેગા મળીને ચૂંટણીપત્રક પર એકબીજાની સાથે મત આપે છે. બંગાળની ચૂંટણી જોવા આવેલા ચીનના ચૂંટણી અમલદારો ભારતની ગુપ્ત મતદાન વ્યવસ્થાથી ખુબ પ્રભાવિત થયેલા અને તેના ખુબ વખાણ કરતા હતા.

ચૂંટણીની આવી પ્રથા અને બીજી અનેક મુશ્કેલીઓ છતાં ગ્રામ સમિતિઓએ ચીનમાં જે વિકાસ સાધ્યો છે અને લોકોના જીવનમાં જે જોવા મળ્યું છે તે ઘણું આશાસ્પદ છે. દેશ સમાજવાદી આયોજનમાંથી હવે સહકારી આયોજન તરફ જઈ રહ્યો છે. સંભવ છે કે ચીનમાં લોકશાહી ચીની ઢબે જ વિકાસ પામે. ત્યાંના વિદ્વાનોના મતે તેમના ગામડાંઓમાં જે બની રહ્યું છે તે ચીની લાક્ષણિકતા સાથેની લોકશાહી છે. ટૂંકમાં લોકશાહીમાં ઊંડો રસ ધરાવતા લોકો ચીનમાં ભવિષ્યમાં ખરી લોકશાહી ઊભી થાય એ માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહ્યા છે.

આ રીતે ભારતના અન્ય રાજયોમાં તેમજ ચીન જેવા દેશમાં પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું ઘણું મહત્વ જણાય છે.

## પ્રકરણ - ૫

# ગુજરાત રાજ્યમાં નવાધારાનું અમલીકરણ

**પ્રસ્તાવના :**

૭૩મા બંધારણીય સુધારાએ આખા દેશમાં પંચાયતીરાજ દ્વારા ગ્રામસ્તર પર સ્વશાસન માટે એક બંધારણીય તક ઊભ કરી છે. તેમાં મહિલાઓ, દલિતો અને આદિવાસીઓને શાસનમાં ભાગીદારી માટે જે તક પૂરી પાડવામાં આવી છે તેનો બહોળો સ્વીકાર થયો છે. પરંતુ બંધારણના પાંચમા અને છઠ્ઠા પરિચ્છેદમાં જણાવ્યા અનુસાર દેશમાંના આદિવાસી વિસ્તારોને અનુસૂચિત વિસ્તારો તરીકે જાહેર કરવાની જોગવાઈ છે પરિચ્છેદમાં જણાવ્યા અનુસાર અનુસૂચિત વિસ્તારો માટે આ અધિનિયમ કેટલી હદે લાગુ પડશે તે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી. આપણા બંધારણમાં એ જોગવાઈ રાખવામાં આવી છે કે કોઈ નિયમ અથવા કાયદો આદિવાસીઓની સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાઓને અસંગત હોય તો તેના પર પગલાં લઈ શકાય. ૭૩મો પંચાયતીરાજ અધિનિયમ એ આદિવાસી વિસ્તારો માટે કઈ રીતે લાગુ પાડી શકાય તે વિશે વિચારણા કરવા માટે સંસદે ૧૦ જુન, ૧૯૯૪ના રોજ શ્રી દિલીપસિંહ ભુરિયાના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિ (આપણે આગળના પ્રકરણમાં જોયુ તે મુજબ) ની રચના કરી હતી. આ ભુરિયા સમિતિએ તા.૧૭-૧-૧૯૯૫ના રોજ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો.

આ અહેવાલને અનુરૂપ કાયદો મે, ૧૯૯૫માં સંસદમાં દાખલ કરવામાં આવ્યો અને ૨૪ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ રાષ્ટ્રપતિએ અનુસૂચિત વિસ્તારોમાટે પંચાયતના નવા અધિનિયમને મંજૂરી આપી છે તથા દરેક રાજ્ય સરકારને એક વર્ષમાં આ અંગે કાયદો ઘડવાનો આદેશ આપ્યો. આ ઘટના લોકશાહી ભારતના ઈતિહાસમાં સીમા ચિહ્નરૂપ છે. આઝદીના ૫૦ વર્ષ બાદ આદિવાસીઓને સ્વશાસન મળે તેવી તક ઊભી થઈ છે અને નવી આશાનો સંચાર થયો છે. પરંતુ જયાં સુધી આ નવા કાયદાનું અમલીકરણ ન થાય ત્યાં સુધી તે માત્ર આશાનું કિરણ જ છે. ગુજરાત વિધાનસભાએ ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે જુલાઈ, ૧૯૯૮માં ગુજરાત પંચાયત ધારો ૧૯૯૮ ઘડ્યો.

ગુજરાતમાં ૧૪ ટકા જેટલી વસતિ આદિવાસીઓની છે તેથી આ કાયદાનું મહત્વ આપણા માટે ઘણું છે. આ કાયદામાં આદિવાસીઓના પોતાના ગામના સામુદાયિક સંસાધનો, કાયદો અને વ્યવસ્થા, વિકાસનું આયોજન અને અમલીકરણ તથા સંસાધનો ઉપર તેમના અંકુશની જોગવાઈ કરવામાં આવી છે.

આ કાયદા દ્વારા આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બંધારણીય માન્યતા મળી છે.

રાજ્યની વિધાનસભા એવો કોઈ કાયદો નહીં બનાવી શકે જેનાથી આદિવાસી પરંપરાગત વ્યવસ્થાને (ધાર્મિક, સામાજિક, રીતરિવાજો, સંસ્કૃતિ) અનુરૂપ ના હોય.

આ કાયદો બન્યા પછી, એવો કોઈપણ કાયદો જેઆદિવાસી પરંપરાથી અસંગત હોય, તેને અદાલતમાં પડકારી શકાય અથવા તો લાગુ પાડતા પહેલાં તેને રોકી શકાય.

આ કાયદામાં ગ્રામસ્તરે પોતાની પરંપરા મુજબ કાયર્રત એવા એક વાસ્તવિક આદિવાસી સમાજના અસ્તિત્વનો સ્વીકાર થયો છે.

આદિવાસી વિસ્તારોમાં ગ્રામસભાને સત્તા આપતો તથા પંચાયતની બેઠકોમાં આદિવાસીઓને પ્રાધાન્ય આપતો ગુજરાતના અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ ૧૯૯૮ જુલાઈમાં ઘડાયો તે એક આનંદની વાત છે. પરંતુ તેના અમલીકરણ અંગે શંકા પ્રવર્તે છે. જોકે ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલે આ અધિનિયમ ૧ ડિસેમ્બર, ૧૯૯૯થી ડાંગ જિલ્લામાં લાગુ પાડ્યો હતો. પરંતુ આ વિસ્તારમાં કામ કરતી સંસ્થાઓના મત મુજબ આ જિલ્લામાં તેનાથી કોઈ દેખીતો ફેરફાર આવ્યો નથી. આ કાયદા અંગે કેટલાક લોકોને માહિતી નથી. આ કાયદો અમલમાં આવ્યો છે તે અંગે દરેક પંચાયતને જી.આર. દ્વારા જાણ કરવામાં આવી છે. પરંતુ કેટલીક પંચાયતોમાં જી.આર. પહોંચ્યા નથી તથા સરપંચો જી.આર.માં લખેલી માહિતીથી વાકેફ નથી. વ્યવહારિક દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાતના આ કાયદામાં ગ્રામસભાને પૂરતી સત્તા આપવામાં આવી નથી. આ કાયદાના પાલનમાં પણ કેટલીક મુશ્કેલીઓ રહેલી છે.આ બાબતમા આદિવાસી કાર્યકરો, નિષ્ણાતો, ન્યાયાધીશો, હિતચિંતકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેએ સાથે મળીને ઊંડાણપૂર્વક વિચાર વિમર્શ કરીને નીચે મુજબની માહિતી રજુ કરી છે.

## ભાગ-૧

**ગુજરાત (અનુસૂચિત વિસ્તારો) પંચાયત સુધારા અધિનિયમ, ૧૯૯૮ની સમીક્ષા. બંધારણના પાંચમા તથા છઠ્ઠા પરિશિષ્ટ તેમજ કેન્દ્રીય પંચાયત (અનુસૂચિત વિસ્તારો) અંગેનો અધિનિયમ, ૧૯૯૬ના પ્રકાશમાં.**

ગુજરાત પંચાયત (સુધારણા) અધિનિયમ, ૧૯૯૮ મુજબ સુધારેલા સ્વરૂપના પંચાયત અધિનિયમ-(૧૯૯૩)ને બંધારણના પાંચમા અને છઠ્ઠા પરિશિષ્ટને અનુરૂપ બનાવવા માટે કેટલાક પાયાના સુધારા જરૂરી છે.

(૧) બંધારણની કલમ ૨૪૪ મુજબ પરિશિષ્ટ પાંચનો અમલ આવશ્યક છે. ૧૯૯૬ના કેન્દ્રીય કાયદાની કલમ ૪(ઓ) માં છઠ્ઠા પરિશિષ્ટ સાથેની અનુરૂપતા હાંસલ કરવા પર ભાર મુકાયો' છે. ગુજરાત પંચાયત (સુધારણા) અધિનિયમમાં આ બાબત પ્રતિબિંબિત થતી નથી.

ઉપરના ઉપલક્ષ્યમાં નીચે પ્રમાણેના સુધારા જરૂરી છે :

(અ) પરિશિષ્ટના પેરા-૪ અનુસાર રાજ્યકક્ષાની આદિવાસી સલાહકાર કાઉન્સીલની રચના અને તેનું કાર્યક્ષેત્ર અસરકારક બનાવવા અંગેની વ્યવસ્થા કરવી જોઈએ.

- આ કાઉન્સીલમાં આદિવાસી વિસ્તારોને આવરી લેતી પછાત તાલુકા પંચાયતો / જિલ્લા પંચાયતોના પ્રતિનિધિઓને સ્થાન આપવું જોઈએ.
- આ કાઉન્સીલના અહેવાલોને બહોળી પ્રસિદ્ધિ આપવી જોઈએ.
- આ અહેવાલના આધારે લેવાયેલ પગલાંનો અહેવાલ (Action Taken Report) સરકારે વિધાનસભા સમક્ષ રજૂ કરવો જોઈએ.

(બ) પરિશિષ્ટના પેરા-૫ મુજબ ક્યા ક્યા (કેન્દ્રીય તથા રાજ્યના) કાયદાના અમલમાં આદિવાસી વિસ્તારોના સંદર્ભમાં, અપવાદો અને ફેરફારો જરૂરી છે તે અંગે અભ્યાસ કરી ભલામણો કરવા ઉચ્ચકક્ષાનું એક કમિશન નિયુક્ત કરવું તથા પંચાયતી રાજની સંસ્થાઓ તથા લોકોના મંતવ્યો મેળવી તથા આદિવાસી વિસ્તારોની સ્થિતિના સંદર્ભમાં કાનૂની આવશ્યકતાઓની વિચારણા કરી રાજ્યપાલશ્રીને અહેવાલ આપે. રાજ્યપાલશ્રી આ અહેવાલ લક્ષમાં લઈ યોગ્ય કાર્યવાહી કરે તેવો અનુરોધ કરવો.

પેરા ૫ (૨) અન્વયે આદિવાસી વિસ્તારો માટે શાંતિ અને સુવહીવટ માટે રેગ્યુલેશન ઘડવાની સત્તાનો ઉપયોગ કરી જરૂરી નિયમનો વહેલીતકે બહાર પાડે તેવો અનુરોધ કરવો.

આ અંગેની ભલામણો ઉપર જણાવ્યા પ્રમાણે કમિશન પાસેથી પણ મેળવી શકાય છે.

(ક) સૂચિત કમિશનમાં (૧) સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયધીશ (૨) કેન્દ્રના નિવૃત્ત અનુસૂચિત જાતિ-જનજાતિ (દલિત-આદિવાસી) કમિશ્નર (૩) આદિવાસી સંસદસભ્યો તથા ધારાસભ્યો પૈકી ત્રણ સભ્યો (૪) આદવાસી વિસ્તારની પંચાયત સંસ્થાઓના હોદ્દેદારો પૈકી બે સભ્યો અને (૫) સ્વતંત્ર ન્યાયશાસ્ત્રીઓ અથવા પંચાયત વહીવટના નિષ્ણાતોનો સમાવેશ કરી શકાય.

(૬) છઠ્ઠા પરિશિષ્ટમાં દર્શાવેલ ઢબ (પેટર્ન) જરૂરી ફેરફારો સાથે ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે અપનાવવી જોઈએ.

તદ્નુસાર - (૧) નીચે દર્શાવ્યા પ્રમાણેના જિલ્લાઓને તથા વિસ્તારોને અનુક્રમે સ્વાયત્ત જિલ્લાઓ (ઓટોનોમસ ડિસ્ટ્રીકટ) જાહેર કરવા જોઈએ.

(૧) સ્વાયત્ત જિલ્લાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. સાબરકાંઠા | ૨. પંચમહાલ | ૩. દાહોદ | ૪. વડોદરા |
| ૫. ભરૂચ | ૬. નર્મદા | ૭. નવસારી | ૮. ડાંગ |
| ૯. સુરત | ૧૦. વલસાડ | | |

(આ જિલ્લાઓ કામચલાઉ ધોરણે સૂચવેલા છે.)

(૨) ઉપર્યુક્ત સ્વાયત્ત જિલ્લાઓ માટે જિલ્લા કાઉન્સીલો તથા સ્વાયત્ત વિસ્તારો માટે વિસ્તાર કાઉન્સીલો સ્થાપવાની જોગવાઈ કરવી જોઈએ.

(૩) આ સ્વાયત્ત કાઉન્સીલોની રચના, ચૂંટણીઓ, કાઉન્સીલના હોદ્દેદારોની ચૂંટણી, કાઉન્સીલોની કાયર્વાહી અંગેના નિયમો, કાઉન્સીલોના અધિકારીઓ તથા કર્મચારીગણ અંગેની જોગવાઈઓ વગેરે અંગે છઠ્ઠા પરિશિષ્ટની કલમ ૨(૬)માં જણાવેલ બાબતે નિયમો પડવા રાજ્યપાલશ્રીને વિનંતી કરવી.

(૪) તાલુકા કક્ષાએ સ્વાયત્ત કાઉન્સીલો રચના માટેની જોગવાઈઓ કરવી.

| નંબર | હાલની જોગવઈ | સૂચિત ફેરફાર |
|---|---|---|
| ૧. | ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ-૧૯૯૮ની કલમ ૧૩૨એ | |
| ૧. | જમીન સંપાદન તથા અસરગ્રસ્તોના પુનઃવસવાટ અંગે નિર્ણય કરતા પહેલા તાલુકા પંચાયત સાથે મસલત કરવી. | જમીન સંપાદન તથા અસરગ્રસ્તોના પુનઃવસવાટ અંગે નિર્ણય કરતા પહેલા લાગતીવળગતી ગ્રામસભાની સહમતી આવશ્યક રહેશે.<br><br>જમીન સંપાદન તથા અસરગ્રસ્તોના પુનઃવસવાટ અંગે નિર્ણય કરતા પહેલા લાગતીવળગતી તાલુકા પંચાયત તથા ગ્રામસભા સાથેમસલત કરવી. એકથી વધુ ગ્રામસભાઓના મત વિરોધાભાસી આવે તેવા કિસ્સામાં અથવા |

| | | |
|---|---|---|
| | | તાલુકા પંચાયત તથા ગ્રામસભાના મંતવ્યનો અસ્વીકાર કરવાનો થાય તે બાબતે અસ્વીકારના કારણો સહિતનો અહેવાલ રાજ્યની આદિવાસી સલાહકાર સમિતિ સમક્ષ રજૂ કરવાનો રહેશે. આદિવાસી સલાહકાર સમિતિનો નિર્ણય આખરી ગણાશે. |
| ૨. | **સુધારેલ ગુજરાત અધિનિયમ- ૧૯૯૮ કલમ ૧૦૮** | |
| | **ગૌણ વન પેદાશ :**<br>(રાષ્ટ્રીય ઉદ્યાનો તથા અભ્યારણ્યો સિવાયના વિસ્તારોમાંની) ગૌણ વનપેદાશની ઉપજ ગ્રામ પંચાયતમાં ભરવી જોઈએ તથા તે ગ્રામફંડનો ભાગ બનશે. | સામાન્ય રીતે પંચાયતની હદમાં જંગલનો ભાગ હોતો નથી. આથી આ જોગવાઈ નીચે પ્રમાણે સુધારવી :<br>'ગ્રામપંચાયતની હકુમતની અંદર આવેલા તમામ જંગલ વિસ્તારની ગૌણ વનપેદાશ વીણનારને પેદાશની નિયત કિંમત ચુકવ્યા બાદ સમગ્ર ગૌણ વન પેદાશની જે ઉપજ હાંસલ થાય તે ગ્રામ પંચાયતમાં ભરવી જોઈએ. ગ્રામ પંચાયતને પ્રાપ્ત થતી આવી રકમ ગ્રામ પંચાયતના ફંડનો ભાગ બનશે.<br>ગ્રામ પંચાયત હેઠળનો વનવિસ્તાર (જેમાં અભ્યારણ, રાષ્ટ્રીય ઉદ્યાનો) સિવાયનો વિસ્તાર સંલગ્ન ગ્રામસભા સાથે પરામર્શ કરી ગૌણવન પેદાશો પુરતી ગ્રામપંચાયતની હકુમત જાહેરનામા દ્વારા જાહેર કરવી.<br>ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા જે તળીયાના ભાવ હેઠળ અન્ય જમીન ખરીદ કરે છે તે રીતે વન વિસ્તાર નિગમે કમીટી બનાવવી જોઈએ. આ બાબતનો સ્પષ્ટ હુકમ કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયના જુલાઈ ૨૩, ૯૮ના પત્રથી રાજ્યોને આપવામાં આવ્યો છે. |
| ૩. | **સુધારેલા ગુજરાત અધિનિયમ - ૧૯૯૮ કલમ-૧૧એ** | |
| | "જો કોઈ કારણસર..... આદિવાસીઓની નિમણુંક કરશે" | કેન્દ્રીય કાયદાની કલમ-૪ (એચ)ના પ્રકાશમાં આ જોગવાઈ નીચે મુજબ સુધારવી જોઈએ.<br>'જો તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોઈ આદિવાસી સમુદાયને પ્રતિનિધિત્વ સંપન્ન ન થયું હોય તો સરકાર તે સમુદાયમાંથી |

| | | |
|---|---|---|
| | | લાગતી-વળગતી કક્ષા તથા આદિમજૂથની વ્યક્તિ જે પંચાયતમાં ચૂંટાવાની લાયકાત ધરાવતી હોય તેની સભ્ય તરીકે નિમણુંક કરશે. |
| ૪. | સુધારેલ ગુજરાત અધિનિયમ-૧૯૯૮ ગૌણ ખનિજ પેદાશો અંગે | |
| | કોઈ ઉલ્લેખ નથી | કેન્દ્રીય કાયદાની કલમ-૪(કે) તથા ૪(એલ)ના પ્રકાશમાં નીચેની જોગવાઈ ગુજરાતના અધિનિયમમાં યોગ્ય સ્થળે ઉમેરવી :<br>'ગૌણ ખનિજ પેદાશોના ઉત્પન્ન શોધખોળ અંગે તથા ખાણ ચલાવવા અંગેનો ભાડાપટ્ટો આપતા પહેલાં લાગતી વળગતી ગ્રામસભાની ભલામણ ફરજિયાત રહેશે. |
| ૫. | ગુજરાત અધિનિયમ - ૧૯૯૩ | |
| | આદિવાસી હસ્તકની જમીનની તબદીલી રોકવા અંગેની સત્તા તથા ગેરકાયદેસર તબદીલી થઈ ચૂકેલી જમીનને પુનઃસ્થાપિત કરવા અંગે પંચાયતને સત્તા આપવા અંગેની કેન્દ્રીય કાયદાની કલમ-૪ (એમ) (૩)ની જોગવાઈ ગુજરાત અધિનિયમમાં પ્રતિબિંબિત થતી નથી. | નીચે મુજબ સુધારો કરવો :<br>આદિવાસી હસ્તકની જમીનની તબદીલી રોકવા અંગે જરૂરી પગલા લેવાની સત્તા ગ્રામસભાને રહેશે. ગ્રામસભાની પૂર્વપરવાનગી વિના કોઈપણ ખેતી કે બિનખેતીની જમીન, તબદીલ થઈ શકશે નહી. આ કાયદો અમલમાં આવ્યાની તારીખની સ્થિતિએ જે જમીન મુંબઈજમીન મહેસુલ સહિતાની કલમ ૭૩એ કે કલમ ૭૩એ એનું ઉલ્લંઘન કરીને તબદીલ થયેલી જણાય અથવા મુંબઈ ગણોત ધારાની કલમ ૬૩નું ઉલ્લંઘન કરીને તા.૧-૪-૫૭થી આજ પર્યંત તબદીલ થયેલી જણાય તે જમીન મૂળ આદિવાસી જમીનધારકને પુનઃસ્થાપિત કરવા માટે ગ્રામપંચાયત હસ્તક વિના વળતરે પ્રાપ્ત કરવાની ગ્રામ પંચાયતને સત્તા રહેશે. (ડ્રાફટના મુદ્દા નંબર-૪નું સૂચન મુકવું) |
| ૬. | ગુજરાત અધિનિયમ-૧૯૯૩ | |
| | કેન્દ્રીય કાયદાની કલમ-૪(એમ)(૫)માં વ્યાજે નાણાં ધીરવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ મુકવાની સત્તા પંચાયતોમાં નિહીત કરવાની જોગવાઈ છે. તેને લગતી કોઈ જોગવાઈ ગુજરાત અધિનિયમમાં કરવામાં આવી નથી. | નીચે પ્રમાણેની જોગવાઈ ઉમેરવી :<br>આદિવાસી વિસ્તારોમાં જે નાણાં ધીરવાની પ્રવૃત્તિ સદંતર પ્રતિબંધિત રહેશે. આ પ્રતિબંધનો અમલ કરવાની સત્તા લાગતી વળગતી ગ્રામસભાને રહેશે. |

| | | |
|---|---|---|
| ૭. | કેન્દ્રીય કાયદાની કલમ-૪(ડી)ના પ્રકાશમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. | નીચે મુજબની જોગવાઈ ગુજરાત અધિનિયમમાં ઉમેરવી :<br><br>દરેક ગ્રામસભા લોકોના પરંપરાગત રૂઢિ તથા રીતરિવાજો, લોકોની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સંસાધનો જાળવવા તથા તેનું જતન કરવા સક્ષમ હશે. નાગરિકો વચ્ચેના વિવાદોનું નિરાકરણ પરંપરાગત પદ્ધતિ મારફત લાવવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની ગ્રામસભાને સત્તા રહેશે.<br><br>આ પ્રકારે નિરાકરણની વ્યવસ્થા હેઠળ આવતા વિવાદો અંગે દિવાની કે ફોજદારી અદાલતોને કોઈ હકુમત રહેશે નહી. |
| ૮. | ગુજરાત સુધારા વિષયક અધિનિયમ - ૧૯૯૮ કલમ ૧૪ | |
| | પરિશિષ્ટ-૧માં ઉમેરો કરવા અંગેની જોગવાઈ (નશાબંધી અંગેની) | નશાબંધીના સંદર્ભમાં અમુક અંશે પંચાયતી સંસ્થાઓને નીતિવિષયક સત્તા આપવાનું ઉચિત જણાય તો નીચે પ્રમાણે સુધારો સુચવીએ :<br><br>'લાગતી વળગતી તાલુકા પંચાયતની હદમાં આવેલ વનસ્પતીજન્ય પેદાશોને નશાબંધી અંગેના કાયદાના અમલમાંથી બાકાત કરવાની રાજ્ય સરકારને ભલામણ કરવાની ગ્રામસભાને સત્તા રહેશે. આ અંગે જે જોગવાઈ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે તેને આધિન રહીને નશાબંધીનો અમલ કરવાની અને નશાકારક પદાર્થોના ઉત્પાદન, વેચાણ તથા ઉપભોગ પરના પ્રતિબંધો, નિયંત્રણો કે નિયમોનો અમલ કરવાની ગ્રામસભાને સત્તા રહેશે. |
| ૯. | ગુજરાત અધિનિયમ - ૧૯૯૩ અનુસૂચિ -૧માં | |
| | "બજારોની જાળવણી તથા રચના" | સૂચિત સુધારો<br><br>ગ્રામ્ય બજારોની રચના, જાળવણી તથા સંચાલનની સત્તા ગ્રામ પંચાયતને આપવા માટે અનુસૂચિને બદલે ગુજરાત પંચાયત ધારાની કલમ-૯૯માં કેન્દ્રીય અધિનિયમની જોગવાઈઓનો સમાવેશ કરવો. |

| | | |
|---|---|---|
| ૧૦. | ગુજરાત અધિનિયમ -૧૯૯૩ અનુસુચિ -૧ મુજબ | |
| | 'તમામ સામાજીક ક્ષેત્રની સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણ કરવાની સત્તા બાબત.' | કેન્દ્રીય સુધારા અધિનિયમ-૧૯૯૬ મુજબ સામાજીક ક્ષેત્રો જેવા કે, શિક્ષણ, આરોગ્ય વગેરેને લગતી બધી સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણની સત્તા ગ્રામ પંચાયત હેઠળ આ સત્તાઓ મુકવા માટે અનુસૂચિ-૧ને બદલે પંચાયત ધારાની કલમ-૯૯માં આ જોગવાઈઓ મુકવી જોઈએ. |
| ૧૧. | **તાલુકા અને જિલ્લા પંચાયત સ્તરે પક્ષમુક્ત ચૂંટણી થવી જોઈએ.** | આજે પંચાયત ધારો ૧૯૯૩માં તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત સ્તરે પક્ષીય ધોરણે ચૂંટણી લડવાની છૂટ છે તેનો ગુજરાત પંચાયત અધિનિયમ-૯૮માં સમાવેશ ન કરવો જોઈએ. |
| ૧૨. | **મહિલાઓની ગ્રામસભામાં ભાગીદારી નિશ્ચિત કરવી.** | પંચાયત ધારાની કલમ...... હેઠળ ઓછામાં ઓછી ૫૦ અથવા ૧/૧૦ સંખ્યાનું કોરમ હોવું જોઈએ. તેને સ્થાને ગ્રામસભાનું કોરમ કુલ મતદારોની સંખ્યાના ૫૦ ટકાથી વધુ હોવું જોઈએ. તેમાં હાજર સંખ્યાના ૫૦ ટકા મહિલાઓની હાજરીથી કોરમ ગણવું જોઈએ. |
| ૧૩. | **ગૌણ ખનિજોની રોયલ્ટી બાબત.** | આજે ગૌણ ખનિજોમાંથી મળતી રોયલ્ટીની રકમ જિલ્લા પંચાયતો દ્વારા નીચેની પંચાયતોને વહીવટીય હુકમો દ્વારા આપવામાં આવે છે તેને બદલે રોયલ્ટીની રકમ સીધી ગ્રામપંચાયતોને મળે તેવી પંચાયત ધારામાં જોગવાઈ કરવી જોઈએ. |

આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

## પ્રકરણ - ૬

# તારણો અને સૂચનો

ગણતંત્ર ભારતના સંવિધાનમાં અનુચ્છેદ ૪૦, ભાગ-૪ (રાજયનીતિના નિર્દેશક સિદ્ધાંત)માં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, રાજ્ય ગ્રામપંચાયતોનું સંગઠન કરવાને માટે અગ્રસર થશે તથા એને એવી સત્તા અને અધિકાર પ્રદાન કરશે જેનાથી એમને પંચાયત શાસન રૂપમાં કાર્ય કરવા માટે યોગ્ય બનવાને માટે આવશ્યક હોય.

આપણાં સંવિધાનની આવી જોગવાઈ અંગે ૨ ઓક્ટોબર, ૧૯૫૨થી ભારતમાં સામુદાયિક વિકાસનો પ્રારંભ થયો. એ પછીથી એનું મૂલ્યાંકન કરવા અને ક્ષતિઓ દૂર કરવા માટેનાં સૂચનો કરવા ૧૯૫૭માં શ્રી બળવંતરાય મહેતા સમિતી નીમવામાં આવી. શ્રી મહેતા સમિતિએ ત્રિસ્તરીય સ્થાનિક સરકારની પ્રણાલિની ભલામણ કરી જેને તે વખતના સદ્ગત વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ પંચાયતીરાજનું નામ આપ્યું. આ સમિતિની ભલામણના આધારે દેશના જુદા જુદા રાજ્યોમાં પોતપોતાના અધિનિયમોથી પંચાયતીરાજની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં ૧૯૬૩માં ત્રિસ્તરીય પંચાયતી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

આ પછીથી પંચાયતીરાજને વધુ પ્રાણવાન બનાવવા માટે ૧૯૭૭માં શ્રી અશોક મહેતાની અધ્યક્ષતામાં એક કમિશનનું ગઠન કરવામાં આવ્યું હતું. જેણે ૧૯૭૮માં એનો અહેવાલ આપ્યો હતો અને ૧૩૨ જેટલીભલામણો કરી હતી. આ ભલામણોમાં પંચાયતીરાજની સંસ્થાઓ અને ચૂંટણીઓ મુખ્ય નિર્વાચન આયોગના પરામર્શથી રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા કરવાની પણ ભલામણ હતી. સમગ્ર દેશમાં ૧૯૮૮ના આખર સુધીમાં ૨,૧૭,૩૦૦ ગ્રામપંચાયતો હતી. આ પંચાયતો દેશના ૫,૭૯,૦૦૦ ગામોની ૯૫ ટકા અને દેશની ગ્રામીણ વસ્તીના ૯૨ ટકાને આવરી લેતી હતી. જોકે આજે દેશમાં ૨.૩૭ લાખ પંચાયતો અને ૩૪ લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ ૧૦ લાખ મહિલા પ્રતિનિધિઓ છે. (સ્વરાજ ધર્મ ૧, સપ્ટેમ્બર, ૨૦૦૧, પાન નં.૮)

ભારતના બંધારણમાં જે ઐતિહાસિક સુધારો કહેવામાં આવ્યો તેવા સુધારા માટે આપણે આગળ જોયું તેમ બંધારણનો ૭૩મો સુધારા અધિનિમય કહેવામાં આવે છે.

પંચાયતીરાજની ગણતંત્ર ભારતની આ લાંબી મજલ પછી એના આધારે મહાત્મા ગાંધીજીએ જે સાચા લોકતંત્રની પાયાના ઘટક તરીકે પંચાયતીરાજની સ્થાપના કરવાની કલ્પના કરી હતી અને આચાર્ય વિનોબા ભાવેએ ગ્રામસ્વરાજની જે પરિકલ્પના આપી તેમજ લોકનાયક જયપ્રકાશજીએ જનતા

સરકારનો વિચાર બિહારમાંથી આપ્યો. એ દિશામાં બંધારણના ૭૩મા સુધારાથી આગળની મજલ કાપી શકાય તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ.

પરંતુ જયાં સુધી આપણાં રાજનાયકોની કેન્દ્રીય સત્તા, ગાંધીજી અને સાચા લોકતંત્ર અને પંચાયતીરાજના વિચારને પ્રસ્તુત કરનારાની જેમ વિચારતા થઈને, સત્તાનેવધારેમાં વધારે વિકેન્દ્રીત કરી સ્થાનિક ઈકાઈ સુધી પહોંચાડવા દ્રઢ સંકલ્પિત ન બને અને જયાં સુધી જેને અંગ્રેજીમાં બ્યુરોકશી કહે છે તે તંત્રનો અભિગમ પણ ન બદલે ત્યાં સુધી બંધારણના સુધારા કે રાજયના કાયદાઓ પંચાયતીરાજનું સાચું હાર્દ પ્રગટાવી શકવાના નથી.

પંચાયતીરાજ અંગે આપણાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલજી સ્પષ્ટ અને દઢ માન્યતા ધરાવતા હતા. બ્યુરોકશી અને સરકારી અધિકારીઓ તેમજ તંત્રને પણ તેમણે તેની મર્યાદા સમજાવીને સલાહ આપી હતી. પંચાયતીરાજ અંગે એમનાં અનેક મહત્વના વિચારો, સલાહ અને માર્ગદર્શન મળેલા છે. એમાંથી એક ફકરો અહી આપ્યો છે.

"જયારે આપણે પંચાયતીરાજની વાત જાહેર કરી ત્યારે ઘણાં લોકોને એવું લાગતું હતું કે શું આપણાં દેશવાસિયોમાં એટલી પણ યોગ્યતા નથી કેજે આ વહિવટનો ભાર ઉપાડી લઈ શકે ! મને ખૂબ સારી રીતે જાણ હતી કે તેઓ ભૂલ કરશે. સાથે સાથે મને એ પણ જાણ હતી કે આપણેઆ બાબતની મુશ્કેલીઓને પાર કરી જઈશું અને દરેક સ્તર પર ધીમે ધીમે સ્વશાસનની પદ્ધતિને વિકસાવી શકીશું.

યા તો આપણે લોકો પર વિશ્વાસ કરીએ છીએ અથવા તો એમના ઉપર ભરોસો કરતા નથી ! એમના ઉપર થોડો વિશ્વાસ કરવાથી વાત પતે નહિ. કારણ કે આથી તેમને વાસ્તવિક જવાબદારી પ્રાપ્ત થતી નથી અને યોગ્ય રીતે તેમનો વિકાસ થઈ શકતો નથી. એ વખતે તેમને અધિકાર સોંપીને તે પછીથી શાસનના સ્તર પર હસ્તક્ષેપ નહિ કરવો જોઈએ. એમને ભૂલો કરવા દઈએ અને ભૂલોનું ફળ ભોગવવા દઈએ. સરકારી અધિકારીઓનું કામ એમને સલાહ આપવા માત્રનું છે. તેમના પર હુકમ ચલાવવાનું નથી."

બંધારણનો આદેશ, ગ્રામપ્રદેશમાં પહેલાં આપણાં બહુમતિ મતદારોનાં મન જીતવા રાજકીય પક્ષો ચૂંટણી વખતે તેમનાં ઢંઢેરાઓમાં પણ ઘણા વચનો આપે છે પરંતુ રાજસત્તા ગ્રહણ કર્યા પછી જેઓ સત્તાની ખુરશી ઉપર બેસે છે તેમને સાવ છૂટોદોર પંચાયતીરાજ સંસ્થાઓને આપવા મન ચાલતું નથી અને એક યા બીજી રીતે આ સંસ્થાઓની સત્તા મર્યાદિત કરે છે અથવા તેના આખરી નિર્ણયને

મર્યાદિત બનાવે છે. કેટલાંક કિસ્સાઓમાં પંચાયતીરાજ સંસ્થા કે તેના પદાધિકારીઓને એક બાજુ મુકી સમાન્તર વ્યવસ્થા ચલાવે છે. જો લોકતંત્રમાં અનેપંચાયતીરાજમાં અતૂટ વિશ્વાસ હોય તો આવું ન બને, પરંતુ બીજા રાજયો અને ગુજરાતમાં પણ આવું બન્યું છે.

ગઈ તા.૨૭ એપ્રિલ, ૨૦૦૧ના આપણાં હાલના પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી બાજપાઈએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુને એક પત્ર લખ્યો જેમાં સ્પષ્ટ રીતે અને ભારપૂર્વક એમને જણાવ્યું કે, "સંવિધાને પંચાયતોને દેશની રાજનીતિમાં ત્રીજા સ્તરનાં રૂપમાં માન્યતા આપીછે. એમણે અત્યંત ખિન્નતા અને દુઃખ સાથે જણાવ્યું કે એ નિઃસંદેહપણે ખેદનો વિષય છે કે પંચાયતીરાજ સંસ્થાઓને એકબાજુ પર રાખવાના ઉદેશથી અનેક રાજ્ય સરકાર પંચાયતની સમાન્તરઅન્ય સંસ્થાઓ ગઠિત કરવામાં આવી છે." મારી એવી ચોક્કસ માન્યતા છે કે આર્થિક અને સામાજિક બંનેનો વિકાસ વધુ સારી રીતે થઈ શકે જયારે વિકેન્દ્રીકરણ અને ડિવોલ્યુશનનો સંપર્ક થાય અને આ રીતે નાનામાં નાના ગામડામાં રહેતી પ્રજાની જિંદગી પલટી શકાય." (સ્વરાજધર્મ ૧લી સપ્ટે., ૨૦૦૧)

ભવિષ્યમાં આપણે જેવો સમાજ બનાવવા માગીએ છીએ તેનું દ્વાર ખોલવા માટે આ નવો કાયદો છે. પંચાયતો માત્ર અમલીકરણની એજન્સી જ નથી પણ સ્થાનિક સ્વરાજની સંસ્થા તરીકે વિકાસ પામી આવે એ જરૂરી છે. નવા ધારાના અમલીકરણ અંગે હજુ સરકાર તરફથી કંઈ થતુ નથી. આ કાયદો ખાલી કાગળ પર જ છે. આદિવાસી સ્વશાસન માટે સરકારે અલગ કાયદો બનાવ્યો પણ આ અંગે લોકોમાં પૂરી સમજણ કે જાણકારી અથવા સ્પષ્ટતા નથી. જો કે જયાં આગળ સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરી રહી છે ત્યાંના ગામડાંઓમાં તેની અસર સારી દેખાય છે. આ કાયદાની થોડીઘણી શરૂઆત થઈ છે. આદિવાસી સ્વશાસન અંગેનો આ કાયદાની કેટલીક બાબતોનો લાભ હજુ આદિવાસીઓને મળ્યો નથી. પદાધિકારી બનાવવા માટે આદિવાસીઓને યોગ્ય તાલીમ આપવાની જરૂર છે. અજ્ઞાનતાના અંધકારમાંથી તેમને બહાર લાવવાના છે. રાજયના હાલના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આ અંગે ઘણો ઉત્સાહ દાખવી ગ્રામપંચાયત અને ગ્રામસભાનું કાર્ય વધારે પારદર્શક બને અને ઝડપી બને તે માટે પ્રયત્નો શરૂ કર્યા છે. હજુ સત્તાનું વિકેન્દ્રીકરણ થયેલુ જણાતુ નથી. આયોજન નીચેના સ્તરેથી થવું જોઈએ તેના બદલે લોકજીવન ઉપરથી નિયંત્રિત છે.

આચાર્યશ્રી વિનોબા ભાવેએ જણાવેલું કે ગ્રામસ્વરાજનો અર્થ એ કે જનતાની શક્તિ મુખ્ય હોય અને સરકારની શક્તિ ગૌણ બનતી જાય. પરંતુ આજે પંચાયતમાં એવું જોવા મળે છે ? જનતાનો અવાજ ક્યાંય સંભળાતો નથી. સરકારી રાહે ઉપરના લેવલથી બધું ચાલે છે. ગામની પોતાની યોજના

હોય, તેમાં સરકાર જરૂરી મદદ કરતી હોય, પોતાની યોજના હોવાથી જનતાને ઉત્સાહ રહે છે. પણ આજના પંચાતીરાજમાં આવું કંઈ બનતું નથી. આખુંય માળખું ઉપરથી જ ચાલ્યા કરેછે. આવા પચાયતીરાજ મારફત ગ્રામસ્વરાજ આવી શકે નહિ. તેનાથી ગ્રામસ્વરાજ સિદ્ધ થશે એવી આશા મૃગજળવત છે. હજુ પંચાયતોને ઘણી બાબતોમાં સ્વતંત્રતા અને સ્વાયત્તતા નથી આપ્યા. રાજ્યકક્ષાના અધિકારીઓ દ્વારા વહીવટ ચાલતો હોય છે. જિલ્લા કે તાલુકા પ્રમુખોનો કોઈ અવાજ કે ભાગીદારી હોતી નથી. તેઓ માત્ર દેખાવના પૂતળા જેવા હોય છે. નાણાંકીય સત્તા વાસ્તવમાં હજુ મળી નથી. તેથી પંચાયતીરાજ હજુ ઘણું નબળું રહ્યું છે. પંચાયતને આપવાની જે રકમ મળે તે સીધી અને તાત્કાલિક મળે તે જરૂરી છે. ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં પણ હજુ સત્તાનું વિકેન્દ્રીકરણ થઈ શક્યું નથી. ગ્રામકક્ષાએ હજુ સ્વતંત્રતા કયાં છે? વારંવાર દરેક બાબતમાં મંજૂરી લેવી પડે છે. પંચાયતોએ લોકશાહીનો પ્રાણ છે. પંચાયતનું ફાયનાન્સ હજુ મજબુત કરવાની જરૂર છે. ભુરિયા કમિશનના રિપોર્ટમાં આદિવાસી ગ્રામપંચાયતમાં ગ્રામસભાને કોન્ટ્રાકટરના બીલો પણ મંજૂર કરવાની સત્તા આપવામાં આવી છે પણ તેનો અમલ થાય છે? આ માટે ગ્રામસભાને પણ મજબુત કરવાની છે. તો જ આ દેશની રાજકીય સ્થિતિ ટકી શકશે, મજબુત બનશે.

ટૂંકમાં નવા ધારાનું અમલીકરણ હજુ પૂર્ણ રીતે થયેલું જણાતું નથી. આ ધારાના અમલીકરણમાં કેટલીક મુશ્કેલી પણ છે. તા.૨૮ નવેમ્બર, ૯૯ના રોજ જાણીતા ધારાશાસ્ત્રી શ્રી હરુભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને નવદીપ પ્રગતિ યુવક મંડળ આયોજિત મિટિંગમાં નક્કી કરવામાં આવ્યા મુજબ ઉન્નતિના કન્વીનર પદ હેઠળ એકજૂથની રચના કરવામાં આવી હતી. આ જૂથની જવાબદારી અનુસૂચિત વિસ્તારો માટેના અધિનિયમ, ૧૯૯૮ના અમલીકરણમાં થનારી મુશ્કેલી અંગેની એક નોંધ કેટલીક સ્વૈચ્છિક દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ સમગ્ર અભ્યાસના તારણો નીચે મુજબ છે.

(૧) ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આમ તો નવા ધારાનું માળખાકીય અમલીકરણ થયું છે એટલે કે ચૂંટણીઓ થઈ, સત્તાસ્થાને સ્ત્રીઓ અને અનુસૂચિત જનજાતિ તેમજ અનુસૂચિત જ્ઞાતિના સભ્યો આવ્યા, ત્રણેય સતરની પંચાયતો કામ કરતી થઈ. પરંતુ પંચાયતનું હાર્દ હજુ ધબકતું નથી. રાજ્યે સ્થાનિક સ્વરાજની સંસ્થાને મજબુત બનાવવા ખાસ ધ્યાને આપ્યું નથી. તેને હજુ પૂરતા પ્રમાણમાં નાણાં અને સત્તા મળ્યા નથી. ભારત સરકારના ભૂતપૂર્વ ગ્રામવિકાસ

મંત્રીએ બધા રાજ્યના મુખ્ય મંત્રીઓને આદિવાસી સ્વશાસન અંગે નીચે મુજબનો આદેશ આપ્યો છે. ઓછામાં ઓછું આટલું તો આપો.

"હું તમને વિનંતી કરું છું કે આદિવાસી ક્ષેત્રના પંચાયત-વિસ્તાર અધિનિયમનો તર્કસંગત નમૂના તરીકે સામે રાખીને તમારા પોતપોતાના રાજ્યોની ગ્રામસભાઓને ઘટતા અધિકાર આપવા અંગે વિચાર કરો. નીચે સૂચવ્યા મુજબના સુધારો આપવા અંગે વિચાર કરો.

(૧) દરેક ગામ કે એના દરેક પરાને ગામ માનીને ચાલવું. આમ થાય તો જ લોકો સામસામે બેસી સમજપૂર્વક ચર્ચા કરી શકે. એનો અર્થ એ થયો કે એક ગ્રામપંચાયતના વિસ્તારમાં એક અથવા એકથી વધારે ગ્રામસભા હોઈ શકે.

(૨) વિધાનસભા અને સરકાર વચ્ચે જેવો સંબંધ હોય છે તેવો જ સંબંધ ગ્રામસભા અને ગ્રામપંચાયત વચ્ચે હોવો જોઈએ. ગ્રામસભાનો વિશ્વાસ હોય ત્યાં સુધી જ ગ્રામપંચાયતના સભ્યોએ સભ્ય તરીકે રહેવું ઘટે.

(૩) ગામના જુદા જુદા કાર્યક્રમોની પ્રાથમિકતા નક્કી કરવાનો અને એના બજેટ મંજૂર કરવાનો પૂરો અધિકાર ગ્રામસભાને હોવો જોઈએ. ગામમાં કોઈપણ વિકાસ કાર્યક્રમ શરૂ કરતાં પહેલાં ગ્રામસભાની સંમતિ મેળવવી ફરજિયાત હોવી જોઈએ. ખર્ચ તથા આર્થિક લેવડદેવડ બરાબર છે કે નહિ તેનું પ્રમાણપત્ર આપવાની ગ્રામસભાની કાયદેસરની ફરજ હોવી જોઈએ.

(૪) ગમે તે મોટા અધિકારી હોય, ગામનાં કુદરતી સંશાધનો, જળ, જંગલ અને જમીનની કોઈપણ વ્યવસ્થા કરતાં પહેલાં ગ્રામસભાની સંમતિ જરૂરી ગણાવી જોઈએ. ખાસ કરીને સાર્વજનિક કામો માટે બદલામાં ગ્રામસભા સાથે ચર્ચા કરવાનું કાયદેસર બંધનકર્તા હોવું જોઈએ.

(૫) નશીલી વસ્તુઓનું ઉત્પાદન, ખરીદ-વેચાણ, આયાત-નિકાસ તથા એ વસ્તુઓ વાપરવાની બાબતમાં શું કરવું, શું ન કરવું તેનો નિર્ણય કરવાનો પૂરો અધિકાર ગ્રામસભાને હોવો જોઈએ અને ગ્રામસભા ઈચ્છે તો સંપૂર્ણ નશાબંધી લાગુ કરવાનો અધિકાર પણ એને હોવો જોઈએ.

(૬) ગ્રામસભાની બેઠકોમાં કોરમમાં મહિલાઓ, અનુસૂચિત જ્ઞાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓની સક્રિય હાજરી અનિવાર્ય હોવી જોઈએ. કુદરતી ન્યાય પ્રમાણે પોતાના

નિર્ણય કરવાની અને કામ કરવાની રીતો નક્કી કરવાનો અધિકાર ગ્રામસભાને હોવો જોઈએ. સરકાર આ સંબંધમાં વખતોવખત નિયમો અને પેટા નિયમો બહાર પાડે તેને માર્ગદર્શક સમજવા જોઈએ.

ઉપર જણાવ્યા મુજબનું કામ તરતજ આરંભ કરવામાં આવે. (પંચાયતીરાજ ઓક્ટોબર, ૨૦૦૧માંથી સાભાર સ્વીકાર, પા.નં.૧૨)

(૨) આમ, ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારોમાં બંધારણ મુજબ પાચમી અનુસૂચિનો વાસ્તવમાં અમલ થયો નથી. એક રીતે જોઈએ તો નવો કાયદો સમયસર બનાવ્યો, સમયસર તેની ચૂંટણીઓ થઈ. સત્તાસ્થાને સ્ત્રીઓ તથા અનુ.જનજાતિ અને અનુસૂચિત જ્ઞાતિના સભ્યો પ્રથમવાર આવ્યા તે પ્રસંશનીય કામગીરી થઈ છે. ત્રણેય સ્તરની પંચાયતોએ નમૂનેદાર કામગીરી કરી છે પરંતુ આ તો માળખાકીય વાત છે. પણ હાર્દરૂપ બાબતમાં ગુજરાતનું પંચાયતી રાજ ક્યાં છે? સત્તાની વહેંચણી તેમજ સત્તાની વહેંચણી અંગે નવા ધારાએ અગાઉના કાયદા કરતાં કોઈ વિશેષ કામ કર્યું નથી. ૧૯૭૨માં શ્રી ઝીણાભાઈ દરજી સમિતિએ ગામની ન્યાયસમિતિને વધારે સક્રિય બનાવવા સૂચન કરેલું. તે અંગે કશું થયું નથી. નવા ધારામાં ગ્રામપંચાયતોને પૂરતી સત્તા આપી નથી. કાયદો હજુ કાગળ પર જ છે. આ કાયદાનો લાભ આદિવાસીઓને પૂરતા પ્રમાણમાં મળ્યો નથી. આ કાયદાનીજે થોડીઘણી શરૂઆત અમુક વિસ્તારોમાં થઈ છે કે જયાં સ્વૈચ્છિક સંસ્થાઓએ કાર્ય કરેલું છે. સાચા અર્થમાં ગ્રામસ્વરાજ લાવવું હોય તો પક્ષરહિત ગ્રામપંચાયત હોવી જોઈએ. પક્ષાપક્ષીને કારણે સરખું કાર્ય થતું નથી. તેમજ લોકોને બ્યુરોક્રેસીને કારણે બહુ ધક્કા ખાવા પડે છે. આદિવાસી માટેના કાયદાનું હાર્દ ભુરિયા સમિતિનો અહેવાલ છે. કેન્દ્ર સરકારે તેના પરથી નવો કાયદો બનાવ્યો અને રાજ્ય સરકારે કેન્દ્રના કાયદાના આધારે નવો ધારો બનાવ્યો. આદિવાસીઓની જીવનશૈલી અલગ છે તેથી તેમના માટે એક જુદો કાયદો બનાવવામાં આવ્યો છે. તેના અમલીકરણ માટે ગંભીરતાથી વિચારવું જોઈએ. આપણા રાજ્યની પરિસ્થિતિ મુજબ તેમાં જે અધિકારો આપવામાં આવ્યા છે તેને કાર્યાન્વિત કરવા હજુ ખાસ કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. નવા ધારાના અમલીકરણમાં કેટલીક મુશ્કેલીઓ છે જે નીચે મુજબ છે.

**અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનચમ-૧૯૯૮, ગુજરાત અમલીકરણમાં થનારી મુશ્કેલીઓ : ગ્રામસભા**

**કાયદાની કલમ**

૧. ગામમાં એક ગ્રામસભા હશે તે ગામનાં મતદારોની બનેલી હશે.

**અમલીકરણ અંગેની મુશ્કેલીઓ**

- આદિવાસી વિસ્તારોમાં જૂથ ગ્રામપંચાયત અસ્તિત્વ ધરાવે છે, એટલે કે એક પંચાયત વિસ્તારમાં એક કરતાં વધુ ગામો હોય છે તેની મર્યાદા ૩ થી ૫ ગામોની છે. કાયદામાં જણાવ્યા મુજબ ગામદીઠ ગામસભા ભરાશે, પરંતુ પંચાયત એક હશે તેથી સામુહીક નિર્ણય કઈ રીતે લેવાશે તે અંગે દ્વિધા છે. એક ગ્રામસભા એક નિર્ણય કરે અને બીજી ગ્રામસભાને તે મંજૂર ના હોય તો છેવટનો નિર્ણય કઈ રીતે કરવો તે એક મૂંઝવતો પ્રશ્ન છે.

**કાયદાની કલમ**

૨. ગ્રામસભાએ ગામનાં રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામુહીક સંસાધનો અને તકરાર પતાવાની રૂઢિગત રીતો સાંચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવાનો રહેશે.

**અમલીકરણની મુશ્કેલીઓ :**

- એક ગામમાં અનેક પરકારની જ્ઞાતિના લોકો વસે છે. દરેકને પોતાની આગવી ઓળખ અને રીતિરિવાજો છે. એક જ્ઞાતિનાં રીતરિવાજો મહદઅંશે મળતા આવે છે, પરંતુ ક્યારેક તે જુદા પણ હોય છે. વળી એક જ્ઞાતિનાં લોકો બીજી જ્ઞાતિનાં રિવાજો તથા પ્રસંગોને માનતા નથી. તેવી પરિસ્થિતિમાં એક ગ્રામસભા બધી જ્ઞાતિના પ્રણાલીઓ, રિવાજો, સાંસ્કૃતિક ઓળખ, સામુહિક સંસાધનોને કેવી રીતે સાચવશે તે એક યક્ષ પ્રશ્ન છે. ઉપરાંત, જો ગ્રામસભા જાળવવા પણ ઈચ્છે તો કઈ રીતે તે જાળવવી તે અંગે કોઈ ચોખવટ કે સત્તાની વાત કરવામાં આવી નથી.
- દરેક જ્ઞાતિમાં રીતિરિવાજો તથા સાંસ્કૃતિક ઓળખોમાં ખામીઓ પણ હોય છે. ગ્રામસભા આ ખામીઓ કઈ રીતે નક્કી કરીને દૂર કરી શકે તે અંગે ચોખવટ કરવામાં આવી નથી.
- ગ્રામસભાના કોરમમાં ઓછામાં ઓછી કેટલી સંખ્યા હાજર રહેશે તે અંગે કોઈ ચોખવટ નથી. તેથી, કોઈ સરપંચ તેના ઓળખીતા-પારખીતા પાંચ પચ્ચીસ વ્યક્તિઓને ભેગા કરી જણાવવીદે કે ગ્રામસભા થઈ ગઈ તો તે બધાએ માન્ય રાખવી પડે.

- હાલની મોટાભાગની ગ્રામસભા રાત્રે ભરાય છે, અને કોઈના ઘરે ભરાય છે. જેમાં મહિલાઓની હાજરી નહીવત છે.વળી કાયદામાં પણ મહિલાઓનીહાજરી અંગે કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી. આવી ગ્રામસભામાં મહિલાઓની સહભાગિતાનાં પ્રશ્ન વિશે શું ? જયારે ગ્રામસભાને મહત્વનાં નિર્ણયો કરવાની જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે તેમાં મહિલાઓની ભાગીદારી અત્યંત મહત્વની વાત છે.

- તકરારની પતાવટની જે રૂઢિગત રીતોની વાત છ તેમાં કયા પ્રકારની તકરારની વાત છે તેઅંગે ચોખવટ નથી. હાલમાં કેટલાક વિસ્તારમાં હત્યાનાં કિસ્સાઓ પણ જ્ઞાતિપંચ પાસે જતા હોય છે. તો શું કાયદાની આ કલમથી ગ્રામસભા આ પ્રકારનાં કોઈ પણ ઝઘડા ઉકેલી શકે ?

- સાંસ્કૃતિક પરંપરા, રીતિરિવાજો ગામનાં રહેવાસીઓની પ્રણાલિઓ અને રિવાજો વગેરે શબ્દોમાં કઈ કઈ બાબતો સમાવેશ થાય તે અંગે પણ વિવાદો પ્રર્વતે છે. તેથી તે અંગેની સ્પષ્ટતા જરૂરી છે. દા.ત. લગ્નપ્રસંગે દારૂ પીવાની પ્રથા આદિવાસી સમાજમાં પ્રવર્તે છે તો દારૂ પીવા અંગે કાયદામાં છૂટછાટ આપવી કે નહીં ?

**કાયદાની કલમ**

૩. ગ્રામસભાએ સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓને મંજૂરી આપવાની છે. એ પછી જ ગ્રામ પંચાયત તેનો અમલ કરશે.

**અમલીકરણ અંગેની મુશ્કેલીઓ**

- હાલમાં ગ્રામસભાને ખબર નથી હોતી કે ક્યા પ્રકારની સરકારી યોજનાઓ ઉપલબ્ધ છે. તેમાં કેવા પ્રકારનાં કામ થાય છે, લાભાર્થીઓને પસંદ કરવાના માપદંડ શું છે, તેની પૂરતી માહિતી વગર મંજૂરી આપવાની પ્રક્રિયા મુશ્કેલ બનશે. વળી, ગ્રામસભા મંજૂરી કઈ રીતે આપવી તે અંગે કોઈ ચોખવટ નથી. કોઈ યોજનામાં ગ્રામસભા મંજૂરી ના આપે અને તે જો થોડા ઘણા ફેરફારો સૂચવે તો શું તે ફેરફારો કરીને ગ્રામ પંચાયત તેનો અમલ કરી શકે ?

- હાલમાં સરકારી યોજનાઓ રાજ્ય સ્તરે નક્કી કરવામાં આવે છે. આ યોજનાઓ નક્કી કરવા માટે રાજ્ય સરકારને મદદ કરવા આદિવાસી આયોજન પંચ (ટ્રાઈબલ પ્લાનીંગ કમિશન) નિમાયું છે. આ ટ્રાઈબલ પ્લાનીંગ કમિશનમાં ગ્રામસભા કે ગ્રામ પંચાયતના પ્રતિનિધિત્વનું શું ? જયાં સુધી ગ્રામસભાને આયોજનનો હક આપવામં ના આવે ત્યાં સુધી મંજૂરી આપવાનો હક માત્ર કાગળ પરનો હક જ બની રહેશે.

- હાલમાં પ્રવર્તમાન સરકારી યોજનાઓમાં વનમજૂરોનો વેતનદર કે તેમના સ્થળાંતરના પ્રશ્નો શું ગ્રામસભા નિર્ણય લઈ શકે ?

**કાયદાની કલમ**

૪. ગામમાં ગરીબી નિવારણના કાર્યક્રમો અને બીજા કાર્યક્રમોનો લાભ કોને મળે તે નક્કી કરવાનું કામ ગ્રામસભા કરશે.

- લાભાર્થી યાદી નક્કી કરવાનાં માપદંડો ક્યાં હશે તથા યાદી કેવી રીતે નક્કી કરવી તે પ્રક્રિયા અંગે કોઈ ચોખવટ નથી. જો હાલની સ્થિતિ મુજબ રાજ્ય સરકાર આ ધારા ધોરણો નક્કી કરવાની હોય તો તેની જાણ ગ્રામસભાને કઈ રીતે કરશો ? જ્યારે ગ્રામપંચાયતની એક યાદી તૈયાર કરવાની હશે ત્યારે જે ગ્રામપંચાયતોમાં જૂથ ગ્રામપંચાયતો હશે, ત્યાં સામૂહિક નિર્ણય કઈ રીતે લેવો તે પણ પ્રશ્ન ઊભો થશે.

ઉપર મુજબની બધી જ જવાબદારીઓ નિભાવવાની હોય તો વારેઘડીએ ગ્રામસભા બોલાવવી વ્યવહારિક દ્રષ્ટિએ શક્ય છે ખરી ? ગ્રામસભાને સોંપાયેલ સત્તા, જવાબદારી અને કાર્યો જોતાં તો જણાય છે કે ગ્રામસભા ટૂંકા સમયગાળામાં નિયમિત ભરાતી રહે તે જરૂરી છે.

**અનામતો અને નિમણૂંક**

**કાયદાની કલમ**

૧. કોઈ પણ આદિવાસી વિસ્તારમાં ગ્રામપંચાયતમાં અનુસૂચિત આદિ જાતિઓ માટેની અનામત બેઠકોની સંખ્યા ગ્રામપંચાયની કુલ બેઠકોથી ઓછામાં ઓછી અડધી તો રહેશે.

**અમલીકરણમાં થતી મુશ્કેલીઓ :**

- હાલમાં અનુસૂચિત વિસ્તારો તરીકે ઘોષિત કરેલા આદિવાસી વિસ્તારોમાં અમુક વિસ્તારો એવા છે કે જ્યાં આદિવાસી વસ્તી નથી, અથવા તો ઓછી છે. ઉદા.સાબરકાંઠા જિલ્લામાં આવેલ ભિલોડા તાલુકાનું ટાકાટૂંકા ગામ છે તેમાં હાલમાં એક પણ આદિવાસી વસતી નથી અને પંચમહાલ જિલ્લાનુ દેવગઢ બારિયા ગામ છે જ્યાં ફક્ત ૩૮ ટકા વસ્તી આદિવાસીઓની છે તેવા સંજોગોમાં આદિવાસી માટેની અનામત બેઠક ભરવી શી રીતે ? ઉપરાંત, બિનઆદિવાસી વિસ્તારની ગ્રામપંચાયતોમાં આદિવાસીઓનું પ્રભુત્વ કેવી રીતે અસરકારક કાર્ય કરી શકશે ?

**કાયદાની કલમ**

૨. કોઈ પણ આદિવાસી વિસ્તારમાં તાલુકા પંચાયતમાં આદિવાસીઓ માટેની અનામત બેઠકોની સંખ્યા તાલુકા પંચાયતની કુલ બેઠકોની ઓછામાં ઓછી અડધી તો રહેશે જ.

**અમલીકરણમાં થનારી મુશ્કેલીઓ.**

- આ કલમમાં પણ નં.૧માં જણાવ્યા મુજબની સમસ્યા લાગુ પડે છે.

**કાયદાની કલમ**

૩. કોઈ પણ આદિવાસી વિસ્તારમાં જિલ્લા પંચાયતમાં આદિવાસીઓ માટેની અનામત બેઠકોની સંખ્યા જિલ્લા પંચાયતની કુલ બેઠકોથી ઓછામાં ઓછી અડધી તો રહેશે જ.

**અમલીકરણમાં થનારી મુશ્કેલી**

- હાલમાં કોઈ જિલ્લા અનુસૂચિત જિલ્લા તરીકે ઘોષિત થયેલા નથી તો જિલ્લાની ફરજો અને સત્તા અંગે શું ?

**કાયદાની કલમ**

૪. કોઈ કારણસર તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં કોઈ જ આદિવાસી સભ્ય ચૂંટાય નહીં તો રાજ્ય સરકાર જે તે પંચાયતમાં આદિવાસીઓની નિમણૂક કરશે. આવા નિમણૂક પામેલા સભ્યોની સંખ્યા જે તે પંચાયતનાં ચૂંટાયેલા કુલ સભ્યોના ૨૦મા ભાગથી વધવી જોઈએ નહીં.

**કાયદાની કલમ**

૫. રાજ્યના તમામ આદિવાસી વિસ્તારોની તમામ ગ્રામ પંચાયતોના સરપંચ ફક્ત આદિવાસી જ હશે.

**કાયદાની કલમ**

૬. રાજ્યના તમામ આદિવાસી વિસ્તારોની તમામ તાલુકા પંચાયતોના પ્રમુખ ફક્ત આદિવાસી જ હશે.

**કાયદાની કલમ**

૭. રાજ્યના તમામ આદિવાસી વિસ્તારોની તમામ જિલ્લા પંચાયતોના પ્રમુખ ફક્ત આદિવાસી જ હશે.

**ગૌણ વનપેદાશ**

**કાયદાની કલમ**

૧. આદિવાસી વિસ્તારમાં ગામની હકૂમતમાં આવેલા હોય તેવા વન વિસ્તારમાંથી મળતી ગૌણ વન પેદાશો ગ્રામપંચાયતમાં નિહીત થશે. તેમાં રાષ્ટ્રીયઉપવનો અને અભ્યારણ્યોના વિસ્તારો

સિવાયનાં વન વિસ્તારોનો જ સમાવેશ થાય છે. એટલે કે રાષ્ટ્રીય ઉપવનો અને અભયારણ્યોમાંથી મળતી ગૌણ વન પેદાશો ગ્રામપંચાયતમાં નિહિત થશે નહીં.

**અમલીકરણની મુશ્કેલીઓ**

- હાલમાં ગામની હકૂમતમાં કોઈ પણ વન આવેલું નથી. ગામની સામુદાયિક જમીન પણ વનવિસ્તારમાં આવતી નથી. પહેલાં જંગલખાતાની યોજના મુજબ જંગલખાતાએ વન વિકસાવીને (ગ્રામવન) ગામને તેની સાચવણી કરવા સોંપેલા છે. તો આ પ્રકારનાં જંગલવિસ્તાર અંગે શું ?
- ધારો કે કોઈ ગામમાં જંગલ હોય તો પંચાયત ગૌણ વન પેદાશ ખરીદશે પરંતુ તે ગૌણ વન પેદાશનો ભાવ કેવી રીતે નક્કી કરશે ? હાલમાં નિગમ આ વહીવટ સંભાળે છે તો નિગમનાં અસ્તિત્વનું શું ? ઉપરાંત, પંચાયત આ ગૌણ વન પેદાશોનું વેચાણ કેવી રીતે કરશે ? શું આ બધો વહીવટ કરવા માટે પંચાયત સક્ષમ છે ?

**કાયદાની કલમ**

૨. ગૌણ વન પેદાશોનાં વેચાણમાંથી થતી આવક ગામના ફંડમાં જમા થશે, એટલે કે તે આવક ગામનાં ફંડનો ભાગ બનશે.

**અમલીકરણની મુશ્કેલી**

- જો આ આવક ગામફંડનો ભાગ બનવાની હોય તો તે આવકનો ઉપયોગ કઈ રીતે કરવો તે એક પ્રશ્ન છે. ક્યારેક ગૌણ વનપેદાશની આવક પંચાયતના ફક્ત એક જ ગામનો કે એક જ ફળિયાનો હિસ્સા હોય ત્યારે ફંડની વહેંચણી કઈ રીતે કરવી ?
- વનવિસ્તારની જમીન ગ્રામપંચાયતમાં નિહિત થતી નથી. પરંતુ વનવિસ્તારની જમીનનો સર્વે નંબર જો ગ્રામપંચાયતની જમીનમાં પડતો હોય તો તેવી જમીનનું શું ?

**કાયદાની કલમ**

૪. અહીં ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯માં જેને ગૌણ વન પેદાશો ગણવામાં આવી છે તે ગૌણ વન પેદાશોનો સમાવેશ થાય છે. આ તમામ ગૌણ વન પેદાશો પર હવે ગ્રામ પંચાયતોની માલિકી પ્રસ્થાપિત થાય છે.

**અમલીકરણમાં થનારી મુશ્કેલીઓ**

ગૌણ વન પેદાશો પર ગ્રામપંચાયતની માલિકી પ્રસ્થાપિત થઈ છે પરંતુ તે પેદાશ જેમાંથી મળે છે તે વૃક્ષની માલિકી કોની રહેશે તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.

**અન્ય આર્થિક બાબતો**

**કાયદાની કલમ**

૧. કોઈ પણ વિકાસ પરિયોજના માટે કોઈ પણ જમીનનું સંપાદન જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ થાય તો સંપાદન પહેલા તાલુકા પંચાયત સાથે વિચાર વિનિમય કરવો.

**અમલીકરણમાં થનારી મુશ્કેલી**

- આ જોગવાઈમાં વિકાસ પરિયોજના શબ્દ વાપરેલો છે. તેનો બહોળો અર્થ થાય છે તેથી તે શબ્દ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે. તાલુકા પંચાયત જોડે કોણ વિચાર વિનિમય કરશે તથા વિચાર વિનિમયની પ્રક્રિયા લેખિત કે મૌખિક રહેશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

**કાયદાની કલમ**

૨. વિકાસ પરિયોજનાથી અસર પામેલી વ્યક્તિઓનું પુનઃસ્થાપન અથવા પુનઃવસવાટ પહેલાં તાલુકા પંચાયત સાથે વિચાર વિનિમય કરવો.

**અમલીકરણમાં થનારી મુશ્કેલીઓ**

- નં.૧માં જણાવેલી મુશ્કેલીઓ આ કલમ માટે પણ લાગુ પડશે.

**કાયદાની કલમ**

૩. ગ્રામપંચાયની ફરજોમાં નીચેની બાબતોનો ઉમેરો થાય છે :

અ. કેફી પદાર્થોના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ મૂકવો અને તેનું નિયમન અથવા નિયંત્રણ કરવું.

બ. જળાશયોનું આયોજન કરવુ અને તેમની વ્યવસ્થા કરવી.

ક. તમામ સામાજિક ક્ષેત્રોમાંની સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણ રાખવાની સત્તા.

**અમલીકરણની મુશ્કેલીઓ**

- કેફી પદાર્થો અંગે રાજ્ય સરકારે પણ કેટલાક ધારા-ધોરણો તથા કાયદા ઘડેલા છે તો રાજ્ય સરકારનાં કાયદા અને પંચાયતના કાયદા વચ્ચે સંકલન કઈ રીતે થઈ શકે તથા વિખવાદ વખતે છેવટની સત્તા કોની પાસે રહેશે ?

- કેટલાંક ગામોમાં સરકારની વોટરશેડ યોજના કાર્યરત છે. તે યોજના હેઠળ ગામમાં વોટરશેડ કમિટી બનાવવામાં આવે છે. આ કાયદા હેઠળ પંચાયતોને જો જળાશયોનાં આયોજન અને વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી તો પંચાયતો અને હાલની વોટરશેડ કમિટી વચ્ચે સંકલન કઈ રીતે થશે ? બીજું કે, હાલમાં જળાશયોને લગતાં કાર્યો વોટરશેડ કમિટી સંભાળે છે તો તે કાર્યો પંચાયત કાર્યોમાં નીહિત થશે કે કેમ ?

**કાયદાની કલમ**

૪. તાલુકા પંચાયતની ફરજોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

અ. સ્થાનિક યોજનાઓ અને આદિ જાતિ પેટા યોજનાઓ સહિતની યોજનાઓનાં સંસાધનો પર નિયંત્રણ રાખવું.

**અમલીકરણમાં થનારી મુશ્કેલી**

- હાલની રાજયમાં આદિજાતિ પેટા યોજના વિભાગ-ગુજરાત અસ્તિત્વમાં છે. તેઓ આદિવાસી વિસ્તાર માટે યોજનાઓ તૈયાર કરે છે. તો હાલની તાલુકા પંચાયત અને આદિ જાતિ પેટા યોજનાઓ વિભાગ વચ્ચે સંકલન કઈ રીતે થશે ?

**મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ - ૧૮૭૯**

**ગુજરાત પંચાયત (સુધારા) ધારો ૧૯૯૮ દ્વારા મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ - ૧૮૭૯માં ચાર સુધારા કરાયા છે. આ સુધારાના અર્થો નીચે મુજબ છે :**

૧. કોઈ આદિવાસીનું ખાતુ જિલ્લા પંચાયતની પૂર્વ મંજૂરી વિના કોઈ વ્યક્તિના નામે કરી શકાશે નહીં. અગાઉ આ સત્તા કલેકટરને હતી હવે એ જિલ્લા પંચાયતને આપવામાં આવી છે.

**અમલીકરણની મુશ્કેલી**

- હાલમાં એક પણ જિલ્લા પંચાયત અનુસૂચિત વિસ્તાર માટે ઘોષિત થયેલ નથી. તેથી આ સંજોગોમાં હાલમાં આ પ્રકારનાં નિર્ણયો કોણ લેશે તે અંગેની ચોખવટ કરવામાં આવેલ નથી.
- વળી, કેટલીક વાર આ પ્રકારના નિર્ણયો ઝડપી લેવા પડતા હોય છે. તેવા સંજોગોમાં જિલ્લા પંચાયતની મંજૂરી લેવી તે વિલંબમાં નાખનારી પ્રક્રિયા બની રહે છે.

**કાયદાની કલમ**

૨. ઠરાવવામાં આવે તે સંજોગોમાં અને ઠરાવવામાં આવે તે શરતોને આધીન રહીને જ આવા

ખાતાની તબદીલી માટેની પૂર્વ મંજૂરી જિલ્લા પંચાયત આપી શકશે.અગાઉ આ પૂર્વ મંજૂરી આપવાની સત્તા કલેકટરને હતી.

**અમલકરણમાં થનારી મુશ્કેલી**

- નં.૧માં લાગુ પડેલી સમસ્યા અહીંયા પણ લાગુ પડશે.
- આ કાર્ય કરવા માટે કોઈ સમય અને શરતો નક્કી કરવામાં આવેલાં નથી તો હાલમાં આ કાર્ય કઈ રીતે કરવું ?

**કાયદાની કલમ**

૩. કોઈ આદિવાસી તેના ખાતાનો કબજો જિલ્લા પંચાયતની પૂર્વ મંજૂરી વિના જ અન્ય કોઈપણ વ્યક્તિને નામે કરે તો એ ખાતું પાછું આદિવાસી કે તેના વારસને સોંપવા માટેની કાર્યવાહી કરવાની સત્તા અગાઉ કલેકટરને હતી તે હવે જિલ્લા પંચાયતને આપવામાં આવી છે.

**અમલીકરણની મુશ્કેલી**

- આ જોગવાઈમાં આ પ્રક્રિયા માટે કોઈ નિશ્ચિત સમય અને ધારાધોરણ નક્કી કરેલા નથી. વળી, આ પ્રક્રિયામાં બંને પાર્ટી (લેનાર અને વેચનાર)ની મંજૂરી અંગે કોઈ જોગવાઈ નથી.

**કાયદાની કલમ**

૪. કોઈ આદિવાસી તેનાં ખાતાનો કબજો અન્ય આદિવાસીને નામે કરે એવા શબ્દોને બદલે હવે કોઈ આદિવાસી તેના ખાતાનો કબજો કોઈ વ્યક્તિને નામે કરે એવા શબ્દો મૂકવામાં આવ્યા છે. એનો અર્થ એ થાય કે કોઈ આદિવાસી હવે આદિવાસી કે બિનઆદિવાસીના નામે ખાતાનો કબજો જિલ્લા પંચાયતની પૂર્વ મંજૂરી વિના તબદીલ કરી શકશે નહીં.

**અમલીકરણની મુશ્કેલી**

- જે જમીનો પહેલેથી વેચાઈ ગઈ તેનું શું ? શું આ કાયદો આ પ્રકારની જમીનને લાગુ પડે છે ? આ જોગવાઈ ફક્ત વ્યક્તિઓને લાગુ પડશે કે તે કંપનીઓ કે સરકારને પણ લાગુ પડશે.

  હાલમાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૭૯માં ૭૩-A-A માં જણાવ્યા મુજબ જોગવાઈ છે કે આદિવાસીઓ ફક્ત આદિવાસીઓને જ જમીન વેચી શકે તો આ કલમનું શું ? આ કિસ્સામાં કયો કાયદો સર્વોપરી ગણવો ?

**મુંબઈનો નાણાં ધિરધાર કરનારાઓ બાબતનોઅધિનિયમ - ૧૯૪૬**

**કાયદાની કલમ**

ગુજરા પંચાયત (સુધારા) ધારો, ૧૯૯૮ દ્વારા મુંબઈનો નાણાંની ધીરધાર કરનારાઓ બાબતનો અધિનિયમ-૧૯૪૬માં એક ફેરફાર કરાયો છે. આ ફેરફારનો અર્થ નીચે મુજબ છે:

૧. નાણાંની ધીરધાર કરનાર વ્યક્તિ રાજયનાં કોઈ પણ આદિવાસી વિસ્તારમાં રહેતા કોઈપણ આદિવાસીને તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી વિના નાણાં ધીરી શકશે નહી.

**અમલીકરણની મુશ્કેલી**

- ગામમાં રહેતા બિન આદિવાસીઓની જવાબદારી ગ્રામપંચાયત પાસે નથી.
- પૂર્વ મંજૂરી અંગે અને તેની પ્રક્રિયા વિશે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર છે. દા.ત. મંજૂરી લેખિત હોવી જોઈએ કે મૌખિક ?
- કોઈ આદિવાસીને તાત્કાલિત નાણાંની જરૂર પડે ત્યારે શું તે આદિવાસી પછીથી ગ્રામપંચાયતની મંજૂરી મેળવી શકે ?
- હાલમાં આદિવાસીને વિસ્તારમાં કેટલાંય ગામડાઓ એવાં છે જયાં શરાફ (નાણાં ધિરનાર) શહેરમાં રહે છે અથવા તો આદિવાસીઓ શહેરમાંથી નાણાં ઉછીના લાવે છે. તો આ સંજોગોમાં આ કલમનું પાલન કઈ રીતે થાય ?

**સારાંશ :**

વ્યવહારિક દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાતના આ કાયદામાં ગ્રામસભાને પૂરતી સત્તા આપવામાં આવેલ નથી. વ્યવહારિક દ્રષ્ટિએ પણ આ કાયદાનું પાલનમાં ઘણી મુશ્કેલીઓ છે, પરંતુ સાથે સાથે ગ્રામપંચાયતે ગ્રામસભા પાસેથી ફંડ ઉપયોગિતા સર્ટીફિકેટ મેળવવાનું રહેશે, તથા સરકારી યોજનાઓને મંજૂરી આપવાની રહેશે. આ બે જોગવાઈઓનું અમલ પણ વ્યવસ્થિત થાય તો પણ ગ્રામસ્તરે આપણી સ્વશાસનની પ્રક્રિયાને બળ મળે. ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન કેન્દ્રનાં શ્રી સિદ્ધરાજભાઈ સોલંકી જેવા કેટલાય વ્યક્તિઓનું માનવુ છે કે એકવાર લોકોમાં ગ્રામસભાનું મહત્વ સ્થાપિત થાય અને ગ્રામસભા નિર્ણય લેતી થાય તો વ્યવહારને લગતી મોટાભાગની સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ જશે. આવશ્યકતા છે પ્રક્રિયા ચાલુ કરવાની અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા છે. આ પ્રક્રિયાને વેગ આપવાની...

ક્ષેત્રકાર્ય દરમ્યાન દાહોદના તાલુકા વિકાસ અધિકારી શ્રી સી.એમ. ત્રિવેદીની મુલાકાત સમયે જાણવા મળ્યું કે આ વિસ્તારના આદિવાસીઓમાં તેમના અધિકારો પ્રત્યે જાગૃત નાગરિક અધિકાર પત્ર છપાવી લોકોમાં નવાધારાઓની જાગૃતિ વધારવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. કેટલાક અધિકારીઓ પણ નવા ધારાના અમલીકરણ માટે પ્રયત્નશીલ છે તેમ જણાય છે.

ક્ષેત્રકાર્ય દરમયાન સરપંચ તેમજ ગ્રામપંચાયતના સભ્યોને પૂછતાં જાણવા મળેલું કે ૩૩ ટકા અનામતને કારણે મહિલાઓ પહેલી વખત ચૂંટાઈને આવી. વહીવટી કાર્યમાં થોડી મુશ્કેલી પડે છે છતાં તે બીજા ગામના અનુભવી વ્યક્તિઓની તેમજ કેટલીક માહિલાઓ પોતાના પતિ અથવા સસરાની મદદથી વહીવટ ચલાવતી જણાય છે. જો કે આ કાર્ય માટે તેમને તાલીમ આપવાની જરૂર તો છે જ. કેટલીક મહિલા સરપંચો ઉત્સાહપૂર્વક અને સક્રિય રીતે કાર્ય કરતી હોય છે. મિટિંગોમાં ચર્ચા પણ કરે છે અને ગ્રામસભાઓમાં પણ ચર્ચા કરે છે. પરંતુ ગ્રામસભા બધી જગ્યાએ નિયમિત ભરાતી નથી અને કેટલાક ગામોમાં જેમકે ડાંગના સુબીર નામના ગામમાં મહિલા સભ્યે એવી માહિતી આપી કે સરપંચ તથા તલાટી અને અન્ય આગેવાનો તેમજ પુરુષ સભ્યો મિટિંગમાં બહેનોને બોલાવતા નથી. એટલે અમને કશી ખબર નથી એકલા મિટિંગ કરી લે છે. અમને કંઈ જાણ નથી હોતી.

કેટલામ ગામોના રસ્તાઓ પહેલાં કરતાં સારા થયા છે. તેમજ હેન્ડપંપો દ્વારા પાણીની સુવિધાઓ થઈ છે. ઉપરાંત ઈન્દિરા આવાસ યોજનાને લીધે લોકો પોતાના પાકા મકાનમાં સલામત રીતે રહી શકે છે. નવા ધારાના અમલીકરણથી આવા બધા ફેરફારો થવાથી લોકોમાં ગામનો વિકાસ કરવાની આશા જન્મી છે. એક ગામમાં તો લોકોએ પૈસા લીધા વગર જાતે મજુરી કરીને અમુક કામો કર્યા છે. એમાંય ગોકુળગામ યોજનાને લીધે ઘણા ગામડાઓનો વિકાસ થયો છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન એક ગામમાં સરપંચ તલાટી કે પંચાયતના સભ્યો મળ્યા નહિ. ગામલોકો મળ્યા તેમના ઘર પાસે ખેતરમાં લીલુછમ દેખાવાથી પુછયું કે દાહોદમાં દુષ્કાળની પરિસ્થિતિ હોય છે છતાં આ બધું લીલુંછમ કેમ છે ત્યારે માહિતી મળી કે (નાની લછેલી + વાંકીયામા- દાહોદ તાલુકો) આ ગોકુળગામ યોજનાવાળા ગામો છે એટલે તેમનો વિકાસ સારો કરી શકાયો છે. જો કે સ્વૈચ્છિક સંસ્થાના પ્રયત્નોને કારણે પણ સિંચાઈ વ્યવસ્થા થવાથી ગામનો વિકાસ થયો છે. (સદ્‌ગુરૂસેવા ટ્રસ્ટ) આ રીતે નવા ધારાના અમલીકરણને કારણે ગામનો તેમજ લોકોનો થોડોઘણો વિકાસ તો થયો જ છે. પરંતુ હજુ કેટલીક બાબતો જેવી કે ગૌણ વનપેદાશના વહીવટની સોંપણી જેવી બાબતોના અમલ હજુ નથી થયો. ડાંગ જિલ્લાના સુબીર ગામમાં તલાટી ક્ષેત્રકાર્ય દરમ્યાન મળ્યા હતા તે સમયે જણાવેલું કે

હજુ સમિતિ બનાવવાની છે અને પછી નિગમ પાસેથી જંગલની ગૌણ વનપેદાશોનો વહીવટ ગ્રામપંચાયતને સોંપવામાં આવશે. એટલે ટૂંકમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉત્તરદાતાઓ પાસેથી મળેલી માહિતી દ્વારા જણાય છે કે નવાધારાની કેટલીક બાબતોનું અમલીકરણ થયું છે અને કેટલીક બાબતોનું અમલીકરણ હજુ થયુ નથી એ માટે લોકોમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરવો સાથે અધિકારીઓએ પણ થોડો વધારે ચીવટ અને કાળજીથી આ કાર્યમાં સહકાર આપે જેથી નવા ધારાનું અમલીકરણ વેગીલુ બને.

ગ્રામસભા નિયમિત રીતે ભરાય અને વધુ સક્ષમ બને. ગ્રામસભાને સત્તા વધારે મળે લોકો પોતે ગામના વિકાસના કાર્યોમાં એકબીજાને મળી ચર્ચા કરી રસ લેતા થાય. સરપંચશ્રી તેમજ તલાટી લોકોના અનુકૂળ સ્થળે તથા અનુકૂળ સમયે ગ્રામસભા નિયમિત બોલાવે તો ગામનો વિકાસ થાય. જો કે આપણા નવા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી આ બાબતમાં ઘણા ઉત્સાહી જણાય છે. વારંવાર ગ્રામસભાને વધુ સક્ષમ બનાવવા પ્રયત્નો કરી રહ્યા છે. તે સમાચાર પત્ર દ્વારા આપણે જાણી શકીએ છીએ. ટૂંકમાં લોકોના પોતાના તેમજ સરકારના તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ અને કાર્યકરોના સહકારથી નવાધારાનું અમલીકરણ વધારે વેગવન્તુ બની શકશે તેવી આશા છે.

સમગ્ર અભ્યાસનું સમાપન કરતાં કહી શકાય કે અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ-૧૯૯૮ ગુજરાત એ આદિવાસીઓને સ્વશાસન તરફ લઈ જતો કાયદો છે. એ એક હકીકત છે. પરંતુ જયાં સુધી તે કાયદાનું પૂરેપૂરું અમલીકરણ ન થાય ત્યાં સુધી એ માત્ર એક આશાનું કિરણ જ છે. ગુજરાત રાજયના નવા મુખ્યમંત્રીશ્રી આ બાબતમાં ઘણા ઉત્સાહી છે. તેમણે દરેક ગામોમાં ગ્રામસભા ભરવાનું તેમજ તેમાં અધિકારીઓને હાજર રહેવાનો આદેશ આપેલો છે. તેથી લાગે છે કે હવે આ નવા ધારાનું પણ અમલીકરણ થોડું વધારે ઝડપી બનશે. અમલીકરણમાં આવનાર મુશ્કેલીઓ દૂર કરવા પણ વિચારવામાં આવશે તેવી આશા રાખીએ. કારણ તાજેતરમાં દેશભરની પંચાયતોના પ્રમુખોના સંમેલનમાં વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાયી તથા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધી બંનેએ પંચાયતીરાજ વ્યવસ્થાને વધારે સુદઢ કરવા પર ભાર મૂક્યો. દેશમાં પંચાયતીરાજ પ્રથાને સશક્ત બનાવવા માટે રાજીવ ગાંધીએ જે કાર્ય આદર્યું હતું તેને પૂર્ણ કરવા માટે અર્થાત પંચાયતોને વધુ નાણાંકીય અને વહીવટી સત્તા આપવા માટે જરૂર જણાય તો બંધારણમાં સુધારો કરવાની તૈયારી દર્શાવી છે. પંચાયતોને ઘણી જવાબદારીઓ સોંપાઈ છે. પરંતુ તેમની તિજોરીઓ ખાલી છે. તેમને પૂરતા નાણાં મળતા નથી. આ ઉપરાંત રાજય સરકારો પોતાની પાસે જે સત્તા છે તે પંચાયતોને આપવા તૈયાર નથી નથી. આ માટે બંધારણમાં જ કોઈ સ્પષ્ટ નિર્દેશ થાય તો રાજય સરકારોએ

પંચાયતોને વધુ સત્તા આપવી જ પડે. લોકતાંત્રિક વ્યવસ્થાને વધુ સાર્થક અને પ્રજાની સક્રિય ભાગીદારી બનાવવી હોય તો પંચાયતોને જ પોતાના વિકાસ માટેનું આયોજન કરવા તથા તે માટે નાણાંકીય સાધનો ઉભા કરવા તથા વહીવટ માટે સત્તા પ્રાપ્ત થવી જોઈએ તે વિશે બેમત નથી.

**નવા ધારાના અમલીકરણ અંગેના સૂચનો નીચે મુજબ છે.**

**અમલીકરણ અંગેના સૂચનો :**

(૧) અનુસૂચિત વિસ્તારની બહારનાં ગામોમાં પણ ગ્રામસભાઓને વધુ સત્તા અપાય તો જ પંચાયતોની લોકો પ્રત્યે જવાબદારી વધી શકે.

(૨) આદિવાસી વિસ્તારમાં જૂથ ગ્રામપંચાયતનાં બદલે ગામમાં આવેલા પાડા/મુવાડા/ફળિયાદીઠ ગ્રામપંચાયત હોવી જોઈએ અથવા તો કેરાલા રાજ્યમાં પંચાયત એકટમાં જણાવ્યા મુજબ ફળીયા/મુવાડા/ખડાને ગ્રામસભાનો દરજ્જો આપવામાં આવે. ગુજરાત પંચાયત ધારાની કલમ-૭ હેઠળ જરૂરી જાહેરનામા બહાર પાડવામાં આવે.

(૩) આદિવાસી સમાજ પોતે પણ એવું માને છે કે સારી-નરસી પ્રણાલિઓ વચ્ચે ભેદ પાડવા સંશોધન કર્યા પછી જ પરંપરાઓને કાયદામાં વણી લેવી જોઈએ. બધીજ માન્યતાઓ/રિવાજો/પરંપરા અપનાવવા યોગ્ય નથી. આદિવાસી પરંપરાઓ અંગે સંશોધન કરી અને આદિવાસી પ્રજાનો અભિપ્રાય શું છે તે જાણવા રાજ્ય સ્તરે વિવિધ કોમના અગ્રણી વિધ્વાનોની સમિતિ રચવી જોઈએ અને આ સમિતિની ભલામણોના આધારે કાયદામાં ચોક્કસ જોગવાઈઓ કરવી જોઈએ. તકરારનો મુદ્દો પણ આ સમિતિ દ્વારા તપાસાવો જોઈએ. મધ્યપ્રદેશમાં કાયદામાં જે વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ કાયદાકિય સત્તાઓ ગ્રામપંચાયતને આપી શકાય.

(૪) ગ્રામસભાને આ વિષય અંગે અસરકારક શિક્ષણ પુરૂં પાડવું જોઈએ તે માટે સ્થાનિક સ્તરે પ્રયત્નો શરૂ કરવા પડશે.

(૫) નૈસર્ગિક વનો (જેને વૈજ્ઞાનિક રીતે ઓળખવાની પદ્ધતિઓ છે) અને માનવ પ્રયત્નથી ઉભાં થયેલા વનો દ્વારા થયેલા ગ્રામવનો વચ્ચે ભેદ પાડવો જોઈએ અને ગ્રામવનોની જાળવણીની સત્તા, આવક વગેરે ગામને સોંપવા જોઈએ.

(૬) મોટા ગુનાઓ અંગેની સત્તા પોલીસ પાસે હોવી જોઈએ. પોલીસ તેમની કાર્યવાહી દરમ્યાન પંચાયતનો સહયોગ લે તેવી જોગવાઈઓ હોવી જોઈએ.

(૭) અનુસૂચિત વિસ્તાર (ગ્રામ, તાલુકા અને જિલ્લા) વસ્તીના ધોરણ મુજબ ઘોષિત કરવા જોઈએ. આ અંગે રાજ્ય સ્તરીય એક ઉચ્ચ કક્ષાની સમિતિ રચાવી જોઈએ. અપવાદરૂપ સંજોગોમાં રાજ્ય સરકાર પંચાયતધારાની જોગવાઈઓનો ઉપયોગ કરી આદિવાસી પંચાયતોને લાભ અપાવી શકે.

(૮) આદિવાસી વિસ્તાર માટેની યોજનાઓ તૈયાર કરવાની કમિટીમાં પંચાયતી રાજના પ્રતિનિધિઓને સ્થાન મળવું જોઈએ તથા યોજનાઓ એવી રીતે ઘડાવી જોઈએ કે જેથી કરીને પંચાયત તેમાં સ્થાનિક સ્તરને અનુલક્ષીને થોડા ઘણાં ફેરફાર કરી શકે.

(૯) અનુસૂચિત વિસ્તારમાં આવેલાં જળાશયોનાં મત્સ્યઉદ્યોગ પર પણ ફક્ત ત્યાંના રહેવાસીઓનો જ અંકુશ હોવો જોઈએ. રાજ્ય સ્તરની મત્સ્ય ઉછેર સંસ્થામાં પંચાયતોનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

(૧૦) પ્રત્યેક ગ્રામસભામાં પંચાયતોના પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ, સ્વયંસેવી સંસ્થાના કાર્યકરો હાજર રહે તેવી જોગવાઈ હોવી જોઈએ.

(૧૧) ગ્રામસભાની કાર્યવાહીનું વિડિયો રેકાર્ડીંગ થવું જોઈએ.

(૧૨) મધ્યપ્રદેશમાં ગ્રામસભામાં લોકો કંટાળી ન જાય તે માટે અમુક રમત રમતા ગામના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવે છે તેવું જાણવા મળ્યું છે. ગુજરાતમાં પણ આ પ્રયોગ અપનાવવા જેવો છે.

'ઉન્નતિ' દ્વારા પ્રકાશિત સાહિત્યમાંથી સાભાર સ્વીકાર.

## સંદર્ભસૂચિ

(૧) Geerge Mathew : Panchayati Raj, (From Legislation to movement) Concept Publishing company, New Delhi, (1994)

(૨) Institute of Social Sciences Research Team : Status of Panchayati Raj in the States of India, 1994. Concept Publishing Company, New Delhi, (1994)

(૩) ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ દ્વારા પ્રકાશિત પંચાયતીરાજ - ઓક્ટો, ૨૦૦૧, અંક-૭

(૪) ટી.યુ. મહેતા, રમેશ મ. શાહ, ગ્રામપંચાયતની ઘરદીવડી, ગુજરાત પંચાયતીરાજ વિકાસ સંગઠન (૧૯૯૫)

(૫) પશ્ચિમ ભારત પંચાયતીરાજ મંચનું ત્રિમાસિક મુખપત્ર - સરપંચના અંકો

(૬) સર્વોદય વિચારનું પાક્ષિક મુખપત્ર "સ્વરાજધર્મ", સપ્ટે., ૨૦૦૧, અંક.૧૪

(૭) "ભૂમિ પુત્ર"નો ગ્રામસ્વરાજ્ય વિશેષાંક તા.૧૬-૧૧-૯૫ (અંક-૫)

(૮) પંચાયત સંદર્ભકેન્દ્ર ઉન્નતિ દ્વારા પ્રકાશિત, પંચાયત જગતના અંકો.

(૯) "વિચાર" ઉન્નતિ શિક્ષણ સંસ્થા દ્વારા પ્રકાશિત

(૧૦) ગ્રામવિકાસ મંત્રાલય ભારત સરકાર જાન્યુઆરી, ૧૯૯૫ આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ અંગે ભુરિયા સમિતિનો અહેવાલ પ્રકાશક "દિશા", (૧૯૯૭-૯૮)